પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ શનિવાર

૨૪ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬ ● ભાદરવા વદ અગિયારસ સંવત ૨૦૮૦

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૬૭ |
| પાઉન્ડ | ૧૧૨.૧૪ |
| યુરો | ૯૩.૫૬ |
| સઉદી રિયાલ | ૨૨.૩૧ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૮,૦૯૦ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૬૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# વકફ સુધારા ખરડો પાછો ખેંચો : મહારાષ્ટ્રના મુસ્લિમોની JPC સમક્ષ જોરદાર માગણી

(એજન્સી) મુંબઈ, તા.૨૭

મહારાષ્ટ્ર મુસ્લિમ ફેડરેશનનું એક પ્રતિનિધિ મંડળ મુંબઈ ખાતે જેપીસીને મળ્યું હતું અને સૂચિત વકફ સુધારા ખરડો ૨૦૨૪ પાછો ખેંચી લેવાની માગણી કરી હતી. જેપીસીને એક આવેદનપત્ર આપીને તેમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, આ સુધારા ખરડો ગેરબંધારણીય છે અને મુસ્લિમ સમાજના હિતોની વિરુદ્ધ છે. મુંબઈની સાંતાક્રુઝમાં આવેલી તાજ હોટેલ ખાતે મુસ્લિમ ફેડરેશનનું એક ડેલિગેશન જેપીસીને મળ્યું હતું અને એવી રજૂઆત કરી હતી કે, વિવાદાસપદ ખરડા સામે મુસ્લિમ સમાજમાં વ્યાપક પણે વિરોધ ઊભો થયો છે. જેપીસીએ સૂચનો મંગાવતા જ દેશભરમાંથી ૫.૫ કરોડ મુસ્લિમોએ ખરડાનો વિરોધ કરતા ઈ-મેઈલ મોકલ્યા છે અને સૂચનો પણ મોકલ્યા છે ઉપરાંત હાથે લખેલા અને ટાઈપ કરેલા અનેક પત્રો પણ ટપાલ તથા કુરિયર મારફત મોકલવામાં આવ્યા છે જેમાં મુસ્લિમ સમાજે ખરડાનો જોરદાર વિરોધ કર્યો છે. ૫.૫ કરોડ મુસ્લિમ વિરોધ રૂપે સંદેશા મોકલે તેનો અર્થ એ થયો કે, ભારતમાં રહેતા મુસ્લિમોની કુલ વસ્તીના ત્રીજા ભાગના મુસ્લિમોએ તેમનો અવાજ ખરડાની વિરુદ્ધ આપ્યું છે અને ખરડો પાછો ખેંચી લેવાની વ્યાપક માગણી કરી છે. ડેલિગેશને એવી પણ રજૂઆત કરી હતી કે, ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા અને જેમની પાસે સ્માર્ટફોન નથી એવા મુસ્લિમોએ પણ ખરડાનો વિરોધ કર્યો છે પણ તેઓ ઈ-મેઈલ મોકલી શક્યા નથી. સોશિયલ મીડિયામાં ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે કે, જો કોઈ એવી જમીન પર વકફ બોર્ડ દાવો કરે તો સરકાર બોર્ડ અને તે જમીન આપવા બંધાયેલી છે પણ વાસ્તવિકતા એ છે કે, વકફની હજારો એકર જમીન પર ગેરકાયદે દબાણો થઈ ગયા છે દબાણ કરનારામાં કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ જવાબદાર છે અને આ જમીનો પાછી લેવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. ડેલિગેશને ચેતવણી આપી હતી કે, જો ખરડો પસાર થશે તો કબજે કરાયેલી એ તમામ જમીનો વકફ બોર્ડના નિયંત્રણ હેઠેથી ચાલી જશે. એ હકીકત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે૪ અત્યારે વકફના જેટલા મામલા છે એ તમામ ચલાવવા માટે બહુસ્તરીય ન્યાયતંત્ર વ્યવસ્થા મોજુદ છે એટલે વકફ ટ્રિબ્યુનલમાંથી હાઈકોર્ટમાં અને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની છૂટ છે પણ જો આ સૂચિત સુધારો ધરાવતો ખરડો પસાર થયો તો અદાલતમાં રહેલા આ તમામ મામલા જિલ્લા કલેક્ટર પાસે જ જશે અને એ બધાને ખબર છે કે, જિલ્લા કલેક્ટર સરકારના હિતોની વિરુદ્ધ નિર્ણય લેવાની સ્વતંત્રતા ધરાવતા નથી. વકફના બોર્ડમાં બિન મુસ્લિમોને સભ્ય બનાવવાની જોગવાઈનો પણ ડેલિગેશનને સખત વિરોધ કર્યો હતો અને મુસ્લિમ સીઈઓની જોગવાઈ અને જરૂરિયાત રદ કરવાની જોગવાઈનો પણ જોરદાર વિરોધ કર્યો હતો તેમણે ચિંતા વ્યક્ત કરી હતી કે, સૂચિત સુધારો એ કબજાગ્રસ્ત વખત જમીનો સરકાર હસ્તક લઈ લેવાના માર્ગને આસાન કરી દે છે અને આ જોગવાઈ મુસ્લિમ સમાજને બિલકુલ સ્વીકાર્ય નથી. મુસ્લિમોના બોર્ડ એ કોઈ જાહેર મિલકતો નથી પણ સખાવત માટે તેમજ મુસ્લિમ ઉત્કર્ષના હેતુઓ માટે અલ્લાહને સુપ્રત કરવામાં આવેલી ખાનગી મિલકતો છે જે ખુદાની રાહમાં વકફ કરી દેવામાં આવી છે. સુધારા ખરડો તાકીદે પાછો ખેંચી લેવા ડેલિગેશનના સભ્યોએ સરકારને અનુરોધ કર્યો છે. મુસ્લિમ સમાજનું ખરેખર પ્રતિનિધિત્વ કરતી હોય એવી પાયારૂપ સંસ્થાઓ સાથે વિચાર વિમર્શ કરવા તેમણે જેપીસી અનુરોધ કર્યો હતો અને લાલબત્તી ધરી હતી કે, કાગળ પરની સંસ્થાઓ પણ જેપીસી સમક્ષ આવી શકે છે એ ન થવું જોઈએ. પ્રતિનિધિ મંડળે આશા વ્યક્ત કરી હતી કે, સુધારા ખરડા અંગેની મુસ્લિમોની લાગણીઓ જેપીસી સરકાર સુધી પહોંચાડશે અને ખરડો પાછો ખેંચી લેવાની ભલામણ કરશે. તેમણે ચેતવણી આપી હતી કે, જો બળજબરીથી ખરડો પસાર કરાશે તો મુસ્લિમ સમાજ બંધારણીય માર્ગે તેનો ઉગ્ર વિરોધ કરશે. ઓલ ઈન્ડિયા ઉલેમા કાઉન્સિલના મહામંત્રી મૌલાના મહમૂદ અહેમદ ખાન દરિયાબાદી, મહારાષ્ટ્ર જમાતે ઈસ્લામી હિન્દના પ્રમુખ મૌલાના ઈલિયાસ ખાન ફલાહી, અંજુમને ઈસ્લામના પ્રમુખ ડોક્ટર ઝહીર કાઝી, મુંબઈ શાંતિ સમિતિના પ્રમુખ ફરીદ શેખ, જેઆઈએચ મહારાષ્ટ્ર વકફ સેલના મંત્રી મૌલાના ફહીમ ફલાહી, શાંતિ અને ન્યાય માટેની ચળવળના પ્રમુખ મોહમ્મદ સિરાજ, શિયા મૌલવી આલીમ આગા રૂહ ઝફર, જમાતે ઈસ્લામી હિન્દ મુંબઈના મંત્રી એડવોકેટ મોબીન અહેમદ, મુંબઈના શિક્ષણ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શાકિર શેખ, સલીમ મોટરવાલા, અફઝર ઉસ્માની તથા મેમણ સમાજના હાફિઝ ઈકબાલ ચુનાવાલા તેમજ અન્ય મહાનુભાવો ડેલિગેશનમાં જોડાયા હતા. તેઓ જેપીસીના ચેરમેન જગદંબિકા પાલ તથા અન્ય સભ્યોને મળ્યા હતા.




**મહારાષ્ટ્રના મુસ્લિમ ફેડરેશનનું પ્રતિનિધિ મંડળ સંસદીય સમિતિને મળ્યું અને આવેદનપત્ર આપી રજૂઆત કરી કે, સૂચિત સુધારા ખરડો ગેરબંધારણીય છે અને મુસ્લિમ સમાજના હિતોની વિરુદ્ધ છે**

CELEBRATING EXCELLENCE 34 years GT

# પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે EDની સત્તાઓ મર્યાદિત કરી : નિર્ધારિત ગુના વિના PMLA હેઠળ કોઈ ધરપકડ નહીં

**જુલાઈમાં EDએ ગેરકાયદેસર ખાણકામ અને EPA ઉલ્લંઘનના આરોપમાં કોંગ્રેસના ધારાસભ્ય સુરેન્દ્ર પંવારની ધરપકડ કરી હતી, હાઈકોર્ટે સોમવારે તેની ધરપકડને રદબાતલ કરી અને કહ્યું કે, આ PMLA હેઠળ સુનિશ્ચિત ગુનો નથી**



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે જણાવ્યું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા હરિયાણાના સોનીપતના કોંગ્રેસના ધારાસભ્ય સુરેન્દ્ર પંવાર સામે મની લોન્ડ્રિંગના આરોપો પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રિંગ એક્ટ (PMLA) હેઠળ સુનિશ્ચિત ગુના તરીકે સૂચિબદ્ધ નથી. સોમવારે મની લોન્ડ્રિંગ વિરોધી કાયદા હેઠળ પંવારની ધરપકડને રદ કરતી વખતે હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જ્યાં સુધી આરોપીઓની સંડોવણીને સાબિત કરવા માટે 'સામગ્રી અને પુરાવા' ન હોય ત્યાં સુધી PMLA હેઠળ કોઈ ધરપકડ થઈ શકે નહીં. આ નિર્ણય ધરપકડ કરવાની EDની સત્તાઓ પર અંકુશ મૂકે છે. PMLAએ મની લોન્ડ્રિંગને રોકવા માટેનો એક કડક કાયદો છે પરંતુ આ કાયદા હેઠળ સુનિશ્ચિત ગુનાઓ તરીકે વર્ણવવામાં આવેલા ગુનાઓની શ્રેણી પર આધારિત છે. આ કાયદો EDને PMLAમાં ઉલ્લેખિત કોઈપણ સુનિશ્ચિત અથવા અનુમાનિત ગુનાઓ અને ગુનાની આવકની તપાસ કરવા માટે અધિકૃત કરે છે. ભારતના ચૂંટણી પંચે હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી તેના ૧૦ દિવસ પહેલા સુરેન્દ્ર પંવારની આ વર્ષે ૨૦ જુલાઈએ ધરપકડ કરવામાં આવી હતી. EDએ આરોપ મૂક્યો હતો કે, પંવાર એ કંપનીનું નેતૃત્વ કરે છે, જેણે સિન્ડિકેટના ભાગરૂપે હરિયાણાના યમુના નગરમાં ૨૦૧૬ અને ૨૦૨૨ની વચ્ચે ગેરકાયદેસર ખાણકામમાં સંડોવાયેલ છે. આ ઉપરાંત EDએ તેના પર PMLA હેઠળ પ્રિડિકેટ અપરાધ તરીકે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ (EPA)ની કલમ ૧૫ અને ૧૬ સાથે આરોપ મૂક્યો હતો. જો કે, હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે, જ્યારે PMLA ગેરકાયદેસર ખાણકામને સુનિશ્ચિત ગુના તરીકે સૂચિબદ્ધ કરતું નથી, ત્યારે ઓગસ્ટ ૨૦૨૩માં જન વિશ્વાસ બિલ દ્વારા EPA ઉલ્લંઘનને પૂર્વનિર્ધારિત ગુના તરીકે દૂર કરવામાં આવ્યા હતા. આ બંને PMLA હેઠળ પૂર્વાનુમાન અપરાધ તરીકે સૂચિબદ્ધ ન હોવાથી ન્યાયમૂર્તિ મહાબીરસિંહ સિદ્ધુએ પંવારની ધરપકડને 'ગેરકાયદેસર' ગણાવી હતી. હાઈકોર્ટે સુરેન્દ્ર પંવાર સામેની પીએમએલએની ફરિયાદને રદ કરી ન હતી કારણ કે, ધારાસભ્યએ ફરિયાદને પડકારી ન હતી. જસ્ટિસ સિદ્ધુએ અભિપ્રાય આપ્યો હતો કે, સુરેન્દ્ર પંવારની ધરપકડ કરવા માટે સામગ્રી અપૂરતી હતી, તેમણે EDની ફરિયાદની યોગ્યતાઓ પર સ્વતંત્ર તારણો આપવા માટે તેને અંબાલાની વિશેષ PMLA કોર્ટ પર છોડી દીધું હતું. તેના આદેશમાં હાઈકોર્ટે પંવારની ૧૪ કલાક અને ૪૦ મિનિટ સુધી પૂછપરછ કરવા બદલ EDને ઠપકો આપ્યો હતો અને કહ્યું હતું કે, તે એજન્સીનું અયોગ્ય કૃત્ય છે. સતત પૂછપરછને 'માણસની ગરિમાની વિરુદ્ધ' ગણાવતા HCએ EDને સલાહ આપી કે, તેઓ ઉપચારાત્મક પગલાં લેશે. ૧૪ કલાક અને ૪૦ મિનિટની 'સતત' પૂછપરછ પછી EDની ગુરૂગ્રામ ઝોનલ ઓફિસે આ વર્ષે ૨૦ જુલાઈના રોજ સુરેન્દ્ર પંવારની ધરપકડ કરી હતી. કોંગ્રેસના ધારાસભ્યને બે વખત EDની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા - એક વખત ૨૦ જુલાઈએ અને પછી ૨૯મીએ અને કુલ ૧૨ દિવસના રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. EDએ DSPL અને વધુ બે કંપનીઓ સામે ખાણકામની કામગીરી દરમિયાન પર્યાવરણીય ધોરણોના કથિત ઉલ્લંઘન બદલ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)ના અવલોકનનો ઉલ્લેખ કર્યો હતો અને પ્રક્રિયાગત અનિયમિતતા બદલ NGTએ તેમના પર દંડ ફટકાર્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, સુરેન્દ્ર પંવારનો પરિવાર DSPLમાં ૩૨ ટકા શેરધારક હોવાથી અને GM કંપનીના ખાતાઓ તેમના નામે જ રહ્યા હોવાથી પંવાર અપરાધની આવકનો લાભાર્થી હતો, જે આશરે રૂા.૨૬ કરોડ છે. કોંગ્રેસ ધારાસભ્યએ તેમની સામે અંબાલામાં સ્પેશિયલ પીએમએલએ કોર્ટ દ્વારા આદેશ કરાયેલા બે પોલીસ રિમાન્ડ સામેની ઘોષણા સાથે તેમની ધરપકડને રદ કરવાની માંગ કરી હતી. પંવારે જણાવ્યું હતું કે, ED ફરિયાદ માટે આધાર બનાવનાર આઠ FIR અને ED ફરિયાદ પછી મની લોન્ડ્રિંગના આરોપો માટે અરજી કરનાર નવમી FIRમાં તેમનું નામ નથી. તેણે કથિત ગેરકાયદેસર ખાણકામની કામગીરી અને EPA ઉલ્લંઘનમાં તેની સંડોવણીનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે, ED તેના રિમાન્ડની માંગ કરતી વખતે કામગીરીમાં કોઈ ભૂમિકા દર્શાવવામાં નિષ્ફળ રહી હતી. તેમણે એજન્સી પર 'પિક-એન્ડ-ચૂઝ નીતિ' અપનાવવાનો આરોપ મૂક્યો હતો.

તેમની દલીલ એવી પણ હતી કે, પીએમએલએ હેઠળ ધરપકડ ફરજિયાત નથી. પંવારે દાવો કર્યો હતો કે, તેમની સામે કોઈ નક્કર પુરાવા ન હોવા છતાં જ્યારે પણ બોલાવવામાં આવ્યો ત્યારે તેઓ હાજર થયા અને એજન્સીને સહકાર આપ્યો છે. આ ધરપકડ તેમને આગામી રાજ્યની ચૂંટણીઓમાં પ્રચાર કરતા અટકાવવા માટે હતી. EDએ ધરપકડ અને રિમાન્ડના આદેશની ન્યાયિક સમીક્ષા કરવાની HCની સત્તાને પડકારીને પંવારની અરજીનો વિરોધ કર્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, પંવાર અને સહ-આરોપીઓ વચ્ચે સાંઠગાંઠ દર્શાવવા માટે પૂરતી સામગ્રી હતી. સુરેન્દ્ર પંવારની ધરપકડની કાયદેસરતાની સમીક્ષા ન કરી શકે તેવા EDના અભિપ્રાયને નકારી કાઢતાં HCએ નોંધ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્ય પ્રથમ આઠ FIRમાં આરોપી ન હતા અને ન તો નવમીમાં હતા. કોર્ટે કંપની બાબતોના મંત્રાલય (MCA)ની વેબસાઈટ પરની માહિતી જોઈને બતાવ્યું કે, નવેમ્બર ૨૦૧૩માં પંવારે DSPLના ડિરેક્ટર તરીકે કામ કરવાનું બંધ કરી દીધું હતું. કારણ કે, તે જાહેર દસ્તાવેજમાં ખુલાસો હતો, તેથી HCએ તેને સ્વીકાર્ય પુરાવા તરીકે ગણ્યો છે. DSPL પર NGTના દંડ પર HCએ કહ્યું કે, તે PMLA હેઠળ પંવારને જવાબદાર રાખવાના NGTના પગલાનું અર્થઘટન કરી શકતું નથી. દંડની રકમના ૬૦ ટકાની ચૂકવણીને આધીન SCએ NGTના પગલા પર રોક લગાવી હતી. ED કંપનીના અસ્તિત્વ અથવા કાયદા હેઠળ તેની કામગીરીને સાબિત કરી શક્યું નથી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, પ્રાથમિક દૃષ્ટિએ તેના પર ગુનાની આવકના લાભાર્થી હોવા અંગે કાર્યવાહી કરી શકાતી નથી. વધુમાં ફેબ્રુઆરીમાં HCની કો-ઓર્ડિનેટ બેન્ચે આ જ કેસમાં પંવારના બે સહ-આરોપીઓની ધરપકડને રદ કરી હતી. તમિલનાડુ એક એવું રાજ્ય છે જ્યાં EDએ સ્થાનિક પોલીસ દ્વારા નોંધાયેલા ફોજદારી કેસોના આધારે તપાસ શરૂ કરી છે અને રાજ્યના વરિષ્ઠ અમલદારોને પૂછપરછ માટે બોલાવ્યા છે. તમિલનાડુ સરકારના પડકાર પર મદ્રાસ હાઈકોર્ટે આ વર્ષે જુલાઈમાં EDની તપાસને અટકાવી દીધી હતી અને નિરીક્ષણ કર્યું હતું કે, PMLAએ ગેરકાયદેસર રેતી ખનનને સૂચિત ગુના તરીકે સૂચિબદ્ધ કર્યું નથી. જો કે, SCના હસ્તક્ષેપ પછી તમિલનાડુ સરકારે પાછળથી ED દ્વારા માંગવામાં આવેલા દસ્તાવેજો પૂરા પાડ્યા. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે ઓગસ્ટમાં EDની અરજીનો નિકાલ કર્યો હતો. ઝારખંડના પૂર્વ મુખ્યપ્રધાન હેમંત સોરેન સામે EDની તપાસ પણ ગેરકાયદેસર પથ્થરની ખાણના આરોપો સાથે સંકળાયેલી છે.

# શાળાની સમૃદ્ધિ માટે બલિદાન તરીકે યુપીમાં ૧૧ વર્ષના છોકરાની હત્યા; માલિક, આચાર્ય સહિત પાંચની ધરપકડ

(એજન્સી) આગ્રા, તા.૨૭

ઉત્તર પ્રદેશના હાથરસમાં તેની શાળાના માલિકો દ્વારા શાળાને વધુ સમૃદ્ધ બનાવવા માટે કરવામાં આવતી કથિત બલિદાન વિધિના ભાગરૂપે ૧૧ વર્ષના બાળકની હત્યા કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, શાળાના માલિક અને ડિરેક્ટર ઉપરાંત આચાર્ય અને બે શિક્ષકોની પણ ઘટનામાં કથિત સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે બીજા ધોરણના વિદ્યાર્થીના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે તેનું ગળું દબાવવામાં આવ્યું હતું. DL પબ્લિક સ્કૂલના માલિક જસોધન સિંહ, જેઓ 'તાંત્રિક વિધિઓ'માં માનતા હોવાનું કહેવાય છે, તેમણે તેમના પુત્ર દિનેશ બઘેલ, શાળાના ડિરેક્ટરને શાળા અને તેના પરિવારની સમૃદ્ધિ માટે એક બાળકનું બલિદાન આપવા કહ્યું.

આચાર્ય લક્ષ્મણ સિંહ અને બે શિક્ષકો રામપ્રકાશ સોલંકી અને વીરપાલ સિંહને પણ પોલીસે પકડી લીધા છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૩ (૧) હેઠળ તેમાંથી પાંચ વિરૂદ્ધ FIR દાખલ કરી છે અને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે. હાથરસના અધિક પોલીસ અધિક્ષક (એએસપી) અશોક કુમાર સિંહે મીડિયાને જણાવ્યું હતું કે, "વિદ્યાર્થીની ઓળખ ડીએલ પબ્લિક સ્કૂલના બીજા ધોરણમાં અભ્યાસ કરતા કૃતાર્થ (૧૧) તરીકે થઈ છે. સિંઘે ઉમેર્યું કે,"૨૩ સપ્ટેમ્બરના રોજ, શિક્ષક રામપ્રકાશ સોલંકી, દિનેશ બઘેલ અને શાળાના માલિક જશોધન સિંહ દ્વારા વિદ્યાર્થીનું શાળાની છાત્રાલયમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. જશોધન સિંહ 'તંત્ર' પ્રથામાં માને છે અને તેમના પુત્રને શાળા અને તેના પરિવારની સમૃદ્ધિ માટે બાળકનું બલિદાન આપવા કહ્યું હતું. અધિકારીએ જણાવ્યું કે, તેઓ વિદ્યાર્થીને બલિદાન માટે એકાંત સ્થળે લઈ ગયા પરંતુ વિદ્યાર્થી જાગી ગયો અને રડવા લાગ્યો. તેમણે કહ્યું,"તે પછી તેનું ગળું દબાવવામાં આવ્યું હતું. અન્ય શિક્ષક વીરપાલ સિંહ અને શાળાના આચાર્ય લક્ષ્મણ સિંહ પણ સ્થળ પર હાજર હતા અને સ્થળની સુરક્ષા કરી રહ્યા હતા. પોલીસે વધુમાં જણાવ્યું હતું કે આરોપીએ બાળકના માતા-પિતાને કહ્યું હતું કે કૃતાર્થની તબિયત સારી નથી અને તેને બઘેલની કારમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યો હતો. જોકે બાળકના પરિવારજનોએ કાર રોકી હતી અને કૃતાર્થના મૃત્યુ અંગે પોલીસને જાણ કરી હતી. એએસપીએ જણાવ્યું હતું કે, "પોલીસ તપાસમાં આરોપીએ પોલીસને જાણ કરી કે વિદ્યાર્થીની હત્યા શાળા અને માલિકના પરિવારની સમૃદ્ધિ માટે 'બલિદાન' માટે કરવામાં આવી હતી.

**'તંત્ર' પ્રથામાં માનતા શિક્ષકો અને શાળા માલિક દ્વારા છાત્રાલયમાંથી બીજા ધોરણના વિદ્યાર્થીનું અપહરણ કરવામાં આવ્યું હતું**

**ક્યા બાત હૈ ?!**

**રામદાસનો મેઈલ છે ! કહે છે તરત શિવમંદિરે આવી જાવ ! અહીં ભક્તોની ભારે ભીડ છે !**



\- જામી

# અબ્દુલ કલામની સરખામણી ઓસામા બિન લાદેન સાથે કરતા શરદ પવારની પાર્ટીના નેતાની પત્નીએ છેડ્યો વિવાદ

(એજન્સી) તા.૨૭

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી- શરદચંદ્ર પવાર (NCP-SP)ના નેતા જિતેન્દ્ર આવ્હાડની પત્ની રીટા આવ્હાડે આતંકવાદી ઓસામા બિન લાદેનની તુલના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામ સાથે કરી છે. રીટા અવહાડ ગુરૂવારે થાણેમાં એક કાર્યક્રમમાં પહોંચ્યા હતા. ત્યાં તેમણે શિક્ષણના મહત્ત્વ પર એક ભાષણમાં વિદ્યાર્થીઓને કહ્યું કે દરેક વ્યક્તિએ લાદેનની બાયોગ્રાફી વાંચવી જોઈએ, જેથી તેઓ સમજી શકે કે તે કેવી રીતે આતંકવાદી બન્યો. આવ્હાડે કહ્યું, 'જેમ અબ્દુલ કલામ રાષ્ટ્રપતિ બન્યા, તેવી જ રીતે લાદેન આતંકવાદી બન્યો. લાદેન તેની માતાના ગર્ભમાંથી આતંકવાદી જન્મ્યો ન હતો. સમાજે તેને આતંકવાદી બનવા મજબૂર કર્યો. આવ્હાડ અને NCP-SPની ટીકા કરી હતી. બીજેપી પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ X પર લખ્યું, 'NCP શરદ પવાર જૂથના નેતા જિતેન્દ્ર આવ્હાડની પત્ની ઓસામા બિન લાદેનના વખાણ કરે છે. તેમની સરખામણી એપીજે અબ્દુલ કલામ સાથે કરે છે. જિતેન્દ્ર આવ્હાડે ઈશરત જહાં (લશ્કર-એ-તૈયબાના આતંકવાદી)નો બચાવ કર્યો હતો. INDI જોડાણમાં સામેલ પાર્ટીના નેતાઓએ પણ યાકુબ, અફઝલ, સિમી, કસાબ અને અન્યનો બચાવ કર્યો છે. રાજકીય આલોચના વચ્ચે રીટા આવ્હાડે પોતાના નિવેદન પર સ્પષ્ટતા કરી છે. રીટાએ એક વીડિયો સંદેશમાં જણાવ્યું હતું કે, "વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અને તેમને શિક્ષણનું મહત્ત્વ સમજાવવા માટે મેં બે અલગ-અલગ વ્યક્તિત્વના બે ઉદાહરણો આપ્યા, પરંતુ મારા નિવેદનને વિકૃત કરવામાં આવ્યું. રીટાએ આગળ કહ્યું, 'મારી સામે યુવાનો બેઠા હતા. મેં તેને કહ્યું કે મોબાઈલ ફોન છોડીને અબ્દુલ કલામના પુસ્તકો વાંચો. મેં તેને કહ્યું કે ઓસામા બિન લાદેન આતંકવાદી કેમ બન્યો તે પણ વાંચો. રીટાએ કહ્યું, 'જ્યારે આપણે રામાયણ વાંચીએ છીએ ત્યારે રાવણ વિશે પણ વાંચીએ છીએ. તે ત્યાં હતો અને તેથી રામાયણ થયું. મેં કહ્યું કે આપણે આપણું જીવન કેવી રીતે બનાવવું છે તે આપણા હાથમાં છે. જો કે, મારૂં નિવેદન સંપૂર્ણ દર્શાવવામાં આવ્યું ન હતું.



# હરિયાણામાં ભાજપે બેકારીની મહામારી ફેલાવી દીધી છે અને યુવાનોના જીવન બરબાદ કર્યા છે : પ્રિયંકા ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

કોંગ્રેસનાં નેતા અને મહિલા અગ્રણી પ્રિયંકા ગાંધી વાડ્રાએ એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપે હરિયાણામાં બેરોજગારીની મહામારી ફેલાવી દીધી છે અને યુવાનોના જીવન બરબાદ કરી નાખ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો રાજ્યમાં કોંગ્રેસની સરકાર રચાશે તો યુવાનોની હિજરત રોકવા માટે અને પરિવારોને વિખુટા પડતા રોકવા માટેના નક્કર પગલાં લેવામાં આવશે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, યુવાનોમાં ફેલાયેલી નિરાશા દૂર કરવા માટે અને હરિયાણાને વિકાસના માર્ગે આગળ લઈ જવા માટે કોંગ્રેસનો મજબૂત સંકલ્પ છે. હરિયાણામાં ભાજપે બેકારીની એવી મહામારી ફેલાવી દીધી છે જેનાથી આશાસ્પદ યુવાનોના જીવન બરબાદ થઈ ગયા છે. રાજ્યમાં ૪.૫ લાખ જેટલી સરકારી જગ્યાઓ ખાલી છે પરંતુ અત્યાર સુધી ૧.૮ લાખ જગ્યાઓ હજુ પણ ખાલી રાખવામાં આવી છે એટલે આ રીતે ભાજપે યુવાનોનું ભવિષ્ય છીનવી લઈને એમની સાથે ગંભીર અન્યાય કર્યો છે. કોંગ્રેસના મહામંત્રીએ એવું પણ જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકાર રચાશે તો તુરંત જ રાજ્યમાં બે લાખ યુવાનોને કાયમી નોકરીઓ આપવામાં આવશે. સાથે-સાથે યુવાનોને રાજ્ય છોડવું ન પડે અને પરિવારો વિખુટા ન પડે એ માટે પણ નક્કર પગલાં લેવામાં આવશે.

**પ્રિયંકાએ આક્ષેપ કર્યો કે, રાજ્યમાં ૪.૫ લાખ જેટલી સરકારી નોકરીની કુલ જગ્યાઓ છે પણ અત્યાર સુધી ૧.૮ લાખ જગ્યાઓ હજુ ખાલી જ રાખવામાં આવી છે**

# જમિયતના વડા મહમૂદ મદનીએ અસદુદ્દીન ઓવૈસીની નિંદા કરી : CAAનો અમલ કરવા આગ્રહ કર્યો



ન્યુઝ પોઈન્ટ: હંમેશા નેતા અંગે જાણકારી મેળવનાર અંગે ગૂગલ સર્ચ કરો 'કોન્ટ્રોવર્શીયલ સ્ટેટમેન્ટ્સ ઓફ...' નેતાનું નામ ભરી દો એટલે ચારિત્ર્ય ખબર પડી જાય.

(એજન્સી) તા.૨૭

રાજયસભાના પૂર્વ સાંસદ અને જમિયત ઉલેમા-એ-હિંદના વડા, મૌલાના મહમૂદ મદનીએ ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીની ટીકા કરી હતી અને તેમના પર વિભાજનકારી રાજકારણમાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો. ઓવસીની પાર્ટીએ યુપી વિધાનસભા ચૂંટણીમાં ૯૫ સીટો પર ચૂંટણી લડી હતી. જો કે, પાર્ટી ૪૦૩ બેઠકો પર કુલ મતોના માત્ર ૦.૪૩ ટકા જ મેળવીને એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહી છે.

વિવાદાસ્પદ નાગરિકતા સંશોધન અધિનિયમ (CAA) અને નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન્સ (NRC) કાયદાઓ પર મદનીએ ઓવૈસીને પડકાર ફેંક્યો અને દાવો કર્યો કે તેમના નિવેદનો અયોગ્ય છે. અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશથી આવતા મુસ્લિમોને ભારતમાં નાગરિકતા ન આપવી જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે ગૃહ પ્રધાન અમિત શાહે આ બાબતનું ધ્યાન રાખવું જોઈએ. દેશને NRCની જરૂર છે. જમીયતના વડાએ CJIને આસામના મુખ્યમંત્રીની 'મુસ્લિમ' ટિપ્પણી પર સુઓમોટુ પગલાં લેવા વિનંતી કરી હતી.

હૈદરાબાદના પાંચ વખતના સંસદસભ્ય ઓવસી ભારતીય જનતા પાર્ટી (બીજેપી) અને તેની નીતિઓના ટીકાકાર રહ્યા છે. મહમૂદ મદનીએ ૨૦૧૫ થી ભારતીય જનતા પાર્ટી (BJP) સામે પોતાનું વલણ નરમ રાખવાના આરોપોનો સામનો કરવો પડ્યો છે.

ટીકાકારો દલીલ કરે છે કે મદની,

## ભારતના અગ્રણી ઈસ્લામિક વિદ્વાન મહમૂદ મદનીને ૨૦૧૫થી ભારતીય જનતા પાર્ટી સામે તેમના નરમ વલણ અંગે અનેક આરોપોનો સામનો કરવો પડ્યો છે

એન્કર સુશાંત સિન્હા સાથેના પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં, ઉત્તરપ્રદેશ સ્થિત અગ્રણી મુસ્લિમ ધાર્મિક નેતા, મદનીએ જણાવ્યું હતું કે, ઓવૈસીને મુસ્લિમ સમુદાયનું સમર્થન નથી, અને તેમણે દાવો કર્યો કે તેઓ તેમને મુસ્લિમ નેતા તરીકે ગણાતા નથી. ઉલ્લેખનીય છે કે સરકાર NRC લાગુ કરી શકે છે.

એક્સ-પ્લેટફોર્મ પર વીડિયો ક્લિપ શેર કરતી વખતે સુશાંત સિંહાએ લખ્યું કે, મૌલાના મદાની પૂરા વિશ્વાસ સાથે કહી રહ્યા છે કે NRC લાગુ થવી જોઈએ. તેઓ કહી રહ્યા છે કે જમિયતનું પણ આ જ સ્ટેન્ડ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જેમણે અગાઉ ભાજપ વિરૂદ્ધ કડક વલણ અપનાવ્યું હતું, તેમણે આ પક્ષ વધુ અનુકૂળ અને નરમ વલણ અપનાવ્યું છે. જો કે, મદની અને તેમના સમર્થકો આ આરોપોને નકારે છે. તેઓ દાવો કરે છે કે મદની મુસ્લિમ સમુદાયની ચિંતાના મુદ્દાઓ પર પોતાનું વલણ જાળવી રાખે છે.

# રાજસ્થાનના BJP ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યે પક્ષબદલુ કોંગ્રેસના કાઉન્સિલરોના 'શુદ્ધિ સમારંભ' માટે ગૌમૂત્ર અને ગંગાજલનો ઉપયોગ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ભાજપના ધારાસભ્ય બાલમુકુંદ આચાર્યે જયપુર મ્યુનિસિપલ કોર્પોરેશન હેરિટેજ (JMCH) ખાતે ભ્રષ્ટાચારને દૂર કરવા અને કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલરોને ભાજપમાં આવકારવા માટે 'શુદ્ધિ સમારંભ' યોજ્યો હતો. આચાર્ય જે હથોજ ધામ મંદિરના મહંત પણ છે, તેમણે સમારંભમાં 'ગંગાજલ' અને 'ગૌમૂત્ર'નો ઉપયોગ કર્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે, તે અધિકારીઓ અને કાઉન્સિલરોને શુદ્ધ કરશે જેમને કથિત રીતે ભ્રષ્ટાચાર આચરવાની ફરજ પાડવામાં આવી હતી.

ભ્રષ્ટાચારના આરોપોને કારણે JMCHના પૂર્વ મેયર મુનેશ ગુર્જરને હટાવ્યા બાદ આ ઘટના બની હતી. ત્યારબાદ કુસુમ યાદવને કોંગ્રેસના સાત કાઉન્સિલરો અને એક અપક્ષ સભ્યના સમર્થનથી નવા મેયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જે તમામ ભાજપમાં જોડાયા હતા. યાદવે સત્તાવાર રીતે પદ સંભાળ્યું તે પહેલા આચાર્યે વૈદિક મંત્રો અને મંત્રોચ્ચારનો ઉપયોગ કરીને શુદ્ધિકરણ સમારોહનું નેતૃત્વ કર્યું. તેમણે નવું નેતૃત્વ શુદ્ધતાના વાતાવરણમાં કાર્ય કરશે એવું વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, અમે કોર્પોરેશનને 'ગંગાજલ'થી શુદ્ધ કર્યું છે, તમામ અશુદ્ધિઓ દૂર કરી છે. આચાર્યે સમજાવ્યું કે, જે કોંગ્રેસી કાઉન્સિલરો ભાજપમાં જોડાયા હતા તેઓને સનાતનીઓમાં પરિવર્તિત કરવાની વિધિમાં સામેલ કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, તેઓ કોઈપણ અશુદ્ધિ અથવા ભ્રષ્ટાચારથી શુદ્ધ થઈ ગયા છે.

ભાજપના ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ પણ શુદ્ધિકરણની પ્રક્રિયા હાથ ધરી હતી કારણ કે, તેઓને ભ્રષ્ટાચારમાં વ્યસ્ત રહેવાની ફરજ પાડવામાં આવી હતી. સમારોહ પછી આચાર્યે દાવો કર્યો કે, તેઓ હવે ઈમાનદારી અને નિષ્ઠા સાથે કામ કરશે. સમારંભે કેટલીક પ્રતિક્રિયાઓ જન્માવી હતી, ત્યારે ભાજપમાં સ્વિચ કરનારા કાઉન્સિલરોએ જણાવ્યું હતું કે, તેનો હેતુ ભ્રષ્ટાચાર અને નકારાત્મકતાને દૂર કરવાનો હતો. કાઉન્સિલર મનોજ મુદગલે ટિપ્પણી કરી, હિન્દુ સંસ્કૃતિમાં શુદ્ધિકરણ માટે 'ગંગાજલ' અને 'ગૌમૂત્ર'નો ઉપયોગ કરવો એ સામાન્ય પ્રથા છે. અન્ય કાઉન્સિલર પારસ જૈને પુનરોચ્ચાર કર્યો હતો કે, ઓફિસને ભ્રષ્ટાચારથી સાફ કરવાની વિધિ હતી. કાઉન્સિલર સુશીલા દેવીએ સ્પષ્ટતા કરી કે, તેઓ માત્ર અમને જ નહીં પરંતુ સમગ્ર પરિસરને શુદ્ધ કરી રહ્યા હતા. આચાર્યે પત્રકારોને જણાવ્યું કે, સમારોહ JMCH માટે એક નવી શરૂઆતનું પ્રતિનિધિત્વ કરે છે અને દાવો કરે છે કે, આજથી આ કોર્પોરેશન ભ્રષ્ટાચાર મુક્ત છે. સમારોહ પર પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના પ્રદેશ મહાસચિવ સ્વર્ણિમ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે, રાજય અને કેન્દ્રમાં ભાજપના





નેતાઓ પહેલા કોંગ્રેસના નેતાઓ પર ભ્રષ્ટાચારનો આરોપ લગાવે છે. તેઓને ED, IT અને CBI જેવી તપાસ એજન્સીઓ દ્વારા ધમકી આપવામાં આવે છે, પરંતુ જ્યારે તેઓ ભાજપમાં જોડાય છે ત્યારે તેમના ગુનાઓમાંથી મુક્તિ આપવામાં આવે છે.

# ૧૫ વર્ષની વયે ઘર છોડ્યું, તેનો પહેલો પગાર ૨૦ રૂપિયા હતો, આજે તે એક અબજ રૂપિયાની કંપનીની માલિક છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ચિનુ કલાની મુશ્કેલીમાંથી સફળ ઉદ્યોગસાહસિક બનવા સુધીની સફર ઘણી પ્રેરણાદાયી છે બાળપણમાં મુશ્કેલી માં વિતાવ્યો હોવા છતાં, તેણે તે અનુભવોનો ઉપયોગ કરીને પોતાની જાતને મક્કમ બનાવી.કલા હવે રૂબન્સ એસેસરીઝની માલિક છે, જે ૧૦૦ કરોડ રૂપિયાની જ્વેલરી બ્રાન્ડ છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે ચિનુને માત્ર ૩૦૦ રૂપિયા અને થોડા કપડાં સાથે ઘર છોડવાની ફરજ પડી હતી. બે દિવસ સુધી, તે રેલ્વે સ્ટેશન પર સુતી હતી, જેમાં કોઈ આશરો ન હતો. ગુજરાન માટે, તેણે સેલ્સગર્લ તરીકે કામ કરવાનું શરૂ કર્યું, દરરોજ માત્ર ૨૦ રૂપિયાની કમાણી કરતી. ૨૦૨૩ સુધી ઝડપથી આગળ વધતા ચિનુ હવે બેંગલુરૂમાં ૫૦૦૦-સ્ક્વેર ફૂટના વૈભવી ઘરમાં રહે છે અને BMW ૫ સિરીઝ ચલાવે છે. જો કે, તેની સફળતાની વાર્તા બેંગલુરૂના એક મોલમાં એક દુકાનથી શરૂ થઈ હતી. તેની સિદ્ધિઓ હોવા છતાં,રૂબન્સને ભારતમાં અગ્રણી જ્વેલરી કંપની બનાવવાના તેના ધ્યેયને હાંસલ કરવા માટે ૧૫-કલાકના દિવસો લગાવીને ચિનુ એ અથાગ કામ કરવાનું ચાલુ રાખેલ છે. જ્યારે તેણે ઘર છોડ્યું ત્યારે તેનું પ્રારંભિક શિક્ષણ ધોરણ



૧૦ માં સુધી હતું. તેની પ્રથમ નોકરીમાં છરીઓ અને કોસ્ટર વેચવાનું સામેલ હતું, અને તે રસોડું અથવા શૌચાલય જેવી મૂળભૂત સુવિધાઓ વગરના હોલમાં રહેતી હતી. ચિનુએ મિસિસ ઈન્ડિયા સ્પર્ધામાં પણ ભાગ લીધો હતો, જ્યાં તે ટોચના ૧૦ ફાઈનલિસ્ટમાંની એક હતી. ૨૦૦૪ માં, તેણે અમિત કલા સાથે લગ્ન કર્યા, જેમની સાથે તે ટાટા ઈન્ડીકોમમાં કામ કરતી વખતે મળી હતી. ચિનુની કારકિર્દીમાં વળાંક ત્યારે આવ્યો જ્યારે તેણે રૂબન્સ એસેસરીઝમાં ૩ લાખ રૂપિયાનું રોકાણ કર્યું, એક નાનકડા કિઓસ્કથી શરૂઆત કરી હતી. ૨૦૧૮ સુધીમાં, તેનો વ્યવસાય પાંચ કિઓસ્ક સુધી વિસ્તરી ગયો હતો. ઓનલાઈન જ્વેલરીના વેચાણમાં વધારો થતાં રોગચાળો તેના માટે એક તક બની ગયો. તેની સફરને પ્રતિબિંબિત કરતા, તેણે ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યું, મેં મારા માતા-પિતાનું ઘર છોડ્યું તે પ્રથમ દિવસે, મારા ખિસ્સામાં માત્ર ૩૦૦ રૂપિયા હતા, હું ખરેખર નક્કી કરી શકી ન હતી કે મારે તે દિવસે અથવા આવનારા દિવસોમાં કેવી રીતે ખાવું અને જીવવું જોઈએ. તે ભૂખ હતી જેના વિશે હું હવે રૂબન્સ માં વિચારૂં છું.તેણે ગર્વથી કહ્યું કે કંપની નફાકારક હતી, તેના ૩૦ ટકા ગ્રાહકો પરત ફર્યા હતા. ચિનુની બ્રાન્ડે આ વર્ષની શરૂઆતમાં શાર્ક ટેન્ક પર ૧.૫ કરોડ રૂપિયાનું રોકાણ મેળવ્યું ત્યારે રાષ્ટ્રીય ધ્યાન ખેંચ્યું હતું. તે જ દિવસે, તેણે વેચાણમાં ૭૦ રૂપિયા કમાવ્યા, અને છ મહિનામાં,તે ત્રણની નાની ટીમનું સંચાલન કરી રહી હતી. રૂબન્સ પહેલા ચિનુ પણ તેના ઘરેથી સલૂન ચલાવતી હતી. તેનો જ્વેલરી બિઝનેસ શરૂ થયો, FY૨૧માં ૨૯.૭ કરોડ રૂપિયા અને FY૨૨માં ૫૧ કરોડ રૂપિયાનું વેચાણ થયું. શાર્કે તેની કંપનીનું મૂલ્ય ૧૦૦ કરોડ રૂપિયા આંક્યું હતું, જેમાં ૧ કરોડ રૂપિયા ૧ % ઈક્વિટી તરીકે અને ૫૦ લાખ રૂપિયા લોન તરીકે ઓફર કરવામાં આવ્યા હતા.

# ન્યુક્લિયર સબમરીનનો સોદો ભારત-ફ્રાન્સના સંબંધો માટે એક સીમાચિહ્ન બની રહેશે, નવી દિલ્હી વિશિષ્ટ ક્લબમાં જોડાઈ જશે

## ફ્રાન્સની આ ઑફર ભારતને અમુક પસંદગીના એવા દેશોની વિશિષ્ટ ક્લબમાં સામેલ કરી શકે છે જેની પાસે સબમરીનની સંપૂર્ણ શ્રેણી છે

(એજન્સી) તા.૨૭

ભારતનો ભરોસાપાત્ર ભાગીદાર અને લાંબા સમયના મિત્ર દેશ ફ્રાન્સ નવી દિલ્હીને તેની વ્યૂહાત્મક મહત્વાકાંક્ષાઓને સાકાર કરવામાં મદદ કરશે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોવલ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિના રાજદ્વારી સલાહકાર ઈમેન્યુઅલ બોને વચ્ચે બે દિવસીય ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક સંવાદ ૩૦ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરના રોજ પેરિસમાં છે. પરંતુ, આ આગામી સંવાદ પહેલા, ફ્રાન્સે ભારતને પરમાણુ સંચાલિત સબમરીન અથવા SSN સહિત મોટા સોદાની ઓફર કરી છે.

જાન્યુઆરી ૨૦૨૪માં પ્રજાસત્તાક દિવસના મુખ્ય અતિથિ તરીકે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનની ભારતની રાજ્ય મુલાકાત પછી બંને મિત્રો વચ્ચે આ પ્રથમ દ્વિપક્ષીય વ્યૂહાત્મક જોડાણ હશે. નવ મહિનાના વિલંબને કદાચ મેક્રોનના બ્રહ્માંડમાં રાજકીય અસ્થિરતાને આભારી હોઈ શકે છે. મિશેલ બાર્નિયરના રૂપમાં હવે નવા વડા પ્રધાન છે. મેક્રોને પણ, વિદેશી નીતિ અને સંરક્ષણ તરફ ઝડપથી ધ્યાન દોર્યું હોય તેવું લાગે છે અને તેમનું ધ્યાન ફરી એકવાર ભારત પર છે. આ વ્યૂહાત્મક સંવાદના ભાગરૂપે, ભારત-ફ્રાન્સ સંરક્ષણ ભાગીદારી સબમરીન ટેક્નોલોજીના ક્ષેત્રમાં એક વિશેષ પગલું છે. અત્યાર સુધી, ભારતે તેના ઓપરેશનલ પાસાઓ માટે રશિયા પાસેથી માત્ર બે વાર SSN લીઝ પર લીધું છે. ભારતે ક્યારેય પોતાનું જીજીદ્ધ વિકસાવ્યું નથી. ફ્રાન્સની આ ઓફર, ભારતને પસંદગીના કેટલાક દેશોની વિશિષ્ટ ક્લબમાં સામેલ કરી શકે છે જે સબમરીનની સંપૂર્ણ શ્રેણી ધરાવે છે. આજના ભૌગોલિક રાજનીતિક વાતાવરણમાં ભારત પાસે પ્રચંડ ક્ષમતાઓ આવશે. ફ્રાન્સે પરમાણુ સંચાલિત એટેક સબમરીન (SSNs)ના નિર્માણને સમર્થન આપવાની ઓફર કરી છે. સૌપ્રથમ, ભારતને અત્યાધુનિક માનવરહિત અન્ડરવોટર વ્હીકલ (UUVs), અદ્યતન દરિયાઈ ડ્રોન ઓફર કરવામાં આવ્યા છે જેનો ઉપયોગ સમુદ્રના પ્રવાહી બ્રહ્માંડમાં પ્રવૃત્તિઓની સમગ્ર શ્રેણી માટે કરવામાં આવશે. ફ્રાન્સે ભારતના એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) પ્રોગ્રામ માટે ૧૧૦ કિલો ન્યૂટન થ્રસ્ટ એરક્રાફ્ટ એન્જિન માટે ૧૦૦ ટકા ટ્રાન્સફર ઑફ ટેક્નોલોજી (ToT) પણ ઓફર કરી છે. વધુમાં ભારતીય વાયુસેના તેના સ્ક્વોડ્રનને આગળ વધારવા માટે વધુ રાફેલ હસ્તગત કરવાનું વિચારી રહી છે. જો કે ભારત માટે આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે તેના સ્વદેશી AMCA પ્રોગ્રામ પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ સારું રહેશે. AMCAs માટે જરૂરી ૧૧૦ KN એન્જિનનો સહ-વિકાસ કરવા માટે ફ્રાન્સ જેવા વિશ્વાસપાત્ર વિદેશી ભાગીદારો સાથે સહયોગ કરવો વધુ સારૂં છે, જે હમણા ફ્રેન્ચ તરફથી ઓફર કરવામાં આવી રહ્યું છે. નવી દિલ્હીએ આયાત અને 'મેક ઈન ઈન્ડિયા' વચ્ચે યોગ્ય




સંતુલન કરવું પડશે. આયાત પર અવલંબન ભારતની આત્મનિર્ભરતામાં પ્રગતિને રોકશે. ભારતીય સંરક્ષણ ઈકોસિસ્ટમમાં અન્ય મુખ્ય ફ્રેન્ચ સેફ્રાન છે, જે રાફેલ જેટ માટે એન્જિન બનાવે છે. ૧૦૦ ટકા ફ્રેંચ ડિઝાઈન, સાથે આ M-88 એન્જિનને જો નોંધપાત્ર ઓર્ડર મળે તો હૈદરાબાદમાં સેફ્રાનની MRO સુવિધામાં સંપૂર્ણપણે ભારતમાં ઉત્પાદન કરી શકાય છે. સેફ્રાન ભારતીય મલ્ટી-રોલ હેલિકોપ્ટર (IMRH) અને ડેક બેઝ્ડ મલ્ટી રોલ હેલિકોપ્ટર (DB-MRH) માટે ટર્બોશાફ્ટ એન્જિન ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન કરવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે પણ સહયોગ કરી રહ્યું છે. ભારત તેની સમુદ્ર આધારિત પ્રતિરોધકતાને મજબૂત બનાવવા માંગે છે. બેઈજિંગ પાસે જહાજોની સંખ્યા વધુ છે અને તે વિશ્વનું મોટું નૌકાદળ હોવાનો દાવો કરે છે. દરિયામાં અસરકારક પરમાણુ પ્રતિરોધકતા માટે, ભારતને ઓછામાં ઓછા બે વધુ SSBNની જરૂર છે. ફ્રેંચ કેવા પ્રકારની સબમરીન ઓફર કરે છે અને તે ભારત જે પહેલાથી જ ધરાવે છે અથવા વિકસાવી રહ્યું છે તેનાથી તે કેવી રીતે અલગ છે? હાલમાં ભારતમાં કુલ ૧૮ સબ્સ છે. આમાંથી બે બેલિસ્ટિક મિસાઈલ સબ્સ (SSBN) છે. અરિહંત અને બીજું અરિઘાટ. ભારતમાં હજુ પણ SSN નથી. તેની પાસે ડીઝલ-ઈલેક્ટ્રિક એટેક સબમરીન છે જેને SSKs કહેવાય છે. હવે ફ્રેન્ચ નોંધપાત્ર ToT સાથે તેમના પોતાના બેરાકુડા વર્ગ સબ્સ પર આધારિત SSNsના વિકાસની ઓફર કરી છે. ટૂંક સમયમાં જ બંને પક્ષો પેરિસમાં મળે ત્યારે ચર્ચા થઈ શકે છે. જો SSNs પરનો સોદો થાય છે, તો તે ભારત-ફ્રાન્સ સંરક્ષણ સંબંધો માટે સૌથી આશ્ચર્યજનક સફળતા હશે. ફ્રાન્સે ભારતને અદ્યતન UUVs પણ ઓફર કર્યા છે જેનો ઉપયોગ સર્વેલન્સ, સંશોધન, શસ્ત્રો, શોધ અને ઓપરેશન અને અલબત્ત સંરક્ષણ સહિતના વિવિધ કાર્યો માટે થઈ શકે છે.

# પરમાણુ સંચાલિત સબમરીન ડૂબી જતાં ચીનની ફજેતી : અહેવાલ

## એક વરિષ્ઠ અમેરિકી સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, નવી ફર્સ્ટ-ઈન-ક્લાસ પરમાણુ-સંચાલિત સબમરીન મે અને જૂનની વચ્ચે કોઈક સમયે ડૂબી ગઈ હતી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૭

હુમલો કરવા માટેની ચીનની નવી પરમાણુ સંચાલિત સબમરીન આ વર્ષની શરૂઆતમાં ડૂબી ગઈ હતી. એક વરિષ્ઠ યુએસ સંરક્ષણ અધિકારીએ જણાવ્યું હતું કે, બેઈજિંગ માટે આ ઘટના શરમજનક છે કારણ કે, તે તેની લશ્કરી ક્ષમતાઓને વિસ્તૃત કરવા માંગે છે. ચીન પાસે પહેલેથી જ ૩૭૦થી વધુ જહાજો સાથે વિશ્વની સૌથી મોટી નૌકાદળ છે અને તેણે પરમાણુ સશસ્ત્ર સબમરીનની નવી પેઢીના ઉત્પાદનની શરૂઆત કરી છે. અમેરિકાના એક વરિષ્ઠ સંરક્ષણ અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ચીનની નવી ફર્સ્ટ-ઈન-ક્લાસ પરમાણુ-સંચાલિત સબમરીન મે અને જૂન વચ્ચે કોઈક સમયે ડૂબી ગઈ હતી. વોશિંગ્ટનમાં ચીની દૂતાવાસના પ્રવક્તાએ કહ્યું કે, તેમની પાસે પ્રદાન કરવા માટે કોઈ માહિતી નથી. ચીની અધિકારીએ કહ્યું, તમે ઉલ્લેખ કરેલી પરિસ્થિતિથી અમે પરિચિત નથી અને હાલમાં પ્રદાન કરવા માટે કોઈ માહિતી નથી. અધિકારીએ કહ્યું કે, તે સ્પષ્ટ નથી કે તે કયા કારણે ડૂબી ગયું અથવા તે સમયે તેમાં પરમાણુ બળતણ હતું કે કેમ. અધિકારીએ પીપલ્સ લિબરેશન આર્મી માટે ટૂંકાક્ષરનો ઉપયોગ કરીને જણાવ્યું હતું કે, તાલીમના ધોરણો અને સાધનસામગ્રીની ગુણવત્તા અંગેના સ્પષ્ટ પ્રશ્નો ઉપરાંત આ ઘટના પીએલએની આંતરિક જવાબદારી અને ચીનના સંરક્ષણ ઉદ્યોગની દેખરેખ અંગે ઊંડા પ્રશ્નો ઊભા કરે છે - જે લાંબા સમયથી ભ્રષ્ટાચારથી પીડિત છે. અધિકારીએ ઉમેર્યું હતું કે, તે આશ્ચર્યજનક નથી કે પીએલએ નૌકાદળ ડૂબી જવાની વાત છૂપાવવાનો પ્રયાસ કરશે. તાઈપેઈમાં બોલતા તાઈવાનના સંરક્ષણ પ્રધાન વેલિંગ્ટન કૂએ જણાવ્યું હતું કે, સત્તાધિકારીઓ બહુવિધ ગુપ્તચર અને દેખરેખ પદ્ધતિઓ દ્વારા પરિસ્થિતિની સમજ ધરાવે છે, પરંતુ વિસ્તૃત માહિતી આપી ન હતી. તાઈવાન જેને ચીન પોતાનો વિસ્તાર માને છે, તે પછીની લશ્કરી ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખે છે. જૂનમાં તાઈવાનના માછીમારો નજીક તાઈવાન સ્ટ્રેટમાં ચીની પરમાણુ સબમરીન સપાટી પર આવતા ચિત્રો ઓનલાઈન દેખાયા હતા.

વોલ સ્ટ્રીટ જર્નલ દ્વારા ચાઈનીઝ સબમરીનના સમાચાર સૌપ્રથમવાર આપવામાં આવ્યા હતા. જૂનથી પ્લેનેટ લેબ્સની સેટેલાઇટ છબીઓની શ્રેણી વુચાંગ શિપયાર્ડમાં ક્રેન્સ બતાવતી દેખાય છે, જ્યાં સબમરીનને ડોક કરવામાં આવી હશે. ચીનની સૈન્ય પર પેન્ટાગોનના અહેવાલ મુજબ ૨૦૨૨ સુધીમાં ચીન પાસે છ પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન, છ પરમાણુ સંચાલિત અટેક સબમરીન અને ૪૮ ડીઝલ સંચાલિત હુમલો સબમરીન હતી. યુએસ સંરક્ષણ વિભાગે જણાવ્યું છે કે, તે સબમરીન ફોર્સ ૨૦૨૫ સુધીમાં ૬૫ અને ૨૦૩૫ સુધીમાં ૮૦ થવાની ધારણા છે. ચીને જણાવ્યું હતું કે, તેણે પ્રશાંત મહાસાગરમાં



આંતરખંડીય બેલેસ્ટિક મિસાઈલનું એક દુર્લભ પ્રક્ષેપણ સફળતાપૂર્વક કર્યું છે, જે દેશના પરમાણુ નિર્માણ અંગે આંતરરાષ્ટ્રીય ચિંતાઓ ઊભી કરે તેવી શક્યતા છે. ખાસ કરીને દક્ષિણ ચીન સમુદ્ર જેવા પ્રાદેશિક હોટ સ્પોટમાં લશ્કરી સંબંધોને સ્થિર કરવા અને ગેરસમજને ટાળવાના પ્રયાસો વચ્ચે યુનાઈટેડ સ્ટેટ્સ અને ચીને આ મહિનાની શરૂઆતમાં પ્રથમ વખત થિયેટર-લેવલ કમાન્ડર વાટાઘાટો યોજી હતી.

# આદિવાસી વિદ્યાર્થી જેની પાસે કોઈ પુસ્તકો પણ નહોતા, ઈન્ટરનેટ માટે દરરોજ ૩ કિ.મી.ની અંતરે ચાલતો હતો, તેણે પ્રથમ પ્રયત્નમાં NEET પાસ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

પરોઢ થતાં ગામ શાંત હતું પરંતુ એક નિશ્ચિત છોકરો પહેલેથી જ ત્રણ કિલોમીટર દૂર નજીકની પહાડીની ટોચ પર જઈ રહ્યો હતો.તેના દૂરના ગામમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવાનો એકમાત્ર રસ્તો આ દૈનિક યાત્રા દ્વારા હતો. તેમ છતાં, ઓડિશાના કંધમાલ જિલ્લાના ૧૯ વર્ષીય આદિવાસી વિદ્યાર્થી સનાતન પ્રધાને તમામ અવરોધો સામે લડીને જે અશક્ય હતું તે હાંસલ કર્યું છે,તેણે તેના પ્રથમ પ્રયત્નમાં જ NEET પરીક્ષા પાસ કરી.

સનાતન એક દૂરના ગામ તાડીમાહાથી આવે છે જ્યાં ઈન્ટરનેટ સુવિધા જેવી તકો ઓછી હોય છે. તેના પિતા, કનેશ્વર પ્રધાન, એક નાના ખેડૂત છે, જેઓ પરિવારનું ગુજરાન ચલાવે છે. કોઈ જાતના કોચિંગ વગર અને મર્યાદિત સંસાધનો સાથે, સનાતન નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET) તરફના મુશ્કેલ માર્ગને પાર કરવા માટે ઉછીના લીધેલા પુસ્તકો અને સંપૂર્ણ નિશ્ચય પર આધાર રાખતો હતો. દરિંગબાડીમાં સરકારી સંચાલિત શાળામાં તેનું ધોરણ ૧૦ પૂરૂં કર્યા પછી, સનાતને તેના ધોરણ ૧૨ માટે બેરહામપુરની ખલ્લીકોટ જુનિયર કોલેજમાં દાખલો લીધો. NEETની તૈયારી કરવા માટે તેના ગામમાં પાછા ફર્યા પછી, તેને ઈન્ટરનેટ સેવાના અભાવનો સામનો કરવો પડ્યો. તેમ છતાં, નિરાશ થઈને, તે દરરોજ નજીકની ટેકરીઓ પર ચડતો, કલાકો એકાંતમાં વિતાવતો, ફક્ત તેના સંકલ્પથી સજ્જ હતો અને અભ્યાસની સામગ્રી ઉછીની લીધી હતી. સનાતને તેના સંઘર્ષને પ્રતિબિંબિત કરતા શેર કરતા કહ્યું, દરરોજ પહાડી વિસ્તારોમાં જવું અને ત્યાં આખો દિવસ વિતાવવો ખૂબ જ મુશ્કેલ છે. NEET પરીક્ષાના બે મહિના પહેલાં, તે સઘન તૈયારી માટે બેરહામપુર પાછો ફર્યો અને ઘરે તેના મર્યાદિત સંસાધનોને લીધે બાકી રહી ગયેલા અભ્યાસને પૂર્ણ કરવા માટે ઓનલાઈન સંસાધનોનો લાભ ઉઠાવ્યો. અવરોધો હોવા છતાં,



સનાતને આત્મવિશ્વાસ વધાર્યો. તેણે કહ્યું,જો કે મને રાજયની મેડિકલ કોલેજમાં સીટ મળવાનો વિશ્વાસ હતો, પણ MKCG મેડિકલ કૉલેજમાં સીટ મેળવવી એ મારા માટે એક સ્વપ્ન સાકાર થવા જેવું હતું. તેની યાત્રા માત્ર વ્યક્તિગત સિદ્ધિનો સંકેત આપતી નથી; તે એવા સમુદાય માટે આશાનું પ્રતિનિધિત્વ કરે છે જ્યાં સ્વપ્નો ઘણીવાર અવાસ્તવિક રહે છે. સનાતનના પિતા કનેશ્વર સમાન રીતે ગર્વ અને ચિંતા વ્યક્ત કરી હતી. હવે ઘણાં બેક્કર્સ અમારી પાસે આવી રહ્યા છે અને વિદ્યાર્થી લોન ઓફર કરે છે.તેમણે તેમના પુત્રની સિદ્ધિને પ્રકાશિત કરતા જણાવ્યું, અમે સરકારને સનાતનના તબીબી અભ્યાસ માટે નાણાંકીય મદદ માટે વિનંતી કરીશું. ઉધાર લીધેલા ભંડોળ દ્વારા તેની બેઠકની પુષ્ટિ સાથે, સનાતન એક નવો અધ્યાય શરૂ કરવા માટે તૈયાર છે. તેણે વચન આપ્યું,હું નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરીશ અને દૂરના વિસ્તારોમાં રહેતા લોકોની સેવા કરવા માટે ડોક્ટર બનીશ, જ્યાં તબીબી સુવિધાઓની અછત છે. જેમ જેમ સનાતન આ સફર માટે તૈયાર છે, તેમ તેમ તે દ્રઢતાની ભાવનાને અંકિત કરે છે અને તે સાબિત કરે છે કે સૌથી પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ સ્વપ્નો સાકાર થઈ શકે છે.

### ગુજરાતના ઈતિહાસમાં બનેલા બહુ ઓછા બનાવો પૈકીનો એક બનાવ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખુદ રોડ પર આવી વિરોધ પ્રદર્શનમાં જોડાયા !

## મુખ્યમંત્રી સહિતના નેતાઓએ કાળી પટ્ટી બાંધી દર્શાવ્યો વિરોધ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતના ઈતિહાસમાં બહુ ઓછા બનાવ એવા બન્યા હશે જેમાં મુખ્યમંત્રી દ્વારા ખુદ ધરણાં પર બેસી વિરોધ પ્રદર્શન કરાયું હોય. આ વખતે રાજ્યની પ્રજાને તેમના મુખ્યમંત્રીને વિરોધ પ્રદર્શન કરતા જોવાની તક મળી છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી દ્વારા અમેરિકા ખાતે અનામત વિરોધી આપેલા નિવેદનને લઈ આજે અમદાવાદમાં શહેર ભાજપ દ્વારા રેલી અને ધરણાં યોજવામાં આવ્યા હતા. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ભાજપના ધારાસભ્યો અને નેતાઓ ગાંધી આશ્રમ નજીક આવેલા બત્રીસી હોલથી પદયાત્રા કરી આવ્યા હતા અને ધરણાં યોજ્યા હતા. મુખ્યમંત્રી સહિત ભાજપના નેતાઓ-કાર્યકર્તાઓએ હાથમાં કાળી પટ્ટી બાંધી અને વિરોધ દર્શાવ્યો છે.



રાહુલ ગાંધીના આ નિવેદન પર થયો વિવાદ રાહુલ ગાંધીએ તેમના અમેરિકા પ્રવાસ દરમિયાન વોશિંગ્ટન ડીસીમાં જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં યોજાયેલા કાર્યક્રમ દરમિયાન એક નિવેદન આપ્યું હતું , જેના પર ભારે વિવાદ થયો હતો. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ’જ્યારે ભારત એક નિષ્પક્ષ જગ્યા બની જશે ત્યારે કોંગ્રેસ અનામત ખતમ કરવા વિચાર કરશે. ભારત અત્યારે નિષ્પક્ષ જગ્યા નથી. ભારતમાં ૯૦ ટકા વસ્તી દલિત, પછાત વર્ગ અને આદિવાસીઓની છે, જે આ રમતમાં સામેલ જ નથી.’ તેમના આ નિવેદનને લઈ ભાજપ દ્વારા વિરોધ દર્શાવી પ્રદર્શનો કરવામાં આવી રહ્યા છે જેમાં આજે અમદાવાદ શહેર ભાજપ દ્વારા સુભાષ બ્રિજ ખાતે મૌન રેલી અને ધરણાં કાર્યક્રમ યોજી આરટીઓ સર્કલ ખાતે રાહુલ ગાંધીના ફોટા સહિત કોંગ્રેસનો અનામત વિરોધી ચેહરો સ્લોગન લખેલા બેનરો સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. SC, ST અને OBC અનામત રદ કરવાના રાહુલ ગાંધીના નાપાક ઈરાદાને ભારતીય જનતા પાર્ટી કામયાબ નહીં થવા દે તેવું પણ બનેરમાં લખ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિમાં થયેલા વિરોધ પ્રદર્શનમાં ભાજપે કોંગ્રેસને દેશ વિરોધી ગણાવી છે. ‘અનામત વિરોધી કોંગ્રેસ દેશ વિરોધી કોંગ્રેસ"ના પોસ્ટર સાથે ભાજપે ધરણા પ્રદર્શન કરીને રાહુલ ગાંધી માફી માંગે તેવી માગ કરી છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નિવેદનને લઈ ભાજપે વિરોધ નોંધાવ્યો છે. મહેસાણા, અમદાવાદ સહિત વિવિધ શહેરોમાં વિરોધ નોંધાવ્યો છે. રાજ્યભરના તમામ જીલ્લામાં હોદ્દેદારો, કાર્યકર્તાઓએ સાથે મળી એક રેલી સ્વરૂપે વિરોધ પ્રદર્શન યોજ્યું છે. ભાજપના નેતાઓએ આ મુદ્દે જણાવ્યું હતું કે ‘રાહુલ ગાંધી જે પરિવારમાથી આવે છે તે પાર્ટીની વિચારધારાએ આખા દેશના આનામતને નાબુદ કરવાનું કામ કર્યું છે. ચૂંટણી સમયે જે લોકો કહેતા હતા કે, ભાજપ સરકાર ૨૦૨૪મા આવશે તો ભારતમાં અનામત ખતમ કરી નાખશે, જે લોકો આ વિચારધારા ફેલાવતા હતા તેમને વિદેશની ધરતી પરથી અનામત દુર કરવાનું નિવેનદ આપ્યું છે.’

---

### રાજ્ય સરકાર દ્વારા સરકારી નોકરી વાંચ્છુઓ માટે કરાઈ જાહેરાત

# પોલીસ દળની ૧૪,૮૨૦ તથા સિવિલિયન સ્ટાફની ૨૪૫ જગ્યાઓ પર ભરતી કરાશે

## હાલમાં ચાલી રહેલ વર્ગ-૩ વિવિધ સંવર્ગની ૧૨,૪૭૨ જગ્યાની ભરતી બાદ ૨૦૨૫માં કરાશે ભરતી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

રાજ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા તેમજ ગુજરાત પોલીસ દળમાં જોડાવા ઈચ્છુક યુવાઓ માટે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી વર્ષ-૨૦૨૫માં ગૃહ વિભાગ દ્વારા રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની કુલ-૧૪૮૨૦ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરવામાં આવશે તેમ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે. આ અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્તમાનમાં ચાલી રહેલી રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની કુલ-૧૨૪૭૨ જગ્યાઓની સીધી ભરતીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ગૃહ વિભાગ વર્ષ-૨૦૨૫માં રાજ્ય પોલીસ દળ, વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની આ જગ્યાઓ ઉપર સીધી ભરતી કરશે. વર્ષ-૨૦૨૫માં ગૃહ વિભાગ દ્વારા જે જગ્યાઓ પર ભરતી કરવાનું આયોજન છે તેમાં ૧૨૯-એસ.આર.પી.એફ.ના હથિયારી પી.એસ.આઈ, ૧૨૬-વાયરલેસ પી.એસ.આઈ, ૩૫-એમ.ટી. પી.એસ.આઈ, ૫૫૧-ટેકનીકલ ઓપરેટર, ૪૫-હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મીકેનીક ગ્રેડ-૧, ૨૬-મોટર ટ્રાન્સપોર્ટ સુપરવાઈઝર, ગ્રેડ-૨, ૧૩૫ હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મીકેનીક ગ્રેડ-૨, ૭૨૧૮-બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૦૧૦ હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૨૧૪ એસ.આર.પી.એફ.ના હથિયારી પોલીસ કોન્સ્ટેબલ, ૩૦૦ જેલ સિપાઈ(પુરુષ) અને ૩૧ જેલ સિપાઈ(મહિલા) સહિતની વિવિધ જગ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વર્ષ-૨૦૨૫માં પોલીસ ખાતાની કચેરીઓની સીનીયર ક્લાર્કની ૪૫ તથા જુનીયર ક્લાર્કની ૨૦૦ જગ્યાઓ મળી કુલ-૨૪૫ જગ્યાઓ પર પણ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી હાથ ધરવામાં આવશે. તેમ વધુમાં જણાવ્યું હતું એટલે કે રાજ્યમાં આગામી દિવસોમાં સરકારી નોકરીની રાહ જોઈ રહેલા યુવાનો માટે વધુ એક તકો ખૂલશે.

---

### પ્રાણી-પક્ષી વિનિમય અનુસાર હવે નાના-મોટા ૧૮૦ પ્રાણી-પક્ષી બદલામાં અપાશે

# કાંકરિયા ઝૂ ખાતે બે વાઘણ અને ૬ દીપડા મહારાષ્ટ્રથી લાવવામાં આવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદના એકમાત્ર કાંકરિયા ખાતે આવેલ ઝૂ ખાતે બે વાઘણ અને ૬ દીપડા લાવવામાં આવ્યા છે. અન્ય રાજ્ય સાથે પ્રાણી-પક્ષીના આપ-લેના કરાર મુજબ નાગપુરાના ગોરેવાડા પ્રોજેક્ટ વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સેન્ટર પાસેથી કાંકરિયા ઝૂમાં વાઘણ અને દીપડા લાવવામાં આવતાં તેની સામે મહારાષ્ટ્રના ગોરેવાડામાં નાના મોટા મળી ૧૮૦ પ્રાણી-પક્ષીઓ વિનિમય અનુસાર અપાશે. ગોરેવાડા પ્રોજેક્ટ ખાતેથી દીપડા અને વાઘણને ત્રણ ટ્રક મારફતે કાંકરિયા ઝૂમાં લાવવામાં આવ્યા છે અને નિયમ અનુસાર તેમને એક માસ માટે ક્વોરેન્ટાઈનમાં રાખવામાં આવ્યા બાદ મુલાકાતીઓ માટે ખુલ્લા મૂકાશે. હાલમાં કાંકરિયા ખાતે ૨૧૦૦ જેટલા વન્ય પ્રાણીઓ રાખવામાં આવેલા છે.

કાંકરિયા પ્રાણી સંગ્રહાલય અને વાઈલ્ડ લાઈફ રેસક્યૂ સેન્ટર, ગોરેવાડા પ્રોજેક્ટ, નાગપુર સાથે પ્રાણી પક્ષીઓનો વિનિમય કરવા સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, નવી દિલ્હીની મંજૂરી મળેલી છે. જેના અનુસંધાને ૨૬ સપ્ટેમ્બરે ૨ વાઘણ અને ૬ દીપડા જેમાં ૩ માદા અને ૩ નરનો સમાવેશ થાય છે તેમને કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં લાવવામાં આવ્યા છે. ઝૂ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. શર્વ શાહ અને પ્રાણી સંગ્રહાલયના ૧૦ અધિકારી તથા કર્મચારીઓ દ્વારા ત્રણ ટ્રક મારફતે વાઘણ અને દીપડાને લાવવામાં આવ્યા છે. આ પ્રાણીઓને સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી, નવી દિલ્હીના નીતિ નિયમો અનુસાર ક્વોરેન્ટાઈન બાદ જોવા માટે ખુલ્લા મૂકવામાં આવશે. હાલમાં અમદાવાદ ઝૂ ખાતે એક સિંહ અને બે સિંહણ, એક સફેદ વાઘણ અને ત્રણ વાઘણ, નવ દીપડા જેમાં ૪-નર અને ૫ માદા, ૧-રીંછ, ૧-હાથી, ૨-હિપોપોટેમસ, ૯ શિયાળ અને મોટી સંખ્યામાં પક્ષીઓ અને સરિસૃપો કુલ મળી ૨૧૦૦ ઉપરાંત વન્ય પ્રાણીઓને કાંકરિયા પ્રાણીસંગ્રહાલયમાં રાખવામાં આવેલા છે. કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાંથી આપવામાં આવેલા પ્રાણી, પક્ષીઓ, સરિસૃપોના દર વર્ષે મોટી સંખ્યામાં બચ્ચાંઓ જન્મે છે અને વધારાના આ પ્રાણી, પક્ષીઓ અને સરિસૃપો ગોરેવાડા ઝૂને આપવામાં આવેલા છે. હાલમાં ગોરેવાડા ઝૂમાંથી કાંકરિયા ખાતે વાઘણ અને દીપડા લાવવામાં આવ્યા છે, તેની સામે કાંકરિયા ઝૂમાંથી પણ ગોરેવાડા ઝૂ ખાતે કેટલાક પ્રાણીઓ આપવામાં આવનાર છે. જેમાં રોઝી પેલિકન, વ્હાઈટ ઈબિસ, નાઈટ હેરોન, જાવા સ્પેરો, કોમ્બ ડક સ્પૂનબિલ, રોઝ-રીંગ પેરાકીટ, હોગ ડિયર, કોકટીલ, બજરીગર, પીચ ફેસ્ડ લવબર્ડ વગેરે વગેરે ગોરેવાડા ઝૂને આપવામાં આવશે.

---

### રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ આ ચાર સ્તંભો વિકસિત ભારતમાં મહત્ત્વપૂર્ણ

## ગરીબ કલ્યાણ મેળા ગરીબોના સશક્તિકરણનું જન-અભિયાન બન્યા

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ પણે જણાવ્યુ કે, ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોને મળવાપાત્ર સહાય, લાભ આપીને તેમના સશક્તીકરણનું જન અભિયાન બની ગયા છે. ૨૦૦૯-૧૦થી શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડીનો રાજ્યવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીએ બનાસકાંઠાના ડિસાથી કરાવ્યો હતો.

રાજ્યના ગરીબ વર્ગો તેમજ અંતરીયાળ વિસ્તારના વંચિતોને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ હાથોહાથ સરળતાએ પહોંચાડવામાં આ ગરીબ કલ્યાણ મેળા સફળ માધ્યમ બન્યા છે. તેમ જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ગરીબોનું આર્થિક-સામાજિક સશક્તિકરણ કેવી રીતે થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ છે.

રાજ્યના ૩૩ જિલ્લાઓમાં પણ મંત્રીઓની ઉપસ્થિતીમાં શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની આ ૧૪મી શૃંખલામાં સમગ્રતયા ૧ લાખ ૭૩૪ લાભાર્થીઓને કુલ ૩૧૮ કરોડથી વધુની સહાયનો લાભ આપવામાં આવ્યો હતો.

વડાપ્રધાને ગ્યાન એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ એમ ચાર સ્તંભોને વિકસીત ભારતના નિર્માણ માટે મહત્વપૂર્ણ ગણાવ્યા છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી અને ઉમેર્યું કે, નાનામાં નાના માનવી-ગરીબ-વંચિતના કલ્યાણને કેન્દ્રમાં રાખીને જ સરકારની યોજનાઓ બને છે અને તેનું સુચારૂ અમલીકરણ પર્ણ થાય છે. ગરીબો માટેના સમર્પણ અને તેમના કલ્યાણ સાથે સશક્તીકરણનો પ્રત્યક્ષ અનુભવ ગુજરાતના લાખો ગરીબોને ગરીબ કલ્યાણ મેળાથી થયો છે. સરકારે સામે ચાલીને ગરીબ લક્ષી યોજનાઓના મળવાપાત્ર લાભ ગરીબ લાભાર્થીઓને હાથોહાથ આવા ગરીબ કલ્યાણ મેળાથી પહોંચાડ્યા છે. તેમણે કહ્યું કે, ૨૦ જેટલા વિવિધ સરકારી વિભાગોની કલ્યાણકારી યોજનાઓના લાભ એક જ સ્થળેથી અને સંપૂર્ણ પારદર્શિતાથી ગરીબ લાભાર્થીઓને પહોંચાડીને સરકાર ગરીબોના સશક્તીકરણ માટે તેની પડખે ઉભી રહે છે. પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું કે, અરવલ્લીની ગિરિમાળાઓથી લઈને પશ્ચિમી રણ સુધી વિસ્તરેલા બનાસકાંઠા જિલ્લા માટે જુથ પાણી પુરવઠા યોજના મહત્વની બની રહેશે. આ યોજના થકી જિલ્લાના ડીસા, લાખણી અને અમીરગઢ તાલુકાના ૧૫૬ જેટલા ગામોનો સમાવેશ જુથ યોજના તળે કરવામાં આવ્યો છે. જુથ પાણી પુરવઠા યોજના કુલ ૫ ફેઝમાં પૂર્ણ કરવામાં આવશે.

---

### પરીક્ષાનો સમય બપોરના ૩ વાગ્યાથી ૬ વાગ્યા સુધીનો રહેશે

# રાજ્યમાં વધુ એક પરીક્ષા : GPSC વર્ગ ૧-૨ની મુખ્ય પરીક્ષાની તારીખ જાહેર કરાઈ

## આ ભરતીના કોલ લેટર તા.૭ ઑક્ટોબરથી ડાઉનલોડ કરી શકાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

GPSCની જાહેરાત ક્રમાંક ૪૭/૨૦૨૩-૨૪માં ગુજરાત વહીવટી સેવા વર્ગ ૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ ૧-૨ અને નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ ૨ મળીને કુલ ૨૯૩ જેટલી જગ્યાની જાહેરાત કરવામાં આવી હતી. જેની પ્રિલિમ પરીક્ષાના પરિણામ બાદ મુખ્ય પરીક્ષા આગામી ૨૦ ઑક્ટોબરથી ૨૫ ઑક્ટોબરની અંદર યોજાશે. જેનો સમય બપોરના ૩ વાગ્યાથી ૬ વાગ્યા સુધીનો રહેશે. આ ભરતીના કોલ લેટર ૭ ઑક્ટોબરથી ડાઉનલોડ કરી શકાશે. પરીક્ષાનું આયોજન અમદાવાદ અને ગાંધીનગરમાં કરવામાં આવશે. જાહેરાત અંગેની વધુ માહિતી GPSCની સત્તાવાર વેબસાઈટ પરથી મેળવી શકાશે.

જાહેરાતમાં વર્ગ ૧ હેઠળની જગ્યાઓમાં ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) - કુલ જગ્યા ૦૫, નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી) - કુલ જગ્યા ૨૬, જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) - કુલ જગ્યા ૦૨, નાયબ નિયામક (વિકસતી જાતિ) - કુલ જગ્યા ૦, આમ વર્ગ ૧ની કુલ ૩૪ જગ્યા માટે ભરતી થઈ રહી છે. તો વર્ગ ૨ હેઠળની જગ્યાઓમાં મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ) - કુલ જગ્યા ૯૮, સેક્શન અધિકારી (સચિવાલય) - કુલ જગ્યા ૨૫, સેક્શન અધિકારી (વિધાનસભા) - કુલ જગ્યા ૦૨, જિલ્લા નિરીક્ષક જમીન દફતર - કુલ જગ્યા ૦૮, નગરપાલિકા મુખ્ય અધિકારી - કુલ જગ્યા ૦૪, સરકારી શ્રમ અધિકારી - કુલ જગ્યા ૨૮, સમાજ કલ્યાણ અધિકારી - (અ.જા.ક.) કુલ જગ્યા ૦૪, રાજ્ય વેરા અધિકારી - કુલ જગ્યા ૬૭ મામલતદાર - કુલ જગ્યા ૧૨, તાલુકા વિકાસ અધિકારી - કુલ જગ્યા-૧૧ મળી વર્ગ ૨ હેઠળ કુલ ૨૫૯ જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

---

## અમદાવાદના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ




રાજ્યના કેટલાક જિલ્લાઓમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા ધડબડાટી બોલાવી રહ્યા છે. ક્યાંક ભારે પવનને કારણે વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ છે, તો ક્યાંક ધોધમાર વરસાદથી રોડ રસ્તા ઉપર પાણી ફરી વળ્યા છે. ત્યારે અમદાવાદ શહેરમાં પણ ગુરુંવારથી જ વરસાદની એન્ટ્રી થઈ છે અને શુક્રવારે વહેલી સવારથી શહેરમાં વરસાદી માહોલ છવાયો હતો, ત્યારે મોડી સાંજ બાદ અમદાવાદમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. ત્યારે જુહાપુરા વિસ્તારમાં ભરાયેલા પાણીની તસવીર. આ ઉપરાંત હજુ પણ આગામી ૪૮ કલાક દરમિયાન ગુજરાતના વિવિધ વિસ્તારમાં ક્યાંક ભારે તો ક્યાંક અત્યંત ભારે વરસાદની શક્યતાઓ છે.

---

### જેપીસીની યોજાયેલી બેઠક અંગે કોંગ્રેસના પ્રહાર

# ભાજપમાં માનનારા મુસ્લિમ લોકોને રજૂઆતની તક આપી તૃષ્ટિકરણ કરાયું

## કમિટીનો સમય ટૂંકાગાળાનો આપ્યો અને શુક્રવારનો દિવસ હોઈ નમાઝના કારણે મુસ્લિમ ન પહોંચી શકે તેવું કાવતરૂં રચાયું

અમદાવાદ,તા.૨૭

અમદાવાદ શહેરના સિંધુભવન વિસ્તારમાં આવેલ તાજ હોટેલમાં વક્ફ બોર્ડની બાબતે તા.૨૭-૯-૨૦૨૪ના રોજ અમદાવાદ મુકામે (જેપીસી)ની પાર્લામેન્ટ કમિટી આવી હતી. જેનું સમગ્ર સંચાલન ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના જનરલ સેક્રેટરી ચિરાગ શેખે જણાવ્યું હતું કે ગુજરાત સરકારે તૃષ્ટિકરણ કરેલ છે. મુસ્લિમ સમાજની સંસ્થાઓ, બુદ્ધિજીવીઓ તેમજ મુસ્લિમ સમાજના લોકોને (જેપીસી) કમિટીમાં રજૂઆત કરવાની હોય પરંતુ ગુજરાત સરકારે તક આપી નથી. સંસદની અંદર વક્ફ બોર્ડ બાબતે મુસ્લિમ સમાજને (જેપીસી) સામે રજૂઆત કરવા માટે સંસદ (જેપીસી) કમિટી બનાવી હતી. પરંતુ કમનસીબે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર હોઈ તેઓએ ભારતીય જનતા પાર્ટીમાં માનનાર મુસ્લિમ સમાજના લોકોને રજૂઆત કરવાની તક આપી હતી. જે મુસ્લિમો ભારતીય જનતા પાર્ટીના માનીતા હોઈ સરકાર તરફેણ કમિટી સમક્ષ રજૂઆત કરાવી હતી તે રજૂઆતો મુસ્લિમ સમાજને વક્ફ બોર્ડ બાબતે કોઈ લેવા દેવા નથી અને જે ભારતીય જનતા પાર્ટીના સભ્યોએ રજૂઆત કરી છે તે મુસ્લિમ સમાજને માન્ય નથી. તેમ છતા આ કમિટીનો સમય ખૂબ જ ટુંકાગાળાનો આપ્યો હતો અને સાથે સાથે શુક્રવારનો દિવસ હોઈ મુસ્લિમ સમાજ નમાઝના કારણે ના પહોંચે એવું કાવતરૂ ગુજરાત સરકારના વહીવટકર્તાઓએ કર્યું છે. વક્ફ બોર્ડમાં જે ચાલીસ (૪૦) સુધારા કરવામાં આવ્યા છે. તેનો મુસ્લિમ સમાજે સખ્ત વિરોધ નોંધાવ્યો છે.

---

### JPCની બેઠકમાં મુસ્લિમ અગ્રણીઓના પ્રતિનિધિ મંડળની રજૂઆત

# વક્ફ એક્ટમાં સૂચિત સુધારાઓ કોઈપણ રીતે યોગ્ય નથી તેમજ વક્ફ સંપતિઓ વિરૂદ્ધ છે

અમદાવાદ, તા.૨૭

વક્ફ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૪ માટે નિમાયેલ જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જે પી સી)એ આજરોજ અમદાવાદ ખાતે આવેલ તાજ હોટલ મુકામે ગુજરાતના વિવિધ પ્રતિનિધિ મંડળોની વક્ફ સુધારા બિલ ૨૦૨૪ અંગે રજૂઆતો અને તેમના મંતવ્યો સાંભળ્યા હતા અને સુનાવણી કરી હતી વક્ફ સુધારા બિલ ૨૦૨૪ના વિરોધમાં જમિયત ઉલમા ગુજરાતના મુફતી અહેમદ દેવલાની આગેવાનીમાં ગુજરાત ડેલિગેશન ફોર ૨૦૨૪ જેમાં ગુજરાતની વિવિધ મુસ્લિમ સંસ્થાઓ અને અગ્રણી મુસ્લિમોના પ્રતિનિધિ મંડળે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી સમક્ષ રજૂઆત કરી હતી વક્ફ એક્ટમાં આ સૂચિત સુધારાઓ કોઈપણ રીતે યોગ્ય નથી અને વક્ફ સંપત્તિઓ વિરૂદ્ધ છે તેવી રજૂઆત કરી હતી આ પ્રતિનિધિ મંડળમાં જમિયત ઉલમાં એ ગુજરાતના ઉપપ્રમુખ મુફતી અહેમદ દેવલા, જમિયત ગુજરાતના જનરલ સેક્રેટરી પ્રોફેસર નિશાર અહેમદ અન્સારી, સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલના પૂર્વ સદસ્ય એડવોકેટ ઈકબાલ શેખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ યુનુસ પટેલ, ગુજરાત હાઈકોર્ટના જાણીતા એડવોકેટ મોહમ્મદ તાહીર હકીમ, આર્કિટેક રિઝવાન કાદરી, જમાઅતે ઈસ્લામીના વાસીફ હુસેન સગીર અહેમદ અન્સારી, સુરતના એન્જિનિયર સોયબ અન્સારી, મુફતી કાન્હા અહેમદ યાકુબ માઈનોરીટી કો-ઓર્ડિનેશન કમિટીના મુજાહિદ નફીસ અબ્દુલ રસીદ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

---

### ‘નૈતિકતા સાથે આઝાદી’ વિષય પર

# એફ.ડી. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ ખાતે કાર્યશિબિર યોજાઈ



અમદાવાદ, તા.૨૭

એફ ડી હાઈસ્કૂલ ફોર ગર્લ્સ અત્રેની શાળા ખાતે જમાઅતે ઈસ્લામી હિંદ, ગર્લ્સ ઈસ્લામિક ઓર્ગેનાઈજેશનના સંયુક્ત ઉપક્રમે નૈતિકતા સાથે આઝાદી વિષય પર એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થિનીઓને નૈતિકતાની જરૂરિયાત પર વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. સારા અને ખરાબ વચ્ચેનો ભેદ પારખી સારા તરફ વળવાની અને સારૂં કરવામાં તકલીફ પડે તો પણ તેને ના છોડવા તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે ફેહમિદા કુરેશી બેને વિસ્તૃત છણાવટ કરી નૈતિકતા જ આઝાદી છે તેમ જણાવ્યું હતું. શાળાના પ્રિન્સીપાલ અનીસા શેખએ તેમની વાતને ટેકો આપી વિદ્યાર્થિનીઓને તેના પર અમલ કરી પોતાના વ્યક્તિત્વને ઉમદા બનાવવા અને સત્ય વચન બોલવા પર ભાર મૂક્યો હતો અને ઉપસ્થિત મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

# સુરતના સૈયદપુરાના તોફાનમાં તમામ ૨૬ આરોપીઓના જામીન મંજૂર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

સુરત લાલ ગેટ પોલીસ સ્ટેશનમાં આઠ સપ્ટેમ્બર ના રોજ રાત્રિના હોડી બંગલા સ્થિત આવેલ ગણેશ મંડપ પર સગીર બાળકો દ્વારા પથ્થર મારવા મુદ્દે સૈયદપુરા વિસ્તારમાં ભારે પથ્થરમારો થયો હતો. જે બાદ પોલીસે હત્યાનો પ્રયાસ અને રાયોટીંગનો ગુનો દાખલ કરી ૨૭ આરોપીઓની ધરપકડ કરી હતી. લાજપોર જેલમાંરહેલા ૨૭ આરોપીઓએ તેમના એડવોકેટ દ્વારા જામીન અરજી રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો પૂરી થતાં આજે અદાલત જામીન અરજી પર ઓર્ડર કરતા તમામ ૨૭ આરોપીઓને રૂા.૨૫ હજારની રકમ ભરવા સાથે જામીન મંજૂર કરાયા હતા. આ કેસની ટૂંકી વિગતો એવી છે કે, આઠ સપ્ટેમ્બરના રોજ સુરતના હોડી બંગલા વિસ્તારમાં ગણેશ મંડપ પર રિક્ષામાં આવી છ સગીર બાળકોએ પથ્થર મારો કર્યો હતો. ત્યારબાદ સૈયદપુરા પોલીસ ચોકી પાસે પથ્થર મારો થયો હતો. જામીન અરજીની સુનાવણી બાદ આજે કોર્ટે તમામ આરોપીઓનાં જામીન મંજૂર કરી દીધા છે.

---

### દાહોદની ઘટના મામલે અમદાવાદમાં વિરોધ

# NSUIના કાર્યકર્તાઓએ ગુજરાત યુનિ.ખાતે ઉગ્ર દેખાવો કરી રાજ્ય ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરી

(સેવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

દાહોદમાં પ્રિન્સીપાલ દ્વારા દુષ્કર્મના પ્રયાસ બાદ ધોરણ ૧ની વિદ્યાર્થિનીની હત્યાના પડઘા ગુજરાત યુનિવર્સિટી સુધી પડ્યા છે. NSUIએ હત્યારા હવસખોર આચાર્યને ફાંસી આપવાની માગ કરી છે. NSUIના કાર્યકર્તાઓએ ગુજરાત યુનિવર્સિટી ખાતે રાજ્યની ભાજપની સરકાર સામે ઉગ્ર દેખાવો યોજ્યા હતા અને ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાની માગ કરી હતી. NSUIના કાર્યકર્તાઓએ સીધો આરોપ લગાવ્યો કે ભાજપના રાજમાં તેમના જ મળતિયાઓ અને કાર્યકર્તાઓ માસૂમ દીકરીઓ પર અત્યાચાર ગુજારી રહ્યા છે અને સરકાર નિષ્ક્રિય બની તમાશો જોઈ રહી છે. આ બિલકુલ ચલાવી લેવામાં નહીં આવે. રાજ્યમાં એક બાદ એક શિક્ષણ જગતને શર્મસાર કરતી ઘટનાઓ સામે આવી છે. જેમાં ક્યાંક ને ક્યાંક ભાજપના કાર્યકર્તાઓની સંડોવણી સામે આવી છે અને છતા તેમની સામે કોઈ દાખલારૂપ કાર્યવાહી કરાઈ નથી. જેને લઈને યુથ કોંગ્રેસ વિંગ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. વિરોધ કરી રહેલા કાર્યકર્તાઓએ યુનિવર્સિટીનો એક સાઈડનો રોડ પણ રોકવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

# ગાઝામાં વીજળી નથી, કારણ કે ઈઝરાયેલ ઊર્જાના અન્ય વિકલ્પો પર ધ્યાન આપી રહ્યું છે

(એજન્સી) તા.૨૭

લગભગ એક વર્ષ પહેલાં ગાઝા પર નરસંહારની શરૂઆત થઈ ત્યારથી, ઈઝરાયેલે હિંસા અને વિનાશ વચ્ચે એન્ક્લેવમાં તમામ વીજળીના સ્ત્રોતો કાપી નાખ્યા છે, પેલેસ્ટીની ઈન્ફર્મેશન સેન્ટરે લખ્યું છે. ઘણા લોકોએ તેને નરસંહાર ગણાવ્યો છે. તે સમયે ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી યોવ ગેલન્ટે જાહેરાત કરી કે ગાઝાને પાણી, વીજળી અને ખાદ્ય પુરવઠો સંપૂર્ણપણે કાપી નાખવામાં આવશે, સ્ટ્રીપમાં રહેતા પેલેસ્ટીનીઓને "માનવ પ્રાણીઓ" ગણાવ્યા.

દરમિયાન કબજાવાળા રાજ્ય દ્વારા હવાઈ હુમલાઓએ નાગરિકોના ઘરો અને અન્ય માળખાકીય સુવિધાઓને નિશાન બનાવવાનું ચાલુ રાખ્યું છે, ગાઝાને સંપૂર્ણ અંધકારમાં ડૂબી ગયુ છે. આનાથી દૈનિક જીવન જટિલ બન્યું છે કારણ કે વસ્તી જીવનના તમામ પાસાઓ, ઘરો તેમજ હોસ્પિટલો અને અન્ય જાહેર સુવિધાઓ માટે વીજળી પર સંપૂર્ણપણે નિર્ભર છે.

ગાઝામાં વીજળીની સમસ્યા નવી કે તાજેતરની વાત નથી. હોસ્પિટલ જેવા સ્થળોએ ઈમરજન્સી બેક-અપ જનરેટર, નામ પ્રમાણે, ટૂંકા ગાળાના કટોકટીના ઉપયોગ માટે છે, કાયમી વિકલ્પ તરીકે નહીં. તેઓ તૂટી જાય છે અને કબજાવાળા રાજ્ય દ્વારા ગાઝાની લગભગ ૨૦-વર્ષની નાકાબંધીને કારણે સ્પેરપાર્ટ્સ અવરોધિત છે. નરસંહાર યુદ્ધના પ્રથમ કુલ પાવર આઉટેજ શરૂ થયું હતું, જ્યારે ઈઝરાયેલે પાવર સ્ટેશન ચલાવવા માટે જરૂરી બળતણ કાપી નાખતા તમામ પાવર લાઈન અને બંધ ક્રોસિંગ અથવા વૈકલ્પિક ઊર્જા પ્રદાન કરતા જનરેટર ઉપલબ્ધ નહોતા.યુદ્ધ અને હત્યાઓ છતાં નિર્ધારિત પેલેસ્ટીનીઓ આ કટોકટીને દૂર કરવા માટે વિકલ્પો શોધી રહ્યા છે. આ વિકલ્પોમાંથી એક સોલાર પેનલ્સ છે, જે એક લોકપ્રિય ઉકેલ બની ગયો છે. જોકે, માંગને કારણે ભાવ આસમાને છે. વૈકલ્પિક ઊર્જા પ્રણાલીના નિષ્ણાત એન્જિનિયર હસન અબ્દુલ વહાબે જણાવ્યું કે સોલાર પેનલના ભાવમાં અનેકગણો વધારો થયો છે. યુદ્ધ પહેલાં ૨૦૦ ડોલરમાં વેચાતી ૬૬૦-વોટની પેનલ હવે ૧,૩૦૦ ડોલર કરતાં વધુમાં વેચાય છે. તેમણે જણાવ્યું કે સોલાર પેનલ્સ દુર્લભ બની ગઈ છે, કારણ કે યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈઝરાયેલે સરહદ પારથી તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. કેબલ્સ, બ્રેક્સ અને મોટી બેટરીઓમાં પણ નોંધપાત્ર ભાવ વધારો જોવા મળ્યો છે, જે કેટલીકવાર તેમની મૂળ કિંમત કરતાં દસ ગણા



સુધી પહોંચે છે. અબ્દુલ વહાબના જણાવ્યા મુજબ મધ્યમ કદની સોલાર પાવર સિસ્ટમની કિંમત જે યુદ્ધ પહેલા લગભગ ૪,૦૦૦ ડોલર હતી, તે હવે વધીને ૨૦,૦૦૦ ડોલરથી વધુ થઈ ગઈ છે. મહમૂદ અલ-મગરાબી, જેમણે ચાર્જિંગ સ્ટેશન સ્થાપ્યું હતું અને યુદ્ધ પહેલાં તેની માલિકીની સોલાર પેનલ્સનો ઉપયોગ કરીને બરફનું પાણી વેચવાનું શરૂ કર્યું હતું, જણાવ્યું કે આ વિકલ્પો સંપૂર્ણપણે વીજળીને બદલી શકતા નથી. ગાઝા લગભગ ૨૦ વર્ષથી વીજળીની અછતથી પીડાય છે, પરંતુ યુદ્ધની શરૂઆતથી પરિસ્થિતિ નાટકીય રીતે વણસી ગઈ છે, જેના કારણે ઘરોમાં વીજળી નથી. અલ-મગરાબીએ સમજાવ્યું કે વીજળી વિના જીવન ચાલુ રહી શકે નહીં. "આપણે વૈશ્વિકરણ અને ડિજિટલ ક્રાંતિના યુગમાં જીવી રહ્યા છીએ, છતાં પણ આપણી પાસે વીજળી નથી. આ કેવો આતંકવાદ અને અપરાધ છે ?"

ગાઝાની વીજળીની જરૂરિયાતો ૪૦૦ અને ૫૦૦ મેગાવોટની વચ્ચે છે, જે શિયાળા અને ઉનાળા દરમિયાન ૬૦૦ મેગાવોટ સુધી પહોંચે છે. જો કે, યુદ્ધ પહેલા પણ ઈજિપ્તીયન અને ઈઝરાયેલી સ્ત્રોતોમાંથી ઉપલબ્ધ વીજળી, સ્થાનિક ઉત્પાદન સાથે મળીને, ક્યારેય ૨૫૦ મેગાવોટથી વધી ન હતી, પરિણામે ૫૦-૭૦ ટકાની અછત હતી. આ અછત વીજ વિતરણ કાર્યક્રમોમાં પ્રતિબિંબિત થઈ હતી, જે તમામ વીજ પુરવઠો બંધ થવાને કારણે લગભગ અગિયાર મહિનાથી સંપૂર્ણ રીતે અટકી ગયા છે.

# બાઈડેન, બ્લિંકન વ્યક્તિગત રીતે પેલેસ્ટીનીઓ સામે નરસંહારમાં સામેલ છે : હમાસ

(એજન્સી) તા.૨૭

કુદ્સ પ્રેસના અહેવાલ મુજબ હમાસે અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટોની બ્લિંકન અને રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત યુએસ પ્રશાસન પર પેલેસ્ટીનીઓ વિરૂદ્ધ નરસંહારમાં સામેલ થવાનો આરોપ મૂક્યો છે. અમેરિકન ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ આઉટલેટ પ્રોપબ્લિકાએ દાવો કર્યો કે બ્લિંકને ઈરાદાપૂર્વક ગાઝામાં ઈઝરાયેલી લશ્કરી ગુનાઓની વિગતો કોંગ્રેસથી છુપાવી હતી તે પછી આ આવ્યું છે કારણ કે તેને ભય હતો કે તે કબજાવાળા રાજ્યની સૈન્યને શસ્ત્રોના પુરવઠાને અસર કરશે.

હમાસે ગઈકાલે એક અખબારી નિવેદનમાં જણાવ્યું કે "બ્લિંકન દ્વારા કરવામાં આવેલા આ ગુનાહિત વર્તનની યુએસ કોંગ્રેસ અને યુએસ ન્યાયિક સંસ્થાઓના માનનીય સભ્યો દ્વારા તપાસ થવી જોઈએ. તેના પરિણામે આપણા હજારો લોકોના મૃત્યુ થયા છે, કાં તો સીધી હત્યા દ્વારા અથવા યુએસ દ્વારા. શસ્ત્રો "ગુનાહિત યહુદી એન્ટિટી દ્વારા હાથ ધરવામાં આવતી ભૂખમરો અને વંચિતતાની નીતિઓ દ્વારા અથવા તેની સાથે મળીને, જે આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના મૂળભૂત સિદ્ધાંતોનું ઘોર ઉલ્લંઘન છે." આ ચળવળએ "આંતરરાષ્ટ્રીય ન્યાયિક સંસ્થાઓને આહ્વાન કર્યું છે, જેમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત છે, આ અહેવાલોને ગંભીરતાથી લે અને બ્લિંકન સામે કાનૂની કાર્યવાહી કરે કારણ કે તે ગાઝા



પટ્ટીમાં આપણા પેલેસ્ટીની લોકોની ઈરાદાપૂર્વક ભૂખમરો અને નરસંહારમાં સામેલ છે." ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (ICJ)માં ઈઝરાયેલ પર નરસંહાર માટે ટ્રાયલ ચાલી રહી છે. તેના નેતાઓને ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા સંભવિત ધરપકડ વોરંટનો પણ સામનો કરવો પડે છે. ICJએ ઈઝરાયેલના કબજાને ગેરકાયદેસર ગણાવ્યું છે અને સંયુક્ત રાષ્ટ્રએ રંગભેદી રાજ્ય ૧૨ મહિનાની અંદર તેના ગેરકાયદેસર કબજાને સમાપ્ત કરવાની માંગ કરી છે.

# ઈઝરાયેલ દ્વારા હવાઈ હુમલા વધારી દેવામાં આવતા ગાઝા જેવો નરસંહાર થઈ જવાની લેબેનોનને ભીતિ

**ઈઝરાયેલના લશ્કરી આક્રમણ અને કાર્યવાહીને કારણે ગાઝા જેવી પરિસ્થિતિનું પુનરાવર્તન થવાની અને નાગરિક વિસ્તારો ખાલી કરવાના આદેશ આવે અને હજારો લોકો વિસ્થાપિત થાય એવી લેબેનોનમાં ઘણાને ભીતિ, ઈઝરાયેલના મોટા પ્રમાણમાં હવાઈ આક્રમણનો પણ ડર**

(એજન્સી) બૈરૂત, તા.૨૭

લેબેનોન પર ઈઝરાયેલના હવાઈ આક્રમણ અને લશ્કરી કાર્યવાહી તથા નાગરિકોને સલામત સ્થળે ચાલ્યા જવાના ઈઝરાયેલી આર્મીના આદેશને કારણે હવે લેબેનોનમાં ગાઝા જેવી પરિસ્થિતિનું નિર્માણ થશે એવો હવે ઘણાને ડર લાગવા લાગ્યો છે. નાગરિકોને લેબેનોન છોડી દેવા ચેતવણીઓ જારી કરવામાં આવતા જ એલીન નાસરને ખ્યાલ આવી ગયો કે અહીં પણ ગાઝા જેવું થઈ શકે છે. એક વર્ષથી બૈરૂતની ૨૬ વર્ષીય એલીન ગાઝાની હાલત જોઈ રહી છે હજારો લોકો વિસ્થાપિત થઈ રહ્યા છે અને માર્યા ગયા છે એક સ્થળેથી બીજા સ્થળે હજારો લોકો નાસી રહ્યા છે કહેવાતા માનવતાવાદી ઝોન ઊભા કરવામાં આવે છે અને તેના ઉપર પણ બોમ્બમારો થતાં ત્યાંથી પણ લોકોને નાસી જવું પડે છે. ગાઝા સાથેના એક વર્ષના યુદ્ધ બાદ હવે ઈઝરાયેલની નજર લેબેનોન પર ઠરી છે અને ઈરાન સમર્થિત બંડખોર જૂથ હિઝબુલ્લાહ પર આક્રમણ શરૂ કરી દીધું છે અને વધુ મોટાપાયે યુદ્ધ થવાની બૈરૂતવાસીઓને આશંકા છે. ઈઝરાયેલની આર્મી અહીં ગાઝા પટ્ટીનું પુનરાવર્તન કરે એવી બધાને આશંકા છે. વિસ્તારો છોડી દેવાના હુકમ તથા હજારો વિસ્થાપિત થાય એ દશ્યો અને હવાઈ હુમલાને પણ ગાઝા બનાવે એવી અહીં ઘણાને આશંકા છે હવાઈ હુમલા શરૂ પણ થઈ ચૂક્યા છે. જો કે, બે વિસ્તારોની લડાઈ વચ્ચે તફાવત છે. બંડખોર જૂથના રોકેટ આક્રમણને કારણે જે હજારો ઈઝરાયેલી નાગરિકો વિસ્થાપિત થઈ ગયા છે એ ફરીથી પોતાના વિસ્તારોમાં આવી શકે એ માટે ઈઝરાયેલ સરહદ પરથી બંડખોર જૂથને વધુ ઊંડું પાછળ ધકેલી દેવા માંગે છે. ઘણા લોકોને એવી ભીતિ છે કે, ઈઝરાયેલનું લશ્કર ગાઝાની જેમ જ લેબેનોનમાં પણ વધારે પડતું બળ વાપરી શકે છે એવું માનવ અધિકાર જૂથો અને યુનોને પણ લાગે છે કેમ કે ઈઝરાયેલના અધિકારીઓ લેબેનોનનો પણ ગાઝાની



જેમ વિનાશ કરવાની ધમકીઓ આપી ચૂક્યા છે. સોમવારે એક જ દિવસમાં ઈઝરાયેલના હવાઈ આક્રમણમાં લેબેનોનમાં ૧૬૦૦ જેટલા વિસ્તારો પર બોમ્બમારો કરવામાં આવ્યો હતો જેમાં ૫૦૦થી વધુ નાગરિકો મારી ગયા હતા અને ૧૬૪૫ લોકો ઘાયલ થયા હતા. હવાઈ હુમલાની સાથે-સાથે આખો દિવસ નાગરિકોને સ્થળાંતર કરી જવાની ચેતવણીઓ પણ ઈઝરાયેલના લશ્કર દ્વારા આપવામાં આવી હતી. બંડખોર જૂથ દ્વારા જ્યાં જ્યાં શસ્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો હોય એ તમામ ઈમારતો અને એ વિસ્તારોમાંથી હટી જવા ઈઝરાયેલ દ્વારા નાગરિકોને ચેતવણીઓ આપવામાં આવી રહી છે. આવી ચેતવણી આપવાનો બીજો અર્થ એ છે કે, લોકોમાં અરાજકતા અને ભય ફેલાઈ જાય આવું જ ઈઝરાયેલી આર્મીએ ગાઝામાં કર્યું છે પણ ત્યાં ૪૧,૦૦૦ની નાગરિકોને ઈઝરાયેલ દ્વારા મારી નાખવામાં આવ્યા છે એટલે જે કહેવાતા માનવતાવાદી ઝોન ઊભા કરવામાં આવે છે એ પણ લોકો માટે સુરક્ષિત રહ્યા નથી એટલે જ લેબેનોનમાં લોકો ભયભીત બની ગયા છે.

# UNRWA : ગાઝામાં ૬,૨૫,૦૦૦ બાળકો 'ગંભીર આઘાતમાં' છે

(એજન્સી) તા.૨૭

યુનાઈટેડ નેશન્સ રિલીફ એન્ડ વર્ક્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (UNRWA)એ જણાવ્યું કે લગભગ ૬,૨૫,૦૦૦ પેલેસ્ટીની બાળકો ગાઝામાં કાટમાળ વચ્ચે જીવી રહ્યા છે, જ્યારે કબજાવાળા વેસ્ટ બેંકમાં ઈઝરાયેલી હુમલાઓને કારણે હજારો વધુ લોકો સંકટમાંથી ભાગી રહ્યા છે. તેણે જણાવ્યું કે "જ્યારે અંદાજે ૬,૨૫,૦૦૦ અત્યંત સંવેદનશીલ છોકરીઓ અને છોકરાઓ શાળાની બહાર છે અને ગાઝામાં કાટમાળમાં જીવે છે, ત્યારે વેસ્ટ બેંકમાં ઘણા બાળકો વધતી હિંસાથી પીડાય છે જે તેમના જીવન અને શિક્ષણને અવરોધે છે." ગઈકાલે X પરની એક પોસ્ટમાં UNRWAએ સમર્થન કર્યું કે "પેલેસ્ટીની બાળકોને પાછલા વર્ષમાં #GazaStrip અને #WestBankમાં ભયંકર નુકસાન થયું છે." અગાઉની પોસ્ટમાં ચેતવણી આપવામાં આવી



કે "#ગાઝામાં યુદ્ધ પહેલાં પણ મોટાભાગના પરિવારો તેમના નાના બાળકોને તેમના શાળાના પ્રથમ વર્ષ માટે તૈયાર કરવા માટે ખવડાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, યુદ્ધના લગભગ ૧૨ મહિના પછી, અમે ચિંતાજનક વધારો જોયો છે. કુપોષણ, રોગ અને મૃત્યુમાં."



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ......

ગુજરાત ટુડે

# બદલાપુર એન્કાઉન્ટર અંગે હાઈકોર્ટે ઉઠાવેલા સવાલ માત્ર મહારાષ્ટ્ર જ નહીં અન્ય રાજયોને પણ લાગુ પડે છે

મહારાષ્ટ્રના બદલાપુર ખાતેની શાળામાં બાળકીઓની જાતીય સતામણીના આરોપીને એન્કાઉન્ટરમાં ઠાર મારવા સામે સંખ્યાબંધ ક્ષેત્રોમાંથી સવાલો ઉઠી રહ્યા છે પરંતુ મુંબઈ હાઈકોર્ટે આ અથડામણ અંગે મહારાષ્ટ્ર પોલીસની થિયરી બાબતે ખૂબ વેધક સવાલો કર્યા છે. અદાલતે આ એન્કાઉન્ટર અંગે શંકા વ્યકત કરતા તપાસનો આદેશ આપ્યો છે પરંતુ હાઈકોર્ટે ઉઠાવેલા આ પ્રશ્નો માત્ર મહારાષ્ટ્ર જ નહીં પરંતુ ઉત્તરપ્રદેશ સહિત એ તમામ રાજ્યોની પોલીસ પર લાગુ પડે છે કે જે 'એન્કાઉન્ટર' ગણાવીને આરોપીઓને મોતને ઘાટ ઉતારે છે અને એને પોતાની સિદ્ધિ ગણાવે છે.

એ વાત સાચી કે ગુંડાઓ,અસામાજિક તત્ત્વો અને પોલીસ વચ્ચે થતી અથડામણો (એન્કાઉન્ટર્સ) કોઈ નવાઈની વાત નથી.. છેલ્લા ઘણાય વર્ષોથી આ એન્કાઉન્ટર કલ્ચર દેખાઈ રહ્યું છે...પરંતુ આવી અથડામણોના પણ કેટલાક નિયમો કે કાયદાઓ છે. પોલીસ સમક્ષ અચાનક જ્યારે એવી સ્થિતિ આવી પડે કે તેને જ પોતાની રક્ષા માટે ગોળી ચલાવવી જ પડે એમ હોય તો તેને એટલે કે પોલીસને આરોપીની કમર નીચેના ભાગે ગોળી મારવાની ટ્રેનિંગ આપવામાં આવે છે. પરંતુ આપણે જોઈએ છીએ કે છેલ્લા ત્રણેક દાયકાઓમાં થયેલા મોટા ભાગના એન્કાઉન્ટર્સમાં પોલીસ મોટા ભાગે આ નિયમનું પાલન કરતી નથી. તેનાથી સૌથી પહેલી શંકા એ જ જાય છે કે પોલીસ પોતાની ખામીઓ છુપાવવા માંગે છે અથવા તો તેને કોર્ટો પર ભરોસો રહ્યો નથી એટલે તે પોતે જ જજ બનીને આરોપીને સજા કરવા મંડી પડે છે...આ પ્રકારના શંકાસ્પદ જણાતા કે નકલી દેખાતા એન્કાઉન્ટર્સમાં ઘણા કિસ્સામાં રાજકીય પીઠબળ કે ઈશારાની પણ ગંધ આવે છે કારણ કે એન્કાઉન્ટર્સ કરનારી પોલીસને ખબર હોય છે કે તેમનો વાળ પણ વાંકો થશે નહીં. કદાચ શાસનમાં રહેલા લોકોએ જ આ માટે તેને અઘોષિત રીતે લીલીઝંડી આપી હોય છે. આ રીતે પોલીસ પોતે જ કોર્ટ બનીને આરોપીઓને સજા કરવા માંડે તો લોકશાહીમાં ન્યાયની મૂળ ભાવના તો મરી જ જાય છે સાથોસાથ આરોપી માર્યો જતાં તેની સાથે સંકળાયેલા અનેક તથ્યો પણ કાયમને માટે ખતમ થઈ જાય છે. આ પ્રકારના કેસોમાં સત્ય કયારેય બહાર આવી શકતું નથી. બાકી ન્યાયનો મૂળ સિદ્ધાંત તો એ જ છે કે કોઈ પણ આરોપીને ત્યાં સુધી દોષિત માની શકાય નહીં કે જ્યાં સુધી તેનો ગુનો સાબિત ન થઈ જાય...બાકી આપણે ત્યાં તો એવા ઘણા દાખલા છે કે કોઈ કેસમાં સાવ ખોટી વ્યકિતને આરોપી બનાવી દેવાઈ હોય... પરંતુ કેટલાક ચોક્કસ રાજ્યોની પોલીસ પોતાને જ સર્વસત્તાધીશ માનીને પોતે જ ગુનાઈત કેસોમાં જાતે નિર્ણય કરીને સજા આપવા લાગી છે. કેટલાક રાજકીય પક્ષો કે તેમના નેતાઓ પણ આવી વાંધાજનક કામગીરીને યોગ્ય ગણાવી પોલીસની પીઠ થપથપાવે છે. હજુ થોડા દિવસો પહેલા જ યુપીમાં થયેલા એન્કાઉન્ટર્સ અંગે રાજકારણ ગરમાયું છે જેમાં જ્ઞાતિ આધારિત સમીકરણો પણ ઉછળ્યા છે. આમ એન્કાઉન્ટર્સ દર્શાવીને કોઈ આરોપીને ઠાર મારવા પાછળ રાજકીય ગણતરીઓ પણ હોય તો તેને કઈ રીતે યોગ્ય ઠરાવી શકાય ? ખરેખર તો એન્કાઉન્ટર્સમાં ખપાવીને આરોપીઓને મોતને ઘાટ ઉતારવાનું વલણ જ શંકાસ્પદ અને અનેક પ્રશ્નો ઊભા કરે છે. આ પ્રકારની વિકૃતિને કયારેય કોઈ સભ્ય સમાજમાં સ્વીકૃતિ ન આપી શકાય.. ખાસ કરીને લોકશાહી પ્રણાલિમાં તો આરોપીઓને સજા આપવાની એક ન્યાયિક પ્રક્રિયા છે તેને ઉથાપીને જો સરકારી બંદૂકો જ હિસાબ કરવા માંડશે તો પછી સમગ્ર લોકતાંત્રિક વ્યવસ્થાના અસ્તિત્વ સામે જ સવાલ ખડા થઈ જશે.

# આટઆટલાં જોરદાર અને પ્રચંડ વિરોધ પ્રદર્શનો છતાં ભારતમાં બળાત્કાર કેમ થતાં રહે છે ?

## દૃષ્ટિકોણ

**- ફાધર સુનિલ એસ. મેકવાન (અમદાવાદ)**

૯મી ઓગસ્ટે કોલકાતામાં એક ૩૧ વર્ષીય મેડિકલ છાત્રાની થયેલી ક્રૂર હત્યાના વિરોધમાં થયેલા રાષ્ટ્રવ્યાપી પ્રદર્શનોએ, દેશમાં બળાત્કાર અને હત્યાના બીજા એક કેસ સામે આપણી સામૂહિક વેદનાને પડઘો પાડીને છતી કરી છે. તે પછી પણ, પીડિત પરિવારને ન્યાય હાથતાળી આપી રહ્યો છે કારણ કે આ ગુનાની આસપાસના રાજકારણ, ષડયંત્ર અને કાવતરા દરરોજ ઊંડા ગરકવ થતાં જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાંના વિવિધ રાજકીય સંગઠનો આ ભયાનક ઘટના અંગે એકબીજાને દોષી ઠેરવીને શાબ્દિક યુદ્ધ કરી રહ્યાં છે. દરમિયાન, કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજમાં શરૂ થયેલો વિરોધ હવે મૌન રેલી અને મીણબત્તી સરઘસોના રૂપમાં ઝડપથી સમગ્ર ભારતમાં ફેલાઈ ગયો છે. આ બધું ૨૦૧૨ના નિર્ભયા કેસની યાદ અપાવે છે, જયારે સમગ્ર રાષ્ટ્ર દિલ્હીમાં એક નિર્દોષ યુવતીના આઘાતજનક બળાત્કાર અને હત્યા સામે અવાજ બનીને એકજૂટ થઈને ઊભું હતું. કોલકાતાના કિસ્સામાં પણ, લાખો ભારતીયો રસ્તા પર ઉતરી આવ્યા છે અને તેમણે આ ભયાનક ઘટના પર પોતાની વેદના અને હતાશા વ્યક્ત કરી છે.

મહિલાઓની સુરક્ષા અને મહિલાઓના અધિકારોના સમર્થનમાં સ્વયંભૂ અને જુસ્સાદાર પ્રદર્શનો એ એક પ્રોત્સાહક સંકેત છે, તેઓ એક ચિંતાજનક પ્રશ્ન પણ ઉભા કરે છેઃ આ ગુના સામે સતત વધી રહેલા જાહેર વિરોધ છતાં ભારતમાં બળાત્કાર શા માટે થતા રહે છે?

ભારતમાં બળાત્કાર અને હત્યાના કેસ સામેના દરેક ઉગ્ર વિરોધ પછી, આવા થોડા વધુ કિસ્સાઓ હેડલાઇન્સમાં ચમકી ઉઠ્યા છે!

ઉદાહરણ તરીકે, કોલકાતા કેસ બન્યો તેના થોડા દિવસો પહેલા, ૧૨ ઓગસ્ટના રોજ ઉત્તરાખંડના દેહરાદૂનમાં બસમાં એક કિશોરી પર ગેંગરેપ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ૨૧ ઓગસ્ટના રોજ દસ વર્ષની બાળકી પર બળાત્કાર અને બાદમાં તેની હત્યા કરવામાં આવી હતી. મધ્યપ્રદેશના ભોપાલમાં ૧૨ સપ્ટેમ્બરના રોજ બે આર્મી ઓફિસરોને લૂંટી લઈને તેમની મહિલા મિત્ર સાથે ગેંગરેપ કરવામાં આવ્યો હતો. આ કિસ્સાઓથી સ્પષ્ટ થાય છે કે, મહિલાઓ પરના અત્યાચારો સામે જાહેર વિરોધને પગલે વધુ બળાત્કાર અને હત્યાઓનું વિચલિત વલણ મજબૂત રીતે ચાલુ જ છે. આજકાલ, દરેક હેડલાઈન બનાવનારને બળાત્કાર પુર્વાનુભવ લાગે છે! માત્ર પરિપ્રેક્ષ્ય માટે, તાજેતરના ન્યૂઝ-ચેનલના અહેવાલ મુજબ, ગયા વર્ષે ભારતમાં બળાત્કારના ૩૧,૫૧૬ કેસ નોંધાયા હતા, જેનો અર્થ એ થાય છે કે દરરોજ ૮૬ કેસ અને દર કલાકે ચાર કેસ! આવી ચિંતાજનક સંખ્યાઓને જોતા, આશ્ચર્ય થાય છે કે ભારતમાં પ્રચંડ બળાત્કારની સંસ્કૃતિ સામે સર્વવ્યાપી વિરોધ શા માટે શક્તિહીન સાબિત થાય છે? વિરોધ પ્રદર્શનો બળાત્કારને રોકવામાં કેમ નિષ્ફળ જાય છે? જોકે તે માટે કોઈ સરળ જવાબ નથી. ત્રણ પરિબળો આ તદ્દન વાસ્તવિકતાને સમજાવી શકે છે ધારણા, રાજકારણ અને પિતૃસત્તા.

બળાત્કાર સામેના વિરોધને તેની સાથે જોડાયેલ ચુનંદા સ્વરને કારણે ઘણા લોકો ભૂલથી તેને શહેરી ઘટના તરીકે ગણે છે. જો કે તે એક ધૃણાસ્પદ ધારણા છે; તેમ છતાં તે વિરોધની શક્તિને અમુક અંશે ઘટાડે છે.

આજકાલ જયારે પણ બળાત્કારની ઘટનાના સમાચાર આવે છે ત્યારે હજારો સામાજિક કાર્યકરો, રાજકીય આનુષંગિકો, વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યો, પરોપકારીઓ અને સંનિષ્ઠ નાગરિકો વિરોધ કરવા રસ્તા પર ઉતરી આવે છે. સ્ત્રીઓ પરના આવા અત્યાચાર સામે સ્વૈચ્છિક આક્રોશ સમકાલીન ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. જો કે, એવું લાગે છે કે ગુનેગારો આવા વિરોધથી ભાગ્યે જ ડરતા હોય છે. વધુ વિરોધ અને વધુ સોશિયલ મીડિયા કવરેજ ભારતમાં બળાત્કારના કેસોને ઓછા કરતું નથી. કદાચ, બળાત્કારીઓ બળાત્કાર સામેના વિરોધને એક આમ ઘટના માને છે, જે ઝડપથી વધે છે, ઘણાનું ધ્યાન ખેંચે છે, અને પછી તરત જ વિખરાઈ પણ જાય છે.

કદાચ આપણા 'વિરોધ' સાથે જોડાયેલ દશ્યતા, પ્રસિદ્ધિ અને હંગામા ત્યાં ખૂબ છે જેથી ગુનેગારો કદાચ તેને પૂર્વસૂચન તરીકે જુએ છે.

કદાચ આજકાલ વિરોધ વધુ પડતા શહેરી અને નૈતિક નિંદાની સંવેદનાત્મક મજબૂત ભાવના લાગે છે. કદાચ, આપણા વિરોધ પ્રદર્શનો આપણો સામૂહિક આક્રોશ અને પીડાને અસરકારક રીતે રજૂ કરવા અને વિસ્તૃત કરવા માટે વધુ અદભૂત અને મીડિયા મૈત્રીપૂર્ણ બન્યા છે.

તેથી, બળાત્કાર સાથે જોડાયેલી રાજનીતિ ઘણીવાર ગુનેગારોને સુરક્ષાની ભાવના આપીને, ગુનામાંથી જ ફોકસ દૂર કરે છે. જયારે લાખો ભારતીયો પીડિતો સાથે તેમની એકતા વ્યક્ત કરવા અને સરકાર પાસેથી જવાબદારીની માંગ કરવા વિરોધ પ્રદર્શનમાં જોડાય છે, ત્યારે અન્ય અસંખ્ય લોકો માત્ર રાજકીય લાભ મેળવવા માટે તેમાં ભાગ લે છે. કમનસીબે, ભારતમાં બળાત્કારના મોટાભાગના કિસ્સાઓ રાજકીય અખાડાની અથડામણો બની જાય છે જેમાં તેમના વિરોધીઓને બદનામ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જ્યારે રાજકારણ ન્યાયને નબળો પાડે છે, ત્યારે પીડિતોની સુખાકારી માટે માનવતાવાદી, સામાજિક અને નૈતિક ચિંતાઓ ઝડપથી છુપાયેલા એજન્ડા અને શક્તિની ગતિશીલતાની પેટાકંપની બની જાય છે. બળાત્કાર અને મહિલાઓ પરના અત્યાચાર જેવા સામાજિક મુદ્દાઓનું રાજનીતિકરણ પણ વિરોધ અને જાહેર ગુસ્સાની પરિવર્તનશીલ શક્તિને તટસ્થ કરી નાખે છે. આવા સંજોગોમાં, પીડિતાના અધિકારોને ઘણીવાર ઘટનાના રાજકીયકરણની સરખામણીમાં ઓછા મહત્વના ગણવામાં આવે છે. જયારે રાજકારણ ઈરાદાપૂર્વક અમાનવીય ગુનાને દોષની રમતમાં રૂપાંતરિત કરી દે છે, ત્યારે ગુનેગારોને અજાણતા તેનો ફાયદો થાય છે કારણ કે કાનૂની દાવપેચ ઝડપી ન્યાયમાં અવરોધરુપ બને છે. અત્યાચારી ગુનાઓનું રાજનીતિકરણ માત્ર ગણતરીના ફાયદા માટે અનાવશ્યક મુદ્રા અને સૂત્રોચ્ચાર તરફ દોરી જાય છે. જયારે રાજકીય હેતુઓ સાર્વજનિક વિરોધને ઊભો કરે છે, ત્યારે બળાત્કારીઓ મુક્તપણે ફરે છે, સાદી દૃષ્ટિમાં છુપાઈને, તેમના આગામી પીડિતા (શિકાર)નો પીછો કરે છે. તેવી જ રીતે, ઊંડે જડેલી પિતૃસત્તાક માનસિકતા ધરાવતા દુષ્કર્મીઓ બળાત્કારને સ્ત્રીઓને આપવાની થતી સજાના સ્વરૂપ તરીકે ગણે છે. ભારતમાં હજુ પણ પરંપરાગત પિતૃસત્તાક સંરચના પ્રજનન કરે છે જે સ્ત્રીઓ સામે ભેદભાવ ધરાવે છે. તેથી આવી માનસિકતા ધરાવતા પુરુષો, સ્ત્રીઓને ઊતરતી કક્ષાની, નબળી, કમજોર અને નિર્બળ ગણીને તેમની સાથે અણછાજતું વર્તન કરવા માટે પ્રોત્સાહિત રહે છે. તેનાથી હજુ પણ ખરાબ, તેઓની પિતૃસત્તા પણ છૂપી રીતે મહિલાઓને ભૌતિક સુખ અને જાતીય શોષણ થકી વસ્તુનિષ્ઠ ગણીને મંજૂર કરે છે. પિતૃપ્રધાન માનસિકતા હોવાથી તેઓ સ્ત્રીઓને વશ કરી લેવાને એક સામાન્ય સામાજિક પ્રથા માને છે. મહિલાઓને પ્રભાવિત કરવાના અસરકારક માધ્યમ તરીકે જાતીય હિંસાને સામાન્ય ગણે છે. જ્યાં સુધી પક્ષપાતી પિતૃસત્તાક સામાજિક પ્રણાલી ભારતમાં પ્રચલિત છે ત્યાં સુધી ભારતીય મહિલાઓ બળાત્કાર અને હત્યા જેવી જાતીય હિંસાનો ભોગ બનતી રહેશે; તેમને મળવાપાત્ર આદર અને સન્માનથી વંચિત રહેશે અને ત્યાં સુધી તેઓ પુરુષપ્રધાન સમાજ તરફથી ભેદભાવ અને અમાનવીયતાનો સામનો કરતી રહેશે. કમનસીબે, બળાત્કાર સામેનો વિરોધ, બળાત્કારીઓને રોકવામાં નિષ્ફળ જાય છે કારણ કે બાદમાં સ્ત્રીજાતિ પ્રત્યે ઘૃણા તેમના દુરૂપયોગી પૂર્વગ્રહો દ્વારા જુદા પાડે છે.

મહિલાઓ સામેના અત્યાચારોને રોકવા માટેના વિરોધ પ્રદર્શનોની તાકાત પર મને શંકા ઉદ્ભવે છે કે આવી દરેક ઘટના પછી ભારે વિરોધ થવા છતાં ભારતમાં હિંસક ગુનાઓ બનતા જ રહે છે. ૨૦૧૨ના નિર્ભયા કેસમાં આરોપીઓને ઝડપથી પકડી લેવામાં આવ્યા હતાં, તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને ફાંસી આપી દેવામાં આવી હતી, ત્યારે ન તો તેના પછી ફાટી નીકળેલા વ્યાપક વિરોધ અને ન તો દોષિતોના ભાવિએ દેશભરના અન્ય બળાત્કારીઓને ભયભીત કર્યા હતા. છેલ્લા એક દાયકામાં, સમયાંતરે બનતા આવા જઘન્ય અપરાધોને કારણે રાષ્ટ્રને આંચકો મળતો રહે છે. હું ખાસ કરીને, ૨૦૧૪માં બનેલા બદાઉન કેસ, ૨૦૧૮માં બનેલા કઠુઆ કેસ અને ૨૦૨૨માં બનેલા લખીમપુર ખેરી કેસનો ઉલ્લેખ કરી રહ્યો છું. નિર્ભયા કેસ પર ખૂબ જ હોબાળો થયા પછી પણ આ કિસ્સાઓમાં યુવતીઓ બળાત્કાર અને હિંસાનો ભોગ બની હતી. જો વિરોધ, હિમાયત અને ગુસ્સાને લીધે આ ગુનાઓ સામે અવરોધ પેદા કર્યો હોત તો કદાચ, તાજેતરનો કોલકાતા બળાત્કાર અને હત્યાનો કેસ બિલકુલ ન બન્યો હોત. જયારે જાહેર વિરોધની ખામીયુક્ત ધારણાઓ ચાલુ રહે છે, જ્યારે સનસનાટીભર્યા બળાત્કારના કિસ્સાઓને ઘેરી લેતું રાજકારણ ધૂમ મચાવે છે; અને જયારે એક અભેદ્ય પિતૃસત્તાક પ્રણાલી આપણી આસપાસ વિલંબિત છે, ત્યારે એકલા જાહેર આક્રોશ ભારતમાંથી બળાત્કાર અથવા બળાત્કારની સંસ્કૃતિ અથવા બળાત્કારીઓને ક્યારેય નાબૂદ કરી શકશે નહીં.

તેનાથી વિપરિત, બળાત્કારીઓ આજકાલ જાહેર વિરોધ દ્વારા કરવામાં આવતા સામાજિક રાજકીય, કાનૂની અને નૈતિક દબાણ સામે પ્રતિરક્ષા વિકસાવતા હોય તેવું લાગે છે. વિરોધ પ્રકૃતિ દ્વારા પ્રતિક્રિયાશીલ હોવાથી, કંઈક વધુ સક્રિય જરૂરી છે. કદાચ, સમાજમાં મહિલાઓને જે રીતે જોવામાં આવે છે, તેમનું મૂલ્યાંકન કરવામાં આવે છે અને તેમની સાથે વ્યવહાર કરવામાં આવે છે તેમાં એક દાખલો બદલાઈ શકે છે. તે ભારતમાં બળાત્કારના જોખમ માટે એક શક્તિશાળી મારણ પણ બની શકે છે.

**લેખક અને તેમનું તારણ :** હું ભારતના અમદાવાદમાં આવેલી સેન્ટ ઝેવિયર્સ આર્ટસ કોલેજમાં ઉપઆચાર્ય અને અંગ્રેજી વિષયનો અધ્યાપક છું. ઉચ્ચ શિક્ષણની સંસ્થા કે જ્યાં હું નેતૃત્વની સ્થિતિમાં છું એટલે એક શિક્ષક તરીકે મારું મન ખૂબ વ્યથિત થઇ જાય છે જયારે જ્યારે મહિલાઓના અધિકારોનું ઉલ્લંઘન થાય છે. હું ખૂબ જ દુઃખની લાગણી અનુભવું છું. મારું મન એ સ્વીકાર કરી શકતું નથી કે આજે એકવીસમી સદીના ભારતમાં વિદ્યાર્થીનીઓ પર બળાત્કાર અને હત્યા જેવા અત્યાચારો વારંવાર થતા રહે છે.

હાલના મુદ્દે, ભારતના કોલકાતાની એક જુનિયર મેડિકલ વિદ્યાર્થિનીના આઘાતજનક બળાત્કાર અને હત્યાનો કેસ છે. અત્યાર સુધીની માહિતી મુજબ ડોક્ટરની ઉપર ૯મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ, તેની જ કોલેજ કેમ્પસમાં તેના પર નિર્દયતાથી હુમલો કરી, પાશવી બળાત્કાર ગુજારીને, બાદમાં તેની હત્યા કરી દેવામાં આવી હતી. આ ભયાનક ઘટના પ્રકાશમાં આવી ત્યારથી, સમગ્ર દેશમાં જાહેર વિરોધનો વંટોળ ફેલાયો છે. બધા ગુનાની નિંદા કરીને તેના માટે ઝડપી ન્યાયની માંગણી કરી રહ્યાં છે.

આ વિરોધ પ્રદર્શનોમાં, વિરોધીઓની ન્યાય માટેની માંગણીઓ કાયદાકીય અને રાજકીય દળદળમાં દબાઈ રહી છે. આ સંદર્ભમાં, સ્ત્રીઓ પરના અત્યાચારો સામે જાહેર વિરોધ પ્રદર્શનોમાં જોડાવાની મારી હંમેશા ઈચ્છા રહી છે. હું પણ ભારતમાં થતા વિરોધ પ્રદર્શનોમાં રહેલી સહજ આંતરિક ક્ષતિઓ પર ચિંતન કરવા ઈચ્છું છું. મેં આવા ઘણા વિરોધ પ્રદર્શનોમાં ભાગ લીધો છે અને તાજેતરમાં જ મારી કૉલેજમાં પણ એક વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતુ. જો કે મેં પીડાદાયક રીતે એક નિરીક્ષણ કર્યું છે કે, અંતિમ વિશ્લેષણમાં, આવા વિરોધ પ્રદર્શનો થકી ભારતમાં બળાત્કારના કિસ્સાઓને ઘટાડવામાં ન્યુત્તમ સફળતા પ્રાપ્ત કરે છે. દરેક ભયાનક બળાત્કાર-અને-હત્યાના કેસને પરિણામે કરવામાં આવતા વિરોધ પ્રદર્શન પછી પણ આવા ગુનાઓ અણગમતી ધિક્કારપાત્ર ઉદાસીનતા સાથે થાય છે. આ લેખ, તેથી, બાહ્ય પરિબળોને તપાસવાનો પ્રયાસ છે જે નાગરિક સમાજમાં જાહેર વિરોધની પરિવર્તન-પ્રેરિત શક્તિને ઘટાડે છે. તે એકવીસમી સદીના ભારતમાં, બળાત્કાર, જાહેર વિરોધ અને સામાજિક મુદ્દાઓ સંબંધિત, સમયસર વૃત્તવર્ણન સાબિત કરી શકે છે.

ખાસ કરીને, હું ત્રણ મુખ્ય પરિબળો પર એવી દલીલ કરવા માંગું છું કે ભારતમાં બળાત્કારની સંસ્કૃતિ સામે વિરોધની અસરકારકતાને નબળી પાડે છે. તે છે ધારણા, રાજકારણ અને પિતૃસત્તા.

૧) ભદ્રવાદી, શહેરી અને શક્તિવિહીન ઘટના તરીકે ભૂલભરેલી ધારણાનો વિરોધ, ગુનેગારોને બળાત્કાર સામેના વિરોધને અવગણવા માટે પ્રોત્સાહિત કરે છે.

(૨) બળાત્કારના કિસ્સાઓનું રાજનીતિકરણ જાહેર ગુસ્સાની પરિવર્તનશીલ શક્તિને ઘટાડે છે, બળાત્કારીઓને રાષ્ટ્રવ્યાપી જાહેર આક્રોશ વચ્ચે પણ મહિલાઓને પીડિત બનાવવા માટે પ્રોત્સાહન આપે છે.

(૩) તેથી પણ, પરંપરાગત પિતૃસત્તાક માળખાં દુષ્કર્મવાદીઓને આવા દુઃખદ વલણો પ્રત્યે ડર્યા વગર મહિલાઓ સામે હિંસાને હથિયાર તરીકે ઉપયોગ કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પરિબળોને સંક્ષિપ્તમાં પ્રકાશિત કર્યા પછી અને તેનું વિશ્લેષણ કર્યા પછી, આ લેખ એવી આશા સાથે સમાપ્ત થાય છે કે જાહેર વિરોધ સાથે, સમાજના અભિગમની સ્ત્રીઓમાં એક નમૂનારૂપ પરિવર્તન હજુ પણ ભારતમાં બળાત્કાર સંસ્કૃતિ માટે મારણ સાબિત થઈ શકે છે.

**સુનિલ મેકવાન, પી.એચ.ડી.**
**અંગ્રેજીના આસિસ્ટન્ટ પ્રોફેસર અને આર્ટ્સના વાઇસ-પ્રિન્સિપાલ**
**સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ-૩૮૦૦૦૯**
**ભારત**
**+૯૧ ૭૦૪૩૩૫૮૯૦૫/૭૦૪૩૧૫૮૯૦૫**

### તહેવાર ટાણે મોંઘવારીનો ડામ !

# બે અઠવાડિયામાં ખાદ્યતેલોમાં ૩૪૫ રૂપિયાનો વધારો ઝીંકી દેવાયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકારે ૧૩ દિવસ પહેલા આયાતી ખાદ્યતેલો પર કસ્ટમ ડ્યુટીમાં ૨૦ ટકા વધારો કર્યા બાદ ખાદ્યતેલોમાં બેલગામ, બેફામ ભાવવધારાનો દોર શરુ કરી દેવાયો છે. તેલના ભાવ નહીં વધારવાની અપીલોને ઠુકરાવી દેવાઈ છે અને તંત્રની નિષ્ક્રીયતાનો અને મીઠી નજરનો લાભ ઉઠાવીને તેલ લોબી નફાખોરી પર ઉતરી ગઈ છે.

સરકારનું કોઈ નિયંત્રણ જ ન હોય તે રીતે માત્ર પામતેલ કે સોયાબીન તેલ જ નહીં પરંતુ, મગફળી સિવાયના તમામ ખાદ્યતેલોના ૧૫ કિલોના ડબા પર બે સપ્તાહથી પણ ઓછા સમયમાં રૂા.૨૧૦થી રૂા.૩૪૫ સુધીનો એટલે કે એક કિલોએ રૂા.૧૪થી રૂા.૨૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે અને હજુ પણ ભાવવધારાનો ડામ જારી છે. તા.૧૪ સપ્ટેમ્બરથી આયાત ડ્યુડી વધારાનો અમલ થવાની સાથે જ ખેડૂતોને તેમના પાકને વધુ ભાવ મળે કે નહીં પણ ગ્રાહકોને તાત્કાલિક ધોરણે મોંઘવારીનો ડામ આપવાનું શરૂ કરી દેવાયું છે. ગત તા. ૧૩ની સાપેક્ષે તા. ૨૬ સપ્ટેમ્બરે પ્રતિ ૧૫ કિલો ડબ્બાના, પામતેલમાં રૂ. ૩૪૫, નારિયેળ તેલમાં રૂા.૩૦૦, કપાસિયા તેલમાં રૂા.૨૮૦, સૂર્યમુખી તેલમાં રૂા.૨૭૦ અને એરંડિયામાં રૂા.૨૧૦નો વધારો કરાયો છે. માત્ર ગત બે દિવસમાં જ નારિયેળ તેલમાં રૂા.૧૦૦નો વધારો કરાયો છે. શ્રીફળના ભાવમાં પચાસ ટકા જેવા તોતિંગ વધારાના પગલે ગત ચાર દિવસમાં કોકોનટ ઓઈલમાં તો પ્રતિ ૧૫ કિલોએ રૂા.૨૫૦નો વધારો કરાયો છે. ઘરેલું રસોઈ તથા કંદોઈની દુકાને વ્યાપક વપરાતા કપાસિયા તેલમાં પણ આયાત ડ્યુટી નથી વધી પરંતુ પાકમાં આંશિક ઘટાડાના અંદાજથી રૂા.૫૦નો વધારો થયો છે. જયારે પામતેલ મંગળવારે ૧૯૮૦-૧૯૮૫ના ભાવે વેચાતું તેમાં ૪૫નો વધારો ઝીંકી દેવાયો છે. પામતેલ આયાત પર ૨૦ ટકા ડ્યુટી વધારાઈ અને તેલલોબીએ સરકારના આ નિર્ણય બાદ આજ સુધીમાં ૨૦.૫૩ ટકા ભાવ વધારી દીધો છે. સૂર્યમુખી તેલમાં પણ ગત ૨ દિવસમાં રૂા.૪૦નો વધારો અને સિંગતેલની તો આયાત થતી નથી, નિકાસ થાય છે. વળી વર્ષે ૪૬ લાખ ટન સામે આ વર્ષે ગુજરાતમાં મગફળીના ૫૮ લાખ ટનના વિક્રમી ઉત્પાદનનો અંદાજ છે છતાં સિંગતેલમાં રૂા.૨૦ વધી ગયા છે. પામતેલથી બનતા વનસ્પતિ ઘીના ભાવમાં સૌથી વધારે રૂા.૪૩૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાયો છે. જયારે રાઈ, મકાઈ, એરંડિયા જેવા તેલમાં પણ બેફામ વધારો થયો છે. એકંદરે ગરીબ-મધ્યમવર્ગીય માણસ કોઈ પણ તેલમાં રાંધે તો મોંઘવારીના ડામથી બચી ન શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

### ફીના અભાવે IITમાં પ્રવેશથી વંચિત

# ગરીબ વિદ્યાર્થીને સુપ્રીમે મદદનું આશ્વાસન આપ્યું

**IIT-ધનબાદમાં એડમિશન માટે વિદ્યાર્થી ફીના રૂપિયા ૧૭,૫૦૦ની વ્યવસ્થા નહોતો કરી શક્યો**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

સુપ્રીમ કોર્ટે એક ગરીબ દલિત યુવકને મદદ કરવાનો ભરોસો આપ્યો છે. આ ગરીબ યુવકે આઈઆઈટી-ધનબાદમાં આકરી મહેતન પછી મેળવેલી સીટ (એડમિશન) ગુમાવી દીધી હતી, કારણ કે, તે અંતિમ પ્રયાસમાં આઈઆઈટીમાં પ્રવેશ માટેની પ્રતિષ્ઠિત પરીક્ષામાં ક્વોલિફાઈડ થયા પછી એડમિશન સ્વીકૃતિની ફી પેટેની રકમ નિયત સમયમર્યાદામાં રૂા.૧૭,૫૦૦ જમા કરાવી શક્યો ન હતો. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે મંગળવારે ૧૮ વર્ષીય અતુલકુમારના વકીલને કહ્યું કે, અમે તમને શક્ય તમામ મદદ કરીશું. પરંતુ છેલ્લા ત્રણ મહિનામાં તમે શું કરી રહ્યા હતા ? કારણ કે, ફી જમા કરાવવાની સમયમર્યાદા ૨૪ જૂને સમાપ્ત થઈ ગઈ હતી. અતુલકુમારના માતા-પિતા ૨૪ જૂન સુધી એડમિશન સ્વીકૃતિની ફી પેટે રૂા.૧૭,૫૦૦ જમા કરાવવામાં નિષ્ફળ રહ્યા હતા, જે સીટ કન્ફર્મ કરાવવા માટે અપેક્ષિત રકમ જમા કરવાની છેલ્લી તારીખ હતી. યુવકના માતા-પિતાએ પુત્રએ આકરી મહેતનથી મેળવેલા એડમિશનને જાળવી રાખવા માટે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, ઝારખંડ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી અને મદ્રાસ હાઇકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. તેમના વકીલે સુપ્રીમ કોર્ટની બેન્ચને જણાવ્યું કે, અતુલકુમારે દ્વિતીય અને છેલ્લા પ્રયાસમાં જેઈઈ એડવાન્સની પરીક્ષા પાસ કરી હતી અને જો સુપ્રીમ કોર્ટ તેને કોઈ મદદ નહીં કરે તો તે બીજીવાર પરીક્ષા આપી શકશે નહીં. ખૂબ જ સંક્ષિપ્ત દલીલો પછી સુપ્રીમ કોર્ટની બેન્ચે આઈઆઈટી મદ્રાસની જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી, આઈઆઈટી એડમિશનને નોટિસ આપી છે, જેણે આ વર્ષની પરીક્ષાનું આયોજન કર્યું હતું. યુવકના પરિવારની આર્થિક સ્થિતિનો હવાલો આપીને વકીલે કહ્યું કે, વિદ્યાર્થીઓ માટે ૨૪ જૂનની સાંજે પાંચ કલાક સુધી રૂા.૧૭,૦૦૦ની વ્યવસ્થા કરવી ખૂબ મુશ્કેલ હતી, એ પણ આઈઆઈટી ધનબાદમાં સીટ ફાળવણીના ફક્ત ચાર દિવસ પછી. કુમાર એક દૈનિક મજૂરનો પુત્ર છે અને ઉત્તરપ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના ટિટોરા ગામમાં રહેનાર ગરીબી રેખાથી નીચે (બીપીએલ) જીવનગુજારો કરનાર પરિવારમાંથી આવે છે. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગે પણ તેની મદદ કરવાનો ઈન્કાર કર્યો હતો. જેથી તેણે ઝારખંડના એક કેન્દ્રમાં જેઈઈની પરીક્ષા આપી હતી, એટલા માટે યુવકે ઝારખંડ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી સમક્ષ મદદ માંગી અને આ ઓથોરિટીએ તેને મદ્રાસ હાઈકોર્ટમાં અપીલ કરવાનું સૂચન કર્યું, કારણ કે, આ વર્ષની પરીક્ષા આઈઆઈટી મદ્રાસ દ્વારા આયોજિત કરવામાં આવી હતી. તો મદ્રાસ હાઈકોર્ટે તેને સુપ્રીમ કોર્ટનો દરવાજોમાં અરજી દાખલ કરવા કહી દીધું હતું.

### હદીસ બોધ

દરેક સત્કર્મ ઉદારતાની સમકક્ષ છે.

- હદીસ બોધ

### બોધ વચન

આજના સૂર્યને કાલના વાદળ પાછળ સંતાડી દેવો તેનું નામ ચિંતા છે. -કેમ્પ

### આજની આરસી

૨૮ સપ્ટેમ્બર શનિવાર ૨૦૨૪
૨૪ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૬
ભાદરવા વદ અગિયારસ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૧
ખત્મે ઝવાલ ૧૨-૩૧
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૩૨

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસૂફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

### અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ

**ખ્વાબ વો નહીં હોતે જો આપ સોતે હુએ દેખતે હો,**
**બલ્કે વો હૈં જો આપકો સોને નહીં દેતે.**

કવિ કહે છે કે રાતે ઊંઘમાં જુઓ છો તે સપના નથી, પણ તમને ઉંઘવા ન દે તે સપના કહેવાય. યુવાનોને સંદેશ છે કે, સિદ્ધિઓ મેળવવા સપના જુઓ અને સપના સાકાર કરવા તમારી રાતની ઊંઘને પણ કુરબાન કરી દો, જીવનમાં આગળ વધો. મહેનતનો કોઈ વિકલ્પ નથી.

- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# દલિત મજૂરનો દીકરો IITની સીટ થોડીવાર, માટે ચૂકી ગયો

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૬

IIT ધનબાદમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ સીટ મેળવવા માટે એક ગરીબ દલિત છોકરાના માતા-પિતાનો આનંદ અને ગર્વ આંસુમાં ફેરવાઈ ગયો જ્યારે તેણે સ્વીકૃતિ ફી તરીકે ૧૭,૫૦૦ રૂપિયા જમા કરાવવાની સમયમર્યાદા ચૂકી, જે ચાર દિવસની કડક સમય મર્યાદાને કારણે BPL પરિવાર માટે ઘણી મોટી રકમ હતી. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, ઝારખંડ લીગલ સર્વિસીસ ઓથોરિટી અને મદ્રાસ હાઈકોર્ટ પોતાની મહેનતથી મેળવેલી સીટ બચાવવા માટે અનેક દરવાજા ખટખટાવ્યા પછી ૧૮ વર્ષીય અતુલ કુમારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો અને તેના પરિવારને ગરીબીમાંથી બહાર કાઢવા તેના સ્વપ્નને બચાવવા વિનંતી કરી.



તેણે મંગળવારે CJI DY ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેંચને કહ્યું કે તેણે તેના બીજા અને છેલ્લા પ્રયાસમાં JEE એડવાન્સ પાસ કર્યું છે અને જ્યાં સુધી કોર્ટ તેના પ્રવેશનો નિર્દેશ નહીં આપે ત્યાં સુધી તે પ્રતિષ્ઠિત સીટ મેળવી શકશે નહીં અને બીજી તક મેળવવા માટે સક્ષમ રહેશે નહીં. ખંડપીઠે પ્રવેશ મેળવવાની અતુલની રિટ પિટિશનને ધ્યાનમાં લેવા સમજાવટની જરૂર નહોતી, અને IIT મદ્રાસની જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી પાસેથી જવાબ માંગ્યો હતો, જેણે આ વર્ષની પરીક્ષા યોજી હતી. તેજસ્વી છોકરાએ જે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે તેને ધ્યાનમાં રાખીને, CJIએ આશ્વાસન આપતા શબ્દો બોલ્યા, અમે તમને શક્ય તેટલી મદદ કરીશું, પરંતુ તમે છેલ્લાં ત્રણ મહિનાથી શું કરી રહ્યા હતા, કારણ કે ફી જમા કરવાની અંતિમ તારીખ ૨૪ જૂને સમાપ્ત થઈ હતી.

છોકરાના વકીલે વર્ણવ્યું કે તેણે, તેના ભાઈ અને તેના માતા-પિતાએ IIT ધનબાદમાં સીટ ફાળવ્યાના ચાર દિવસ બાદ ૨૪ જૂને સાંજે ૫ વાગ્યા સુધીમાં ૧૭,૫૦૦ રૂપિયાની વ્યવસ્થા કરવા માટે કેટલી મહેનત કરી હતી.

અતુલ અને તેનો ગરીબી રેખા નીચે જીવતો પરિવાર ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગર જિલ્લાના ટિટોરા ગામમાં રહે છે. તેના પિતા રાજેન્દ્ર, એક મજૂર હતા, તેમણે અતુલનું શાળાકીય શિક્ષણ પૂરૂં કરવા મિત્રો અને સંબંધીઓ પાસેથી આર્થિક મદદ લીધી. રાજેન્દ્ર ૨૪ જૂને સાંજે ૪.૪૫ વાગ્યા સુધીમાં અતુલના ભાઈના બેંક ખાતામાં પૈસાની વ્યવસ્થા કરી શક્યો. સમયની અછતનો સામનો કરીને, અતુલે એડમિશન વેબસાઈટ પર જરૂરી દસ્તાવેજો અપલોડ કર્યા, પરંતુ તેણે ફી ભરવાની કાર્યવાહી કરી ત્યાં સુધીમાં સાંજના ૫ વાગ્યા હતા. પોર્ટલે ફી જમા કરાવવાની પ્રક્રિયા સ્વીકારી ન હતી અને તેને ફાળવેલ સીટ રદ કરવામાં આવી હતી. તેણે અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય આયોગનો સંપર્ક કર્યો, જેણે તેને મદદ કરવામાં અસમર્થતા દર્શાવી. તેણે ઝારખંડના એક કેન્દ્રમાંથી JEEની પરીક્ષા આપી હોવાથી તેણે ઝારખંડ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી પાસે મદદ માંગી જેથી તે હાઈકોર્ટમાં અરજી કરી શકે. પરંતુ તેને મદ્રાસ હાઈકોર્ટનો સંપર્ક કરવાની સલાહ આપવામાં આવી હતી કારણ કે IIT મદ્રાસે પરીક્ષા લીધી હતી. આ પછી હાઈકોર્ટે તેને સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્દેશ આપ્યો હતો.

# દલિત ઉમેદવાર પોતાની IIT સીટ બચાવવા માટે સુપ્રીમ કોર્ટમાં ગયો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

એક ૧૮ વર્ષના ગરીબ દલિત વિદ્યાર્થીએ IITની સીટ ગુમાવ્યા બાદ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે કારણ કે તેના માતા-પિતા ૨૪ જૂનની અંતિમ તારીખ સુધીમાં ૧૭,૫૦૦ રૂપિયા એડમિશન ફી જમા કરાવી શક્યા નહીં. ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરના ટિટોરા ગામમાં એક મજૂરનો પુત્ર અતુલ કુમાર BPL પરિવારનો છે. તેણે તેના બીજા અને છેલ્લાં પ્રયાસમાં JEE એડવાન્સ્ડ પાસ કર્યું અને જો કોર્ટ તેના બચાવમાં નહીં આવે, તો તે તક ગુમાવશે. CJI ડીવાય



ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કુમારના વકીલને કહ્યું, અમે શક્ય હોય ત્યાં સુધી તમને મદદ કરીશું. પરંતુ તમે છેલ્લાં ત્રણ મહિનાથી શું કરી રહ્યા હતા કારણ કે ફી જમા કરવાની સમયમર્યાદા ૨૪ જૂનના રોજ સમાપ્ત થઈ ગઈ હતી. જોકે, બેન્ચે મંગળવારે જોઈન્ટ સીટ એલોકેશન ઓથોરિટી, IIT એડમિશન, IIT મદ્રાસને નોટિસ જારી કરી હતી, જેણે આ વર્ષે JEE એડવાન્સનું આયોજન કર્યું હતું. વકીલે રજૂઆત કરી હતી કે વિદ્યાર્થી માટે IIT-ધનબાદમાં સીટ ફાળવ્યાના માત્ર ચાર દિવસમાં, ૨૪ જૂનના સાંજે ૫ વાગ્યા સુધીમાં ૧૭,૫૦૦ રૂપિયાની વ્યવસ્થા કરવી ખૂબ જ મુશ્કેલ હતું, તેની સીટ બચાવવા માટે તેના માતા-પિતાએ NCSC, ઝારખંડ લીગલ સર્વિસ ઓથોરિટી અને મદ્રાસ હાઈકોર્ટનો પણ સંપર્ક કર્યો હતો.

# નવાડામાં દલિતો સાથે દુર્વ્યવહાર થઈ રહ્યો છે : કોંગ્રેસ નેતા

(એજન્સી) મેરઠ, તા.૨૭

કોંગ્રેસે મંગળવારના રોજ રાજ્ય સરકારની દલિત ગ્રામજનો સાથે ખરાબ વર્તન માટે ટીકા કરી હતી જેમના ઘરોને આગની ઘટનામાં નવાડામાં સળગાવી દેવામાં આવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે, અસરગ્રસ્ત દલિતો માટે બનાવેલ આશ્રય શિબિરની હાલત ખરાબ છે. કોંગ્રેસના રાષ્ટ્રીય સંયોજક (SC, OBC, લઘુમતી અને આદિવાસી વિભાગ) કે રાજુએ પીડિતોને મળ્યા બાદ પટનામાં મીડિયાને જણાવ્યું હતું, નીતીશ સરકાર એવા દલિત ગ્રામજનો સાથે ઘોર અન્યાય કરી રહી છે જેમના ઘર નવાડામાં સળગાવી દેવામાં આવ્યા હતા. પીડિતો માટે સરકાર દ્વારા સ્થાપિત રાહત શિબિર નરકની સ્થિતિમાં છે. રાજુએ કહ્યું કે, તેઓ આ મુદ્દે મુખ્યમંત્રીને પાંચ મુદ્દાની



માગણીઓનું પત્ર પણ સુપરત કરશે. કોંગ્રેસ ઈચ્છે છે કે રાજ્યમાં જ્યાં પણ દલિતો પર અત્યાચાર થઈ રહ્યો છે, ત્યાં સરકારે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. જ્યાં સુધી કડક પગલાં લેવામાં નહીં આવે ત્યાં સુધી તેમની સામે અત્યાચાર અટકશે નહીં. તેમણે પીડિતોને મદદ પૂરી પાડવા માટે કાનૂની ટીમ બનાવવાની પણ જાહેરાત કરી હતી. મેરઠમાં ડૉ. ભીમરાવ આંબેડકર એરસ્ટ્રીપ પર દલિત પટાવાળાએ આરોપ મૂક્યો હતો કે, તેમના રોકેલા પગાર અંગે ફરિયાદ કર્યા પછી સરકારી કર્મચારીઓ દ્વારા તેમના પર શારીરિક હુમલો કરવામાં આવ્યો હતો અને જાતિ આધારિત અપમાનનો ભોગ બનવું પડ્યું હતું. આ ઘટના અધિક સિટી મેજિસ્ટ્રેટ કોર્ટની અંદર બની હતી, જેના કારણે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. બિહારના નવાડા જિલ્લામાં સત્તાવાળાઓએ જમીનના વિવાદમાં કથિત રીતે ૨૧ મકાનોને આગ ચાંપી દીધા બાદ ૧૫ લોકોની અટકાયત કરી છે. અસરગ્રસ્ત રહેવાસીઓને રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવી છે રહ્યું છે અને વધુ તપાસ માટે વિશેષ તપાસ ટીમની રચના કરવામાં આવી છે. આગથી વિસ્થાપિત થયેલા લોકો માટે કામચલાઉ આશ્રયસ્થાનોની વ્યવસ્થા કરવામાં આવી છે.

### બાંગ્લાદેશ ૩ વિકેટે ૧૦૭, આકાશ દીપની બે વિકેટ

# કાનપુર ટેસ્ટના પ્રથમ દિવસે વરસાદ વિલન બન્યો





કાનપુર, તા.૨૭

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે બીજા સેશન દરમ્યાન ખરાબ પ્રકાશના કારણે રમત રોકવી પડી. ત્યારબાદ વરસાદ શરૂ ગયો. હવામાનને જોતા મેચના પ્રથમ દિવસે રમતને સમાપ્ત કરવી પડી. રમત જયારે રોકવામાં આવી ત્યારે બાંગ્લાદેશે ૩૫ ઓવરોમાં ત્રણ વિકેટે ૧૦૭ રન બનાવી લીધા હતા. બાંગ્લાદેશે આ દરમ્યાન લંચ બાદના સેશનમાં ૯ ઓવરની રમતમાં ૩૩ રન બનાવી કપ્તાન નજમુલ હસન શાંતો (૩૧)ની વિકેટ ગુમાવી દીધી. રમત અટકી ત્યારે મુશફિકુર રહીમ (૬) અને મોમીનુલ હક (૪૦) અણનમ હતા. આ પહેલા ઝડપી બોલર આકાશ દીપે ઘેરાયેલા વાદળોના કારણે ઝડપી બોલરો માટે મદદગાર પરિસ્થિતિમાં ઓપનિંગ બેટ્સમેનોને આઉટ કરી ભારતને સારી શરૂઆત અપાવી હતી. બાંગ્લાદેશે દિવસના પ્રથમ સેશનમાં બે વિકેટે ૭૪ રન બનાવ્યા હતા. ગત રાત્રે પડેલા વરસાદના કારણે આઉટ ફિલ્ડ લીલું થઈ ગયું હતું. જેના કારણે દિવસની રમત એક કલાક મોડી શરૂ થઈ હતી. ઝડપી બોલરોને અનુકૂળ પરિસ્થિતિઓના ફાયદો ઊઠાવવા માટે ભારતીય કપ્તાન રોહિત શર્માએ ત્રણેય ઝડપી બોલરોને અંતિમ ઈલેવનમાં જાળવી રાખતા બાંગ્લાદેશને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું. આકાશ દીપે આ દરમ્યાન ૧૦ ઓવરમાં ૩૪ રન આપી બે વિકેટ ઝડપી. બુમરાહ અને સિરાજને વિકેટ મળી નહીં પણ તેમને બાંગ્લાદેશના બેટ્સમેનોને પરેશાન કર્યા હતા. સેટ થઈ ગયેલા શાંતોને અશ્વિને પેવેલિયનનો રસ્તો બતાવ્યો હતો.

### પેટ અને છાતીમાં ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરાયો

# બાંગ્લાદેશના પ્રશંસક ટાઈગર રોબી સાથે ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં મારપીટ

કાનપુર, તા.૨૭

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બે મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ કાનપુરમાં રમાઈ રહી છે. ભારતે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે. બાંગ્લાદેશની પરિસ્થિતિને જોતા ક્રિકેટ ટીમના ખેલાડીઓ માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમ્યાન બાંગ્લાદેશના પ્રખ્યાત પ્રશંસક ટાઈગર રોબી સાથે અમુક લોકોએ મારપીટ કરી અને તેનો ધ્વજ છીનવી લીધો. ત્યારબાદ પોલીસ તેને હોસ્પિટલ લઈ ગઈ. રિપોર્ટ અનુસાર બાંગ્લાદેશના ક્રિકેટ પ્રશંસક ટાઈગર રોબી સાથે શુક્રવારે ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં અમુક દર્શકો દ્વારા કથિત રીતે મારપીટ કરાઈ, તેના પેટમાં ઈજા થઈ છે. ત્યારબાદ તેને પોલીસની હાજરીમાં હોસ્પિટલ લઈ જવાયો. ટાઈગર રોબીએ સ્પોર્ટ્સ સ્ટારને કહ્યું કે, તેમને મને પીઠ અને પેટના નીચલા હિસ્સામાં માર્યો છે. હું શ્વાસ લઈ શકતો નથી. જો કે, મેદાન પર હાજર પોલીસે મારપીટના આરોપોનો ઈન્કાર કર્યો છે. એક પોલીસ સૂત્રએ જણાવ્યું કે, અમારા એક અધિકારીએ સી-બ્લોકના એન્ટ્રી ગેટ પાસે તેને શ્વાસમાં લેવામાં તકલીફ થતાં જોયો. આ ડિહાઈડ્રેશનનો મામલો લાગી રહ્યો છે પણ અમે ડોક્ટરોની સલાહની રાહ જોઈશું.

# રોહિત શર્માએ ઈતિહાસ રચ્યો, ૬૦ વર્ષ બાદ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કરનાર પ્રથમ કપ્તાન બન્યો



કાનપુર, તા.૨૭

ભારત હાલમાં કાનપુરના ગ્રીન પાર્ક ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં બે મેચોની સિરીઝની બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશ સામે રમી રહ્યું છે. રોહિત શર્મા અને તેની ટીમ ઘરેલુ દર્શકોની સામે મેચ જીતી બાંગ્લાદેશને વ્હાઈટવોશ કરવાનો પ્રયાસ કરશે. જો કે, મેચનો પહેલો બોલ ફેંકાય તે પહેલાં જ ભારતીય કપ્તાન રોહિત શર્મા ૬૦ વર્ષ બાદ મોટો નિર્ણય લેનાર પ્રથમ કપ્તાન બની ગયો છે. ભારતે કાનપુર ટેસ્ટમાં ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. તેવી પિચ પર જ્યાં નિષ્ણાતોએ ભવિષ્યવાણી કરી હતી કે, ટોસ જીતીને પહેલા બેટિંગ કરવી જોઈએ. રોહિત હવે ૬૦ વર્ષમાં કાનપુરમાં ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરનાર પ્રથમ કપ્તાન બની ગયો. આવું કરનાર અંતિમ કપ્તાન ભારતના મન્સુરઅલી ખાન પટૌડી હતા. જેમણે ૧૯૬૪માં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ એક ટેસ્ટ મેચ દરમ્યાન આવું કર્યું હતું. નવ વર્ષમાં આવું પહેલીવાર બન્યું છે કે, ભારતે ઘરેલુ મેદાન પર કોઈ ટેસ્ટ મેચમાં ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો છે. છેલ્લીવાર ટીમ ઈન્ડિયાએ ૨૦૧૫માં બેંગ્લોરના એન. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં દ.આફ્રિકા વિરૂદ્ધ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. એવી અટકળો ચાલી રહી હતી કે, ભારત અંતિમ ઈલેવનમાં એક વધારાનો સ્પિનર રમાડશે. અનેક રિપોર્ટમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું હતું કે, વર્કલોડ મેનેજમેન્ટના પગલે જસપ્રીત બુમરાહને આરામ આપી શકાય છે. જ્યારે રોહિત શર્માએ ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો તો તેણે જાહેરાત કરી કે, મેચ માટે પ્લેઈંગ ઈલેવનમાં કોઈ ફેરફાર કરાયો નથી. પાંચ વર્ષમાં આવું પહેલીવાર છે કે, ભારતે સતત બે ટેસ્ટ મેચોમાં એક જ પ્લેઈંગ ઈલેવન ઊતારી છે.

### કુમ્બલેનો વર્ષો જૂનો રેકોર્ડ તોડ્યો

# અશ્વિન એશિયામાં ભારત તરફથી સૌથી વધારે વિકેટ લેનાર બોલર

### એશિયામાં સૌથી વધારે વિકેટ લેવાનો રેકોર્ડ મુરલીધરન (૬૧૨)ના નામે છે, અશ્વિન બીજા સ્થાને

કાનપુર, તા.૨૭

નજમુલ હસન શાંતોને આઉટ કરી અશ્વિને એશિયન પિચો પર ૪૨૦ વિકેટના આંકડાને સ્પર્શ કર્યો છે. એશિયામાં ભારત તરફથી સૌથી વધારે ટેસ્ટ વિકેટ લેવાનો રેકોર્ડ હવે અશ્વિનના નામે નોંધાઈ ગયો છે. આ પહેલા આ રેકોર્ડ અનિલ કુમ્બલેના નામે હતો. અનિલ કુમ્બલેના નામે એશિયામાં કુલ ૪૧૯ ટેસ્ટ વિકેટ હતી, જેની બરાબરી અશ્વિને ગત ટેસ્ટમાં કરી હતી. એશિયામાં સૌથી વધારે ટેસ્ટ વિકેટ લેવાનો રેકોર્ડ શ્રીલંકાના પૂર્વ સ્પિનર મુરલીધરનનો છે. મુરલીધરને ૬૧૨ ટેસ્ટ વિકેટ એશિયન પિચો પર લીધી છે. બીજા નંબરે અશ્વિન આવી ગયો છે. અનિલ કુમ્બલે ત્રીજા નંબરે ખસી ગયા છે. ચોથા સ્થાને રંગના હેરાથ છે. હેરાથે એશિયન પિચો પર ૩૫૪ ટેસ્ટ વિકેટ ઝડપી છે અને હરભજનસિંહ ૩૦૦ ટેસ્ટ વિકેટ સાથે આ લિસ્ટમાં પાંચમા સ્થાને છે.

# વિશ્વના પાંચ સૌથી અનફિટ ક્રિકેટર

### લિજેન્ડ ક્રિકેટરોની યાદીમાં સ્થાન ધરાવતા ઇન્ઝમામ ઉલ હક રનોના ભૂખ્યા હતા, ભારે શરીર છતાં તેમના આંકડા લાજવાબ છે

### ભારત, ઓસ્ટ્રેલિયા, ઇંગ્લેન્ડમાં હોત તો કદાચ જ ઇન્ટરનેશનલ મેચ રમી શક્યા હોત

### ૧૦૦ કિલોથી વધુ વજન ધરાવતા આ પાંચ ક્રિકેટરોમાં ઇન્ઝમામ અને અર્જુન રણતુંગાની કારકિર્દી શાનદાર રહી છે

ખુરશી પર બેસી રમાતી ચેસની રમત પણ ફિટનેસ માંગે છે. ગોલ્ફના ખેલાડી તો ફિટનેસ પર ગજબનું ધ્યાન આપે છે, તો ફૂટબોલ, હોકી, ક્રિકેટ સહિત સ્ટ્રેન્થ અને પાવરવાળી રમતોની તો વાત જ અલગ છે. જો વાત ક્રિકેટની કરીએ તો ભારતમાં ઈન્ટરનેશનલ ક્રિકેટ સુધી પહોંચવા માટે ના ફક્ત જબરદસ્ત રમત જોઈએ પણ ફિટનેસ પણ ટોપ ગ્રેડની હોવી જોઈએ. યો-યો સહિત તમામ એવા ટેસ્ટ છે જેને પાસ કરવા મુશ્કેલ હોય છે. આ જ કારણ છે કે, વિશ્વભરની ક્રિકેટ ટીમોમાં કોહરામ મચાવી ચૂકેલા અનેક મહાન અને સ્ફોટક ખેલાડી પણ ફિટનેસ લઈ અનફિટ, કદાચ ભારતમાં હોત તો તેમની ઈન્ટરનેશનલ કારકિર્દી શરૂ જ ના થઈ હોત. આવા અનફિટ ખેલાડીઓ પર એક નજર કરીએ.

**● આઝમ ખાન :-**



પાકિસ્તાનના મહાન ક્રિકેટર મોઈન ખાનના પુત્ર આઝમ ખાન પાકિસ્તાનનો સિક્સર કિંગ કહેવાય છે. આ અલગ વાત છે કે, તેની ઈન્ટરનેશનલ કારકિર્દી ડામાડોળ ચાલી રહી છે. અવાર-નવાર તે સોશિયલ મીડિયા પર ટ્રોલ થતો રહે છે પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની ખબર નહીં કઈ મજબૂરી છે કે, આઝમ ખાનને ના ફક્ત ટીમમાં સામેલ કર્યો પણ અનેક મોટી મેચો માટે પ્લેઈંગ ઈલેવનમાં પણ સામેલ કર્યો. વિકેટકીપર તો ફુર્તિલો હોવો જોઈએ. જે આંખના પલકારામાં સ્ટમ્પ ઉડાવી દે પણ આઝમ તેનાથી વિપરીત, ઢીલો અને ખૂબ જ સ્લો છે. ભારત અથવા કોઈ સારી ટીમ માટે થનારા ટેસ્ટને તે પાસ જ ના કરી શકત.

**● જેસી રાઈડર :-**



જેસી રાઈડરે ક્યારેય પોતાની પૂરી ક્ષમતાનો ઉપયોગ કર્યો નહીં. એ કહેવું ખોટું નહીં હોય કે તે ન્યુઝીલેન્ડના સૌથી વધારે વજનવાળા ક્રિકેટરોમાંથી એક હતો. હાર્ડ હિટર કહેવાતા કિવી ઓપનરના વજનના મુદ્દા પર વારંવાર ચર્ચા થતી રહે છે. તેનું વજન લગભગ ૧૦૦ કિલોગ્રામ હતું. ફિટનેસના મુદ્દાના કારણે તેને વારંવાર ઈજા થતી હતી. એ કહેવું ખોટું નથી કે તે પોતાના ભારે ભરખમ શરીરના કારણે કંઈ ખાસ કરી શક્યો નહીં. તેની કારકિર્દીના આંકડા હજુ પણ સારા છે. એ સાબિત કરે છે કે, જો તેની ફિટનેસ અને સ્થિત સંબંધી મુદ્દા ના હોત તો તે ઘણું બધું પ્રાપ્ત કરી શકતો હતો. બીજી બાજુ ભારતમાં હોત તો કદાચ ઈન્ટરનેશનલ ક્રિકેટ માટે જરૂરી ફિટનેસ માપદંડ પૂરા કરી શક્યો ના હોત.

**● રહકીમ કોર્નવાલ :-**



૬.૫ ફૂટના વેસ્ટઈન્ડિઝના રહકીમ કોર્નવાલનું વજન લગભગ ૧૩૭ કિલો છે. કોર્નવાલ સ્પિનર છે અને અમુક પગલાં ચાલીને બોલ ફેંકે છે. ફિટનેસનો અંદાજો આ વાતથી લગાવી શકાય છે કે, એક ટેસ્ટ મેચ દરમ્યાન ગરમી કંઈક વધારે હતી તો તે ૨-૩ ઓવર જ ફેંકી શક્યો હતો અને કેરેબિયન ટીમને ૧૧ના બદલે ૧૦ ખેલાડીઓથી જ મેચ રમવી પડી.

**● ઈન્ઝમામ ઉલ હક :-**



અનફિટ ખેલાડીઓમાં પાકિસ્તાનના પૂર્વ કપ્તાન ઈન્ઝમામ ઉલ હકની ગણતરી પણ કરી શકાય. આ કહેવું ખોટું નહીં હોય કે તે ૨૦૦૦ના દાયકામાં સૌથી ભારે ક્રિકેટર હતો. ઈન્જીનું વજન ૧૦૦ કિલોગ્રામથી વધારે હતું. ક્રિકેટમાં સૌથી મજેદાર રનઆઉટમાં તેનું નામ સામેલ રહ્યું છે. જો કે, પોતાના ભારે ભરખમ શરીર છતાં લિજેન્ડે પોતાના નામે અનેક રેકોર્ડ બનાવ્યા છે. લિજેન્ડરી ક્રિકેટરોની યાદીમાં તેનું નામ સૌથી ઉપર છે. ઈન્ઝમામે ટેસ્ટ ક્રિકેટમાં ૪૯.૩૩ની સરેરાશથી ૮૮૩૦ રન બનાવ્યા છે. તેણે વન-ડેમાં ૩૯.૫૩ની સરેરાશથી ૧૧,૭૩૯ રન પણ બનાવ્યા છે. તે ના ફક્ત ખાવાના પણ રનોના પણ ભૂખ્યા હતા.

**● અર્જુન રણતુંગા :-**



૧૯૯૬ વિશ્વ વિજેતા કપ્તાન અર્જુન રણતુંગાના લેટેસ્ટ ફોટોને જો મેચ કરીશું તો ઘણા લોકો તેમને ઓળખી નહીં શકે. તેમનું ક્યારેક ૧૦૦ કિલોથી વધારે વજન હતું. જો કે, રણતુંગા શ્રીલંકાના સૌથી શાનદાર ક્રિકેટરોમાંથી એક છે. શ્રીલંકાના પૂર્વ કપ્તાનનું વજન ૧૧૫ કિલોગ્રામ હતું. સિંગલ અને ક્યારેક ડબલ રન બનાવવા માટે તેની દોડવાની સ્ટાઈલ પર આજે પણ અનેક ક્રિકેટ પંડિત હસે છે. જો કે, તે હજુ પણ શ્રીલંકાના ખેલ ઈતિહાસમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. રણતુંગાએ ૧૯૯૬ વિશ્વકપ ટાઈટલ માટે શ્રીલંકાની કેપ્ટનશીપ કરી હતી. તેમણે ૧૨,૫૬૧ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા અને ૯૫ વિકેટ પણ ઝડપી હતી.

# પ્રશાંત કિશોર મુસ્લિમોને પ્રલોભન આપી રહ્યા છે : શું મુસ્લિમ સમુદાય માટે નવા રાજકીય પ્રયોગ કરવાનો આ સમય છે ?

**ન્યુઝ GT પોઈન્ટ** લોકસભા ચૂંટણી વખતે પ્રશાંત કિશોરના નિવેદનો ગૂગલ સર્ચ કરવાથી મળશે કે બિનસાંપ્રદાયિક મત તોડવા કેટલાક લોકોને ‘યેન કેન પ્રકારે ઊભા કરવામાં આવે છે’... શું સમાજ બિનસાંપ્રદાયિક મત તૂટતા જોઈ શકે ?

(એજન્સી) તા.૨૭

દેશની જન સૂરજ પાર્ટીના સંયોજક પ્રશાંત કિશોર બિહારમાં મુસ્લિમ સમુદાયમાંથી સમર્થન મેળવવા પર વધુને વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તાજેતરમાં, તેમણે દેશના રાજકારણમાં મુસ્લિમ ભાગીદારીની થીમ પર કેન્દ્રિત એક કોન્ફરન્સનું આયોજન કર્યું હતું, અને તેમણે કહ્યું હતું કે, તેમની પાર્ટી આગામી ૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ૪૦ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતારશે. આ પગલાને તેજસ્વી યાદવ અને તેમના આરજેડી માટે વ્યૂહાત્મક પડકાર તરીકે જોવામાં આવે છે, કારણ કે તેમનો પક્ષ મુસ્લિમ-યાદવ મતદાર આધાર પર નિર્ભર છે. મુસ્લિમ મતદારો પર કિશોરની એકાગ્રતા તેની વ્યાપક રાજકીય વ્યૂહરચના અને બિહારના ચૂંટણી લેન્ડસ્કેપ પર તેની અસર વિશે પ્રશ્નો ઉભા કરે છે.



મુસ્લિમ મતદારો પરનું આ ધ્યાન રાજકીય પ્રતિનિધિત્વ વધારવાની તક જેવું લાગે છે, ત્યારે આવી વ્યૂહરચના પાછળના હેતુઓની તપાસ કરવી મહત્વપૂર્ણ છે. કિશોર, એક અનુભવી રાજકીય સલાહકાર છે, અગાઉ પણ તેઓ રાજકીય સ્પેક્ટ્રમમાં ઘણા મોટા પક્ષો સાથે કામ કરી ચૂક્યા છે, આ સંગઠનો દ્વારા નોંધપાત્ર નફો મેળવ્યો છે. તેમના ટીકાકારો દલીલ કરે છે કે તેમની સુસંગત રાજકીય વિચારધારાનો અભાવ તેમના વચનોની પ્રામાણિકતા વિશે ચિંતા ઊભી કરે છે. સામાજિક ન્યાય અને સમાનતા માટેની તેમની અચાનક હિમાયત હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના કલ્યાણ માટે વાસ્તવિક પ્રતિબદ્ધતા કરતાં વધુ વ્યૂહાત્મક દાવપેચ જેવી લાગે છે.

આગામી ચૂંટણીના સંદર્ભમાં, મુસ્લિમો માટે તેમના મતની લાંબા ગાળાની અસરોને ધ્યાનમાં લેવી મહત્વપૂર્ણ છે. ૪૦ ટિકિટોના વચનો સફળતા કે અર્થપૂર્ણ રાજકીય પ્રભાવની ખાતરી આપતા નથી. ચૂંટણી પછીના સંભવિત પરિણામોમાં જોખમ રહેલું છે અને જો આ ઉમેદવારો હારી જાય અને અન્ય પક્ષ સરકાર બનાવે તો શું થશે? બિહારના મુસ્લિમ સમુદાયે હવે તેની રાજકીય વ્યૂહરચના માટે વધુ ઈરાદાપૂર્વક પગલાં લેવા જોઈએ. દરેક મત એ સ્પષ્ટ સમજણ સાથે નાખવો જોઈએ કે તે વિકાસમાં કેવી રીતે યોગદાન આપશે. તેમાં શિક્ષણ, આરોગ્યસંભાળ, સ્વચ્છતા અને તેમના પડોશ અને શહેરોની સામાન્ય સુખાકારી જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. નક્કર પરિણામો પ્રાપ્ત કર્યા વિના અને લક્ષ્ય વિના રાજકીય વફાદારી બદલવાનો વિચાર ન કરવો જોઈએ.

આવા જોડાણોથી સમુદાયની પ્રગતિ અને ઉત્થાનને સીધો ફાયદો થાય તે સુનિશ્ચિત કરવા માટે મત આપવો જોઈએ. ચૂંટણીમાં મુસ્લિમ સમુદાયની ભૂમિકા માત્ર અન્યોને રાજકીય રીતે સ્થાપિત કરવાની છે કે પછી જવાબદારી અને પારસ્પરિકતાની છે કે કેમ તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવાનો સમય છે. નવા નેતાઓ અનિવાર્યપણે મોહક વચનો સાથે આવશે, પરંતુ સમુદાયે તેનાથી પ્રભાવિત ન થવું જોઈએ. તેના બદલે, મુસ્લિમોએ લાંબા ગાળાના રાજકીય ધ્યેયો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, અને તે સુનિશ્ચિત કરવું જોઈએ કે તેઓ જેને પણ સમર્થન આપે છે તે તેમની જીવનશૈલી અને સામાજિક સ્થિતિમાં સતત સુધારા તરફ દોરી જાય છે. બિહારના મુસલમાનો વચ્ચે એકતાની આવશ્યકતા છે. સમુદાયમાં વિભાજન એ તેના સામૂહિક અવાજને નબળો પાડે છે. ભારતમાં વર્તમાન રાજકીય વાતાવરણ ખાસ કરીને મુસ્લિમો પ્રત્યે પ્રતિકૂળ છે, જેમાં સમુદાય સામે દમન અને હિંસાના અહેવાલો વધી રહ્યા છે. આવા સંજોગોમાં મતભેદ એ ખતરનાક નબળાઈ છે. સમુદાયે એવા એક રાજકીય પક્ષ સાથે રહેવું જોઈએ જે શાસક સરકારને પડકારવાની અને અર્થપૂર્ણ પરિવર્તન લાવવાની ક્ષમતા ધરાવે છે. જો મુસ્લિમોના મતો વિભાજિત થશે તો તેઓને વધુ જોખમ છે. સંયુક્ત રીતે તેઓ એક પ્રચંડ બળ બની શકે છે જે રાજકીય પરિણામોને પ્રભાવિત કરવા અને તેમના અધિકારોનું રક્ષણ કરવા તેઓને સક્ષમ બનાવી શકે છે.

# રાજસ્થાનનું એક એવું ગામ જ્યાં સરકારી નોકરીની ગેરંટી એટલે ઉર્દૂ ભાષાનું જ્ઞાન

**માત્ર મુસ્લિમો નહીં સીદરા ગામમાં હિન્દુ વિદ્યાર્થીઓ પણ ખૂબ જ લગન અને ધગશ સાથે ઉર્દૂ શીખે છે કારણ કે અહીં છે સરકારી નોકરી મેળવવાનો સીધો માર્ગ અને સચોટ ઉપાય**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

રાજસ્થાનનું એક ગામ જેનું નામ છે સિદરા, રણપ્રદેશના ટોંક વિસ્તારમાં આવેલું આ ગામ એવું છે જેનો ઉલ્લેખ અત્રે કરવો જ રહ્યો કેમ કે અહીં સરકારી નોકરીઓ મેળવવા માટે અસરકારક માર્ગ એ અંગ્રેજી ભાષા નથી પરંતુ ઉર્દૂ ભાષા છે. તમને જાણીને નવાઈ લાગશે પરંતુ આ સત્ય હકીકત છે. ઉર્દૂનું જ્ઞાન સીદરા ગામ અને આસપાસના અનેક ગામોના વિદ્યાર્થીઓ માટે સરકારી નોકરી મેળવવાની ગેરંટી છે. ટોંક જિલ્લાનું આ ગામ એવું છે જ્યાં દરેક યુવાન અને યુવતી ઉર્દૂ ભાષા શીખવા માંગે છે અને તેના



**એક વિદ્યાર્થીએ શિક્ષિકા શાહના મદનીને પૂછ્યું કે શું અમને મુસ્લિમ બનાવવા તમે ઉર્દૂની તાલીમ આપો છો ? ત્યારે શિક્ષિકાએ સુંદર જવાબ આપ્યો કે શું અંગ્રેજી શીખવાથી તમે બ્રિટિશ બની ગયા ?**

મારફત સરકારી શિક્ષકની નોકરીની પરીક્ષાની તૈયારીઓ કરવા લાગે છે.

૨૦૨૨થી આ ગામ ઉર્દૂ જવરમાં જકડાઈ ગયું કેમકે ૨૦ વર્ષની કલ્પના મીણા ઉર્દૂમાં પુરા ૧૦૦ માર્ક લઈને ધોરણ ૧૨ની પરીક્ષા પસાર કરે છે અને રાજ્યમાં પ્રથમ સ્થાને આવે છે અને સફળતાની આ એક જ ગાથા નથી. રાજસ્થાનમાં નોકરીઓ કરી રહેલા ૧૦૦થી વધુ ઉર્દૂ શિક્ષકો અને પ્રોફેસરો જયપુરથી 85 km દૂર આવેલા સીદરા ગામના છે અને આ ગામ મીણા સમાજની વસ્તીની બહુમતી ધરાવે છે પરંતુ ઉર્દૂના જુવારમાં છકડાયેલું આ ગામ સમગ્ર ભારત માટે એક પ્રેરણા રૂપ ગાથાનું નિર્માણ કરી રહ્યું છે. ઉર્દૂ પ્રોફેસરો અને શિક્ષકોની જાણે કે ફેક્ટરી બની ગયું છે. આ ગામ કેમકે સરકારી શાળાઓમાં અને કોલેજમાં તથા પ્રાઈવેટ કોલેજોમાં ઉર્દૂના શિક્ષકો અને પ્રોફેસરો મોટાભાગે આ ગામ પૂરૂં પાડી રહ્યું છે. આ ગામની મુલાકાત લો તો તમને ગ્રામજનો એકબીજાની સાથે ઉર્દૂ ભાષામાં વાત કરતા સંભળાશે. અહીંના વિદ્યાર્થીઓ અહીંની શેરીઓ અને ગલીઓમાં ઉર્દૂ ભાષાના મહત્વના શબ્દો સુકુન તથા ખ્વાબ અને રહેમત જેવા શબ્દોના ઉચ્ચાર કરતા દેખાય છે અને ઉર્દૂ ભાષા સમજવાની કોશિશ કરતા દેખાય છે. જોકે ગામના તમામ બોર્ડ અત્યારે હિન્દી ભાષામાં જ લખાયેલા છે અને ઉર્દૂ ભાષા શાળાના પાઠ્યપુસ્તકો અને વર્ગખંડના બ્લેકબોર્ડ પૂરતી સીમિત છે. ઉર્દૂ ભાષા ગામની ભાષા નથી પણ આ ભાષા સરકારી નોકરી મેળવવા માટેની ગેરંટી છે જે અંગ્રેજી ભાષા પણ એમને આપી શકતી નથી.

સરકારી નોકરીઓમાં એસટી શ્રેણીના ઉર્દૂ શિક્ષકોની જગ્યાઓ મોટાભાગે ખાલી રહેતી હતી. કેમ કે લાયકાતવાળા ઉમેદવારો મળતા નહોતા પરંતુ આ ખામી અને કમી સિદરા ગામ બિલકુલ પૂરી કરી રહ્યું છે જેના કારણે તેને ઉર્દૂ ગામ એવું હુલામણું નામ મળ્યું છે અને આસપાસના ગામોની શાળાઓમાં પણ ઉર્દૂ ભાષા શીખવાના અભ્યાસક્રમ શરૂ થઈ ગયા છે અને એ ગામોને પણ પ્રેરણા મળી રહી છે. પણ આવી સફળતા આ ગામને રાતોરાત મળી નથી અને કલ્પના જેવા વિદ્યાર્થીઓ રાતોરાત મળ્યા નથી ખૂબ મહેનત કરવી પડી છે પણ આ ગામ માટે ઉર્દૂ ભાષા આશીર્વાદ બની ગઈ છે. ગામના સરપંચ રામ સાઈ મીણા કહે છે કે અગાઉ આખું ગામ ખેતી ઉપર નભતું હતું પરંતુ ઉર્દૂ ભાષાએ અમારૂં સરકારી નોકરીઓ મેળવવાનું સપનું સાકાર કર્યું છે અમારી નવી પેઢી ઉર્દૂનો અભ્યાસ કરીને સરકારી નોકરીઓ મેળવી રહી છે.

કલ્પના હવે ઉર્દૂની મુખ્ય ભાષા સાથે સ્નાતકની ડિગ્રી મેળવવાની તૈયારી કરી રહી છે તેની સાથે ગામના બીજા પણ અનેક વિદ્વાનો જોડાયા છે. કલ્પનાના પિતા રામ ફુલ મીણા કહે છે કે ઉર્દૂ ભાષા અમારા માટે જીવનમાં આગળ પ્રગતિ કરવા માટેનો સચોટ માર્ગ બન્યો છે અને સમયની સારણી પર પાર ઉતરેલી ફોર્મ્યુલા છે. મારી દીકરી ૧૧માં ધોરણમાં આવી ત્યારે જ મેં ઉર્દૂ ભાષા શીખવાનું કહ્યું હતું કેમ કે અમારા ગામના ઘણા લોકોને ઉર્દૂનો અભ્યાસ કર્યા બાદ સરકારી નોકરીઓ મળી છે અને અમારૂં માન અને સન્માન પણ જળવાયું છે. આ ગામમાં છઠ્ઠા ધોરણથી જ બાળકોને ઉર્દૂ શીખવાની શરૂઆત કરી દેવામાં આવે છે શાળાના વર્ગખંડોમાં જાવ તો બ્લેકબોર્ડ પર ઉર્દૂ લખાણ લખેલું દેખાય છે અને પાઠ્યપુસ્તકોરમાંથી લખાયેલા વાક્યો તથા ફિરાગ ગોરખપુરી તેમજ મીરઝા ગાલીબ અને મીર તકી મીર જેવા વિખ્યાત ઉર્દૂ સહયોગની શાયરીઓ બ્લેક બોર્ડ પર લખાયેલી દેખાય છે. છઠ્ઠા ધોરણનું વિદ્યાર્થી અભયમીણા કહે છે કે હું ઉર્દૂ શીખી રહ્યો છું અને થોડી અઘરી પડે છે પણ મને આનંદ આવી રહ્યો છે.

અત્યારે સિદરાની શાળામાં ૪૬૦ વિદ્યાર્થીઓમાંથી ૩૦૦ વિદ્યાર્થીઓ ઉર્દૂ શીખી રહ્યા છે અને બે શિક્ષક ગંગાધર મીણા તથા સોપલ ચૌધરી એમને તાલીમ આપે છે.

આમ તો ટોંક જિલ્લો પહેલેથી જ ઉર્દૂ ભાષાના અભ્યાસ તાલીમ ઉર્દૂ ભાષાના સાહિત્ય અને શેરો શાયરીના ચલણ માટે જાણીતો છે અને રાજસ્થાનનું લખનઉ કહેવાય છે. અહીં મોલાના અબુલ કલામ આઝાદ એરેબિક પર્શિયન રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ છે એક લાઈબ્રેરી છે અને એક એવું મ્યુઝિયમ છે જ્યાં પવિત્ર ધર્મગ્રંથ કુર્આન શરીફની વિશ્વની સૌથી મોટામાં મોટી કોપી મૂકવામાં આવેલી છે અને ઉર્દૂની કેટલીય બહુમૂલ્ય અને ક્યાંય જોવા ન મળે એવી હસ્તપ્રતો પણ છે. શાહના મદની નામના શિક્ષિકા કહે છે કે શરૂઆતના વર્ષોમાં ઘણી તકલીફ પડી હતી અને કેટલાક હિન્દુ વિદ્યાર્થીઓ તો એવું પૂછતા હતા કે ઉર્દૂ પઢાકે હમકો મુસલમાન બનાવોગે ક્યા ? ત્યારે હું એમને કહેતી હતી કે ક્યા અંગ્રેજી શીખીને તમે અંગ્રેજ બની ગયા છો ? પણ જ્યારે ઉર્દૂ ભાષા શીખનારા વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ મળવા લાગી ત્યારે અહીં વાતાવરણ બદલાઈ ગયું હતું.

સિદરા ગામમાં આ રીતે ૨૦૧૬થી ઉર્દૂ ભાષા શીખવાનું શાળામાં શરૂ કરી દેવાયું અને તેના પહેલા શિક્ષક તરીકે ૨૦૨૨માં અસમા બાનોની નિમણૂક થઈ હતી શાળાના પ્રિન્સિપાલ બીરબલ મીણા કહે છે કે ઉર્દૂનો આવો પ્રેમ મેં ક્યાંય જોયો નથી અને ખુદ વાલીઓ અમને આવીને તેમના સંતાનોને ઉર્દૂની તાલીમ આપવાનો આગ્રહ કરે છે.

આ ગામમાં ઉર્દૂના ઉત્કર્ષ માટે મોટી ભૂમિકા દીકરીઓ ભજવી રહી છે અને તાલીમ મેળવનાર ૬૦ ટકા વિદ્યાર્થીઓ હોય છે. કેમ કે ઉર્દૂ ભાષા એક સુંદર કારકિર્દીની તક આપતી ભાષા બની ગઈ છે એટલે બાળકીઓ વધુ મોટા પ્રમાણમાં આ ભાષાનું જ્ઞાન મેળવવા પ્રેરાય છે. સરકારી શાળાઓમાં તેમજ રેલવેમાં પોલીસ અને આર્મીમાં પણ એમને નોકરીઓની તક મળી રહી છે. રાજસ્થાન સરકારે ૨૦૨૨માં વિવિધ વિષયના ૮૦૦ શિક્ષકોની ભરતી કરી હતી તેમાંથી ૪૦% આ સીદરા ગામના હતા. પ્રોફેસર કૃષ્ણ ગોપાલ મીણા કહે છે કે રાજસ્થાનમાં અઢીસો જેટલા ઉર્દૂ શિક્ષકો હિન્દુ સમાજના છે. એકલા આ ગામના બે પ્રોફેસર તથા ૧૪ સ્કૂલ લેક્ચર અને ૩૦ સિનિયર શિક્ષકો તથા ૬૦ જેટલા પ્રાથમિક શિક્ષકો નોકરી કરી રહ્યા છે.

રાજસ્થાનમાં હજુ પણ ઉર્દૂ શિક્ષકોની ઘણી જગ્યાઓ ખાલી છે અને એ માટે ૨૦૨૨માં કોંગ્રેસના ધારાસભ્યો અમીન કાગજી તથા વાજીદ અલીએ તત્કાલીન મુખ્યમંત્રી અશોક ગેહલોતને પત્ર લખ્યો હતો અને કહ્યું હતું કે ૨૦૦૦ જેટલા ઉર્દૂ શિક્ષકોની જગ્યા ખાલી છે ત્યારે માત્ર ૩૦૯ ભરતી કેમ કરવામાં આવી છે એ વધારવી જોઈએ. ૨૦૨૩નો લોકસભામાં રજૂ થયેલો ડેટા દર્શાવે છે કે સરકારી અને અન્ય શાળાઓમાં ૧,૩૬,૦૦૦ ૧૭૬ જેટલી ઉર્દૂ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને રાજસ્થાનમાં પણ આવી સેંકડો જગ્યાઓ ખાલી છે રાજસ્થાનના ઉર્દૂ શિક્ષક અને લેક્ચર સંઘના પ્રમુખ શમશાદ અલી કહે છે કે રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પણ આવી પરિસ્થિતિ છે અને જગ્યાઓ ખાલી છે સિદરા સિવાયના ગામોમાં મોટાભાગે મુસ્લિમ વિદ્યાર્થીઓ ઉર્દૂ શીખતા હોય છે પણ આ ગામમાં ઉર્દૂ શીખનારા તમામ હિન્દુ વિદ્યાર્થીઓ છે એટલે આ ગામની સફળતાની ગાથા અનેરી અને અનોખી છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ
ગુજરાત રાજ્ય

રેશનકાર્ડ ધારકોના e-KYC બાબતની જાણકારી

e - KYC એટલે રેશનકાર્ડ ધારક કુટુંબના તમામ સભ્યોની વ્યક્તિગત ઓળખની ખરાઈ.

રેશનકાર્ડ ધારક ૩(ત્રણ) રીતે e-KYC કરાવી શકે છે.

- ઘરેબેઠાં “My Ration” Mobile Application થી કુટુંબના તમામ સભ્યોનું e - KYC થઈ શકે છે.
- ગ્રામ્ય સ્તરે ઈ-ગ્રામ કેન્દ્રમાં V.C.E મારફત.
- તાલુકા કક્ષાએ તથા શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરીમાં, મહાનગર પાલિકામાં પુરવઠા વિભાગની ઝોનલ કચેરીમાં રૂબરૂમાં જઈને.

- e-KYC માટે રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર અને આધાર નંબરની માત્ર વિગતો જ આપવાની રહે છે.
- કોઈ દસ્તાવેજની ઝેરોક્ષ કોપી આપવાની જરૂર નથી.
- e-KYC કરાવવા માટે બેંક એકાઉન્ટની વિગતો આપવાની રહેતી નથી.
- રેશનકાર્ડધારકે પોતાની કોઈપણ ખાનગી માહિતી અન્ય ત્રાહિત વ્યક્તિને આપવી નહીં.

MY RATION
Google Play store પરથી ડાઉનલોડ કરી શકાશે.
“આપના રેશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે “My Ration” મોબાઈલ એપ્લિકેશનો મહત્તમ ઉપયોગ કરવા વિનંતી.”
શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.
વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ પર સંપર્ક કરવા વિનંતી.


# મલયાલમ અભિનેતા એડવેલા બાબુની જાતીય શોષણના આરોપમાં ધરપકડ

**મલયાલમ અભિનેતા એડવેલા બાબુની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા ૨૫ સપ્ટેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી, તેના પર પૂર્વ મલયાલમ અભિનેત્રી મિનુ મુનીર દ્વારા જાતીય શોષણનો આરોપ મૂકવામાં આવ્યો હતો**

(એજન્સી) તા.૨૭

સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ યૌન ઉત્પીડનના કેસમાં અભિનેતા અને એસોસિયેશન ઑફ મલયાલમ મૂવી આર્ટિસ્ટ્સ (AMMA)ના પૂર્વ જનરલ સેક્રેટરી એડવેલા બાબુની ધરપકડ કરી હતી. એર્નાકુલમ પ્રિન્સિપલ સેશન્સ કોર્ટે તેને પહેલેથી જ જામીન આપી દીધા હતા, તેથી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને જવા દેવામાં આવશે. SIT દ્વારા પૂછપરછ બાદ ધરપકડ નોંધવામાં આવી હતી. એક અઠવાડિયા પહેલા, અભિનેતા-રાજકારણી મુકેશ અને એડવેલા બાબુને કોચીની અદાલતે આગોતરા જામીન આપ્યા હતા. આથી, બાબુને પ્રારંભિક કાર્યવાહી બાદ જામીન પર છોડવામાં આવશે. ઓગસ્ટના છેલ્લા સપ્તાહમાં પૂર્વ અભિનેત્રી મિનુ મુનીરે તેમના પર શારીરિક અને શાબ્દિક શોષણનો આરોપ લગાવ્યો હતો. તેણે સાત વ્યક્તિઓના નામ આપ્યા, જેમાં લોકપ્રિય અગ્રણી મલયાલમ અભિનેતા જયસૂર્યાનો પણ સમાવેશ થાય છે. ત્યારબાદ સાતેય શખ્સો



સામે એફઆઈઆર (પ્રથમ માહિતી અહેવાલ) દાખલ કરવામાં આવી હતી. તેણીએ ફેસબુક પર તેની વીતકકથા સમજાવતી વિગતવાર નોંધ શેર કરી. તેણે લખ્યું, ‘હું ૧, મુકેશ ૨, મણિયન પિલ્લા રાજુ ૩, ઈદવેલા બાબુ ૪, જયસૂર્યા ૫, એડવ ચંદ્રશેકરન, ૬, પ્રોડક્શન કંટ્રોલર નોબલ અને વિચુ દ્વારા મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં શારીરિક અને મૌખિક દુર્વ્યવહારની શ્રેણીબદ્ધ ઘટનાઓની જાણ કરવા માટે લખી રહી છું., (sic).’ ‘૨૦૧૩ માં એક પ્રોજેક્ટ પર કામ કરતી વખતે આ વ્યક્તિઓ દ્વારા મારી સાથે શારીરિક અને મૌખિક દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. મેં સહકાર આપવા અને કામ કરવાનું ચાલુ રાખવાનો પ્રયાસ કર્યો, પરંતુ દુર્વ્યવહાર અસહ્ય બન્યો. પરિણામે, મને મલયાલમ ફિલ્મ ઉદ્યોગ છોડીને ચેન્નાઈ સ્થળાંતર કરવાની ફરજ પડી.,’ એડવેલા બાબુ, મુકેશ અને જયસૂર્યાનો દાવો છે કે તેઓ નિર્દોષ છે. બાદમાં મુકેશે નિષ્પક્ષ અને પારદર્શક તપાસની માંગ કરી હતી. ૧૯ ઓગસ્ટના રોજ, હેમા કમિટિનો રિપોર્ટ સાર્વજનિક કરવામાં આવ્યો, જેણે ઘણી મહિલાઓને આગળ આવવા અને તેમની સાથે દુર્વ્યવહાર કરનારાઓના નામ આપવા દબાણ કર્યું. રિપોર્ટ બાદ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવામાં આવી હતી અને તે ફરિયાદો લઈ રહી છે. હેમા સમિતિના અહેવાલમાં મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં પ્રચંડ જાતીય સતામણી, કાસ્ટિંગ કાઉચ પ્રથાઓ, લોબિંગ અને અન્ય પ્રણાલીગત સમસ્યાઓનો પર્દાફાશ થયો છે.

# નવરાત્રિ પહેલાં ટુ વ્હીલર ઉપર હેલમેટ પહેરવાના નિયમોનો અમલ કરાવો, લાઈસન્સ કેન્સલ કરો : હાઈકોર્ટનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાત હાઈકોર્ટ દ્વારા આજે સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે દ્રીચક્રી વાહનો ચાલકો માટે હેલમેટ ફરજીયાત રીતે પહેલવાના નિયમોનું પાલન કરાવો અને જે તેઓ ત્રણ વખત નિયમોનો ભંગ કરતા જણાય તો તેમનું લાઈસન્સ રદ્દ કે સસ્પેન્ડ કરવા જોઈએ. નવરાત્રિ પહેલા હેલમેટના કડકમાં કડક નિયમનો અમલ કરો. કારણ કે હેલમેટ વગર લોકોને દ્રીચક્રી વાહનો ચલાવવા દેવા જોઈએ નહી. અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા, ફ્લાય ઓવર સહિતના મુદ્દાઓ ઉપર ચાલે રહેલા જાહેર હિતની અરજીની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસ દ્વારા સુનાવણીની શરૂઆતમાં જ ટકોર કરવામાં આવી હતી કે, મેં જોયું છે કે અગાઉ નિર્દેશ આપ્યા હોવા છતાં પણ હજુ સુધી કોઈ હેલમેટ પહેરતું નથી અને નિયમોનું પાલન કરાતું નથી. હવે નવરાત્રિ આવશે એટલે એવા અહેવાલો આવશે કે નવરાત્રિ દરમિયાન હેલમેટ પહેલવાના નિયમો હળવા કરો. પરંતુ આ સમયમાં જ સૌથી વધારે અકસ્માત થાય છે. ગયા વર્ષે જોવામાં આવ્યું હતું કે નવરાત્રિના સમય દરમિયાન જ અકસ્માત અને મેડિકલ ઈમરજન્સીની ઘટનાઓ બનતી હોય છે. આથી હેલમેટ પહેરવાની અને તેની જાગૃતિની ઝુંબેશ ચલાવવી જોઈએ. જો કોઈ હેલમેટ વગર કે ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા ઝડપાય તો તેમનું લાઈસન્સ સસ્પેન્ડ કે કેન્સલ થવું જોઈ. બાકી આ નિયમનો કોઈ ગણકારે તેમ નથી. લોકો દંડના નાણા ભરવા તૈયાર થઈ જાય છે પરંતુ નિયમોને ગણકારતા નથી. તેઓ રાજી ખુશીથી નિયમોનો ભંગ કરે છે. આથી નવરાત્રિ પહેલા હેલમેટના નિયમોનું પાલન થવું જોઈ. બીજી બાજુ સમગ્ર રાજ્યમાં ટ્રાફિક પોલીસ ઉપર પણ સકંજો કસવામાં આવ્યો છે. ચાર રસ્તા ઉપર મોબાઈલ ફોન ઉપર વાતો કરતા કે ખુણામાં ઉભા રહીને એક બીજા સાથે ગોષ્ટિ કરતા જવાનોને સ્પષ્ટ પણે કહી દેવામા આવ્યું છે કે તેઓએ આવું નહી કરતા માત્ર અને માત્ર ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાનું રહેશે. તેઓને બોડી વોર્ન કેમેરા આપવામાં આવ્યા છે પરંતુ તેની ઉપર મોનીટરીંગ કરવામાં આવતુ નહી હોવાથી હવે પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના અધિરારીઓ દ્વારા તેનું સુપરવિઝન કરવામાં આવશે. આ બાબતે વોર રૂમ ઉભો કરવા પણ હાઈકોર્ટ દ્વારા સુચન કરવામાં આવ્યું હતુ. બીજી બાજુ કોર્ટે આ કેસની સુનાવણી નવરાત્રી પહેલા રાખવામાં આવી છે. એટલે કે આગામી તા.૪ સપ્ટેમ્બરના રોજ હેલમેટના નિયમોના પાલન અને અમદાવાદ સહીતના શહેરમાં તુટેલા રોડ રિપેરીંગ કરવાની કામગીરી પુરી કરવા બાબતે સુનાવણી રાખવામાં આવી છે.

ગેંગના ૨૯ સભ્યો ગાંધીનગરથી ઝડપાયા

# શેરબજારમાં ટ્રેડિંગના નામે રૂા. ૨૭ કરોડની છેતરપિંડી

## વડનગર, વિસનગર, ખેરાલુ તથા સતલાસણા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ દાખલ થઈ હતી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

શેરબજારમાં ટ્રેડિંગના નામે અને મોટો નફો બતાવી લાખોનું ફ્રોડ કરનાર એક મોટી ગેંગને ગાંધીનગરના સાતેજ પાસેથી ગાંધીનગર પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવી છે. જેમાં ગાંધીનગર તથા મહેસાણા જિલ્લાના અલગ અલગ સ્થળોએ નોંધાયેલી ફરિયાદ અને થયેલા ફ્રોડના આધારે પોલીસે કાર્યવાહી કરી છે.

ટૂંકાગાળામાં માલામાલ બનાવવા સપના બતાવી શેરબજારમાં રોકાણના નામે છેતરપિંડી આચરતી ગેંગનો પર્દાફાશ થયો છે. અલગ-અલગ ગેંગ દ્વારા સમગ્ર ભારતમાં શેરબજારમાં રોકાણ કરવા ઈચ્છતા લોકોને ટાર્ગેટ બનાવવામાં આવતા હતા. શેર બજારમાં નફો (પ્રોફીટ) કમાવી આપવાની ટીપ્સ આપવાની લાલચ આપી, તેમની પાસે શેરબજારના નામે અલગ-અલગ બેંક એકાઉન્ટમાં રૂપિયા જમા કરાવવાનું કહેવામાં આવ્યું હતું. ત્યારબાદ તે રૂપિયા ઓનલાઈન ટ્રાન્જેક્શન, એ.ટી.એમ. વિડ્રોલ અને ચેકથી ઉપાડી લેતી અલગ-અલગ ગેન્ગ સક્રીય હોવાની વડનગર, વિસનગર, ખેરાલુ તથા સતલાસણા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ દાખલ થઈ હતી. ગાંધીનગર રેન્જના ડી.આઈ.જી.પી. વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું કે ગાંધીનગર તથા મહેસાણા જિલ્લાના કેટલાક વિસ્તારોમાં સંગઠિત ગેંગ દ્વારા શેરબજારમાં રોકાણકારોને નફાની લાલચ આપી છેતરપિંડી કરવામાં આવી રહી છે. તેની તપાસ માટે ટીમો બનાવી સાંતેજ ખાતે કોલ સેન્ટરમાં રેડ કરી ૨૯ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. આ તપાસ માટે ગાંધીનગર ડી.વાય.એસ.પી.ની એક ટીમ બનાવી અને ૫૦ જેટલા પોલીસ અધિકારી કર્મચારીઓને તપાસ માટે આદેશ આપવામાં આવ્યા હતા. જેમાં તપાસ દરમિયાન ૪૨ જેટલા બેંક એકાઉન્ટ, ૨૭ કરોડ, ૭૦ જેટલા મોબાઈલ તથા ત્રણ લેપટોપ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે. જેમાં ત્રણ જેટલા માસ્ટરમાં હજી પણ પોલીસ પકડથી દૂર છે. ઓર્ગેનાઈઝડ ક્રાઈમમાં પ્રથમ ગુનો વડનગર પોલીસ મથકે નોંધાયો હતો. જેની ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી આ સાથે જ મહેસાણા જિલ્લાના અલગ-અલગ પોલીસ મથકે શેરબજારના ઓથા હેઠળ આચરવામાં આવેલી છેતરપિંડી ૧૨ ફરિયાદોની પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૯ ઈસમો વિરૂદ્ધ ૩ જાણવા જોગ ગુનો દાખલ કરી ૫ આરોપીઓની અટકાયત કરીનેકોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં વધુ તપાસ માટે ૫ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

# માંડલ અંધાપા કાંડના પીડિતોએ રૂા.૧૦ લાખનું વળતર માંગ્યું, હાઈકોર્ટે કહ્યું : કન્ઝ્યુમર કોર્ટમાં અરજી કરો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે આવેલી રામાનંદ ટ્રસ્ટની હોસ્પિટલમાં મોતિયાંના ઓપરેશન બાદ દર્દીઓની આંખમાં ખામી સર્જાતાં અંધાપાનો ભોગ બનનાર ૨૧ દર્દીઓના કિસ્સામાં થયેલી સુઓમોટો અરજીની સુનાવણી દરમિયાને પિડીતોએ સરકાર પાસેથી રૂા.દસ લાખના વળતરની કરેલી માગણીની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી.

અદાલતે મત વ્યક્ત કર્યો હતો કે પિડીતો આ બાબતે ગ્રાહક કોર્ટમાં અરજી કરીને પોતાને થયેલા નુકસાનનું વળતર માંગી શકે છે. કારણ કે, હોસ્પિટલ અને દર્દીઓ વચ્ચે સેવાઓમાં ખામીઓની બાબત ગ્રાહક સુરક્ષા કાયદામાં આવરી લેવામાં આવી હોવાથી અરજદારો પાસે ગ્રાહક કોર્ટમાં અરજી કરીને તેમને થયેલી નુકસાનીનું વળતર માગવોનો વિકલ્પ ખૂલ્લો છે. આથી સરકારી તિજોરીમાંથી વળતર આપવાની માગણી સ્વિકારી શકાય તેમ નથી. આ ઉપરાંત આ કિસ્સામાં નિષ્કાળજી દાખવનાર તબીબોની ડિગ્રી સસ્પેન્ડ કરવાની માગણી બાબતે હાઈકોર્ટે જણાવ્યું હતું કે, આ બાબતે અરજદારો મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયામાં અરજી કરી શકે છે અને તે વિકલ્પ તેઓ પાસે ખૂલ્લો છે. જો કોઈ તબીબો દ્વારા બેદરકારી દાખવવામાં આવી હોય તો તેમની સામે કાર્યવાહી કરવા માટેની પ્રક્રિયા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) પાસે છે અને તેઓ આ બાબતે ધ્યાનમાં લઈ શકે છે. આથી પિડીતો દ્વારા યોગ્ય ફોરમમાં અરજી કરવી જોઈએ. બીજી બાજુ રાજ્ય સરકાર દ્વારા ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અને તેમાં સુધારા વધારા કરીને દરેક નાની હસ્પિટલોનું રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ બાબતે હાઈકોર્ટને જાણકારી પણ આપવામાં આવી હતી કે હવે રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા એક પોર્ટલ પણ બનાવાઈ છે. બીજી બાજુ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અન્ડર સેક્રેટરી દ્વારા એફિડેવીટ રજૂ કરવામાં આવી હતી કે, જિલ્લા દીઠ રજિસ્ટ્રીંગ ઓથોરિટીની રચના કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરેક જિલ્લામાં કાર્યરત રહેશે અને આ બાબતે અદાલતને જાણકારી આપવામાં આવશે. બીજી બાજુ આ કેસમાં ગુજરાત હાઈકોર્ટ તરફથી આવા કિસ્સાઓમાં રજૂઆત અને સૂચન કરવા માટે આગામી બે સપ્તાહ બાદ સુનાવણી રાખવામાં આવી છે.

કેસની વિગતો મુજબ ગત જાન્યુઆરી મહિનામાં અમદાવાદ જિલ્લાના માંડલ ખાતેના સેવા નિકેતન ટ્રસ્ટ સંચાલિત રામાનંદ હોસ્પિટલમાં યોજાયેલા કેમ્પમાં મોતિયાની શસ્ત્રક્રિયા કરાવ્યા પછી ૧૭ જેટલા વ્યક્તિઓએ દષ્ટિની આંશિક અથવા સંપૂર્ણ ગુમાવવાની ફરિયાદ કરી હતી. કુલ ૨૧ વ્યક્તિઓ આ ઘટનાના બોગ બન્યા હતા. ત્યારબાદ અધિકારીઓએ તપાસનો આદેશ આપ્યો હતો. ગુજરાત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તપાસ કરવા માટે નવ સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરી છે અને માંડલ ગામની આંખની હોસ્પિટલને આગળના આદેશો સુધી મોતિયાની વધુ શસ્ત્રક્રિયા ન કરવા જણાવ્યું છે. ૧૦ જાન્યુઆરીએ માંડલની રામાનંદ આંખની હોસ્પિટલમાં સર્જરી કરાવનાર પાંચ વ્યક્તિઓને સોમવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલના નેત્રરોગ વિભાગમાં સારવાર માટે રિફર કરવામાં આવ્યા બાદ આ બાબત પ્રકાશમાં આવી હતી. માંડલ ખાતેની હોસ્પિટલે આ મહિને લગભગ ૧૦૦ મોતિયાની શસ્ત્રક્રિયાઓ કરી હતી, એક અધિકારીએ અગાઉ જણાવ્યું હતું કે, વિરમગામ શહેરમાં આ તમામ દર્દીઓને તપાસવા માટે એક કેમ્પ ગોઠવવામાં આવ્યો હતો. આ બાબતે હાઈકોર્ટમાં સુઓમોટો પિટીશન લેવામાં આવી હતી.

સરકાર દ્વારા એફિડેવિટમાં વધુમાં જણાવ્યું હતું કે આવી ઘટના બનતી અટકાવવા નિયમો જરૂરી છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ મુજબ ૫૦ કે તેથી વધુ બેડ ધરાવતી હોસ્પિટલે જ રજિસ્ટ્રેશન અને નિયમો બંધનકારી હતા. હવે દરેક હોસ્પિટલને મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટના કાયદા અંતર્ગત આવરી લેવાશે. માંડલ બાદ રાધનપુરમાં પણ આવી ઘટના બની હતી. અરજીની સુનાવણી બાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે ૫૦ બેડથી નીચેની સંખ્યાવાળી પણ મોટી હોસ્પિટલ કહેવાય. મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ માટેની ગાઈડલાઈન અને નિયમો કોર્ટને જણાવાશે. હોસ્પિટલોનું એક રજિસ્ટર બનાવવામાં આવે છે, જેને જિલ્લા લેવલથી રાજ્ય લેવલ અને રાજ્ય લેવલથી નેશનલ લેવલે મોકલવામાં આવે છે, એ રખાય છે કે કેમ એની તપાસ કરાશે. આર્મી સિવાય તમામ મેડિકલ એસ્ટાબ્લિશમેન્ટના કાયદા અંતર્ગત આવરી લેવાશે. કોર્ટે હેલ્થ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીને ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ પર વધુ ડેટા સાથે એફિડેવિટ ફાઈલ કરવા હુકમ કર્યો હતો.

# અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર કોરોના વાયરસ કરતાં પણ વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે : શહેઝાદખાન પઠાણ

**● મ્યુનિ.ની સામાન્ય સભામાં હાટકેશ્વર બ્રિજ અને આવાસ યોજના પર વિપક્ષના પ્રહારો ● બે બ્રિજ બનાવવા પાછળના ખર્ચના તફાવતથી ભ્રષ્ટાચાર કરવાનો ઈરાદો જણાઈ રહ્યો છે ● આવાસ યોજનાના મકાનોમાં રહેતા લોકો કહે છે કે, આના કરતા તો ઝૂંપડપટ્ટીમાં રહેવું સારૂં, જેલથી પણ ખરાબ પરિસ્થિતિમાં રહીએ છીએ**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭



અમદાવાદ મ્યુ. કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર કોરોના વાયરસ કરતા પણ વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભાજપ વન નેશન વન ઈલેકશનની વાત કરે છે પણ અમદાવાદમાં મ્યુ.માં જે પ્રકારે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે તે જોઈને એવું લાગી રહ્યું છે કે અમદાવાદ કોર્પોરેશન વન નેશન વન કરપ્શનની તરફ જઈ રહ્યું છે. ગરીબ આવાસોની યોજનામાં પણ ડબલ એન્જિનની સરકારની નાક નીચે ભારે ભ્રષ્ટાચાર થઈ ગયો છે. સાબરમતી નદી શુદ્ધિકરણના નામે પણ ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે અને નામદાર અદાલતને પણ ગુમરાહ કરતા અચકાતા નથી એવો આક્ષેપ આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મળેલી સામાન્ય સભામાં વિપક્ષના નેતા શહેઝાદખાને ભારે પ્રહારો કર્યા હતા.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે મળેલી સામાન્ય સભામાં હાટકેશ્વર બ્રિજ અને આવાસ યોજનામાં થયેલા ભ્રષ્ટાચારોને લઈ વિપક્ષ કોંગ્રેસ દ્વારા આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા હાટકેશ્વર બ્રિજને તોડીને નવા બનાવવા પાછળ ૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ મામલે વિપક્ષના નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, હાટકેશ્વર બ્રિજને તોડીને નવો બનાવવાનો છે ત્યારે ૫૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે ત્યારે આ જ લંબાઈ અને પહોળાઈનો શહેરમાં નવો બ્રિજ બનાવવાનો છે તેની પાછળ ૧૦૯ કરોડ રૂપિયાનો ખર્ચ થશે આ તફાવત જોઈને સ્પષ્ટ જણાય છે કે ભ્રષ્ટાચાર કરવા અને કોન્ટ્રાકટરને લાભ અપાવવાનો ઈરાદો જણાઈ રહ્યો છે. આજે સામાન્ય સભામાં તેઓએ ઉગ્ર રજૂઆત કરતા જણાવ્યું કે, વર્ષ ૨૦૨૨થી હાટકેશ્વર બ્રિજ બંધ છે. બ્રિજને કયારે તોડવામાં આવશે? તે અંગે વિપક્ષ કોંગ્રેસ દ્વારા અવારનવાર ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છે. ભ્રષ્ટાચારી હાટકેશ્વર બ્રિજને જયારે તોડવાનો હતો ત્યારે એક પણ મંત્રી કે નેતા દ્વારા ટવીટ કરવામાં આવ્યું નહોતું અને હવે તોડીને નવો બનાવવાનો છે ત્યારે ટવીટ કરવામાં આવે છે. અજય ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડને જ પલ્લવ નગર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી આપવામાં આવી રહી છે અને હજી તે ચાલુ છે ત્યારે આ બ્રિજમાંથી જ પેમેન્ટ લઈ શકાય છે પરંતુ તેના માટે નિયત હોવી જરૂરી છે. હાટકેશ્વર બ્રિજ મામલે ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. વિપક્ષના નેતાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાના આક્ષેપ સાથે કહ્યું કે, હવે ગરીબોના આવાસમાં પણ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. યુપીએ સરકાર દ્વારા જેએનઆરયુએમ અંતર્ગત ગરીબોના આવાસ બનાવવા માટે ગ્રાન્ટ આપવામાં આવી હતી. ૧૮૨ કરોડની ગ્રાન્ટમાંથી ૧,૮૮૮ મકાનો બનાવવામાં આવ્યા હતા. જેમાંથી ૧૨ વર્ષમાં ૧,૬૬૬ મકાનો જર્જરીત થઈ ગયા અને હવે તેને તોડવામાં આવી રહ્યા છે. આવાસ યોજના બનાવનાર બંને કોન્ટ્રાકટરો સામે કોર્પોરેશને શુ કાર્યવાહી કરી? માત્ર તેને બ્લેકલીસ્ટ કરવામાં આવ્યા છે. બંને કોન્ટ્રાકટર જેલમાં જવા જોઈએ. તેઓએ કહ્યું હતું કે ભાજપ સરકારનો નારો હતો ઝૂંપડપટ્ટી મુકત ભારત પરંતુ હવે ઝૂંપડપટ્ટીના નામે પણ ભ્રષ્ટાચાર કરી અમીરોનો વિકાસ અને ગરીબોનો વિનાશનો નારો થઈ ગયો છે. છ મહિના પહેલા આવાસ તોડવાની વાત કરી હતી પરંતુ, કોઈપણ કામ પાસ કર્યા વિના જ પાછળથી ખબર પડી છે કે ૧,૦૦૦ મકાનો તોડી પાડવામાં આવ્યા છે. તેઓએ જણાવ્યું કે, કમિશનર અને તમારે ત્યાં જઈને જોવું જોઈએ એવી પરિસ્થિતિમાં આવાસ યોજનાના મકાનોમાં લોકો રહે છે. ભાજપના રાજમાં લોકો કહે છે કે, ઝૂંપડપટ્ટીમાં રહેવું સારૂં છે, જેલથી પણ ખરાબ પરિસ્થિતિમાં રહીએ છીએ.

કેન્દ્ર સરકાર દ્વારા હેરીટેજ કેટેગરીમાં કરાઈ પસંદગી

# છોટાઉદેપુરના "હાફેશ્વર" ગામને શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધાનો એવોર્ડ

## નર્મદા કિનારેના આ ગામને ૧૦ કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

નર્મદા નદીનો ગુજરાતમાં જયાંથી પ્રવેશ થાય છે એવા છોટાઉદેપુર જિલ્લાના ક્વાંટ તાલુકાના 'હાફેશ્વર' ગામને આજે 'વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે' કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા હેરીટેજ કેટેગરીમાં 'શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા ૨૦૨૪'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાતના નાનકડા હાફેશ્વર ગામે આજે પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિકસ્તરે વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ કહ્યું હતું કે, આજે પુન : એકવાર 'કુછ દિન તો ગુજારીએ ગુજરાત મેં' ના મંત્રને છોટાઉદેપુરના નાનકડા હાફેશ્વર ગામે સાકાર કર્યો છે. તાજેતરમાં જ ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા રૂા.૧૦ કરોડના બજેટ સાથે હાફેશ્વરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ પ્રવાસીઓની સુવિધાના હેતુસર પાર્કિંગ, વૉટર જેટી, ઘાટ, કેફેટેરિયા, ગાર્ડન અને વોલ્ક વેનું નિર્માણ કરવામાં આવનાર છે. હાફેશ્વર એ ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સરહદે આવેલું એક સ્થળ છે. સતપૂડા અને વિંધ્યાચલ પર્વતમાળાની વચ્ચેથી પસાર થતી નર્મદા નદી જે જગ્યાએથી ગુજરાતમાં પ્રવેશે છે તે કુદરતી સૌંદર્યની વચ્ચે આવેલું હાફેશ્વર ગામ છોટાઉદેપુરના મુખ્ય શહેરથી આશરે ૪૦ કિમી દૂર આવેલુંછે. એક અંદાજ મુજબ સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા નગરની મુલાકાતે આવતા પર્યટકોમાંથી વાર્ષિક લગભગ એક લાખ પર્યટકો હાફેશ્વરની મુલાકાતે આવે છે. નજીકમાં જ કડીપાની, તુરખેડા હીલ, નખલ ધોધ અને ધારસિમેલ ધોધ જેવા અન્ય જોવાલાયક પ્રવાસન સ્થળોએ પણ પ્રવાસીઓ ફરવા માટે આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રેષ્ઠ પ્રવાસન ગામને માન્યતા પૂરી પાડનારી શ્રેણીઓમાં હેરિટેજ, એગ્રી-એડવેન્ચર ટુરિઝમ, હસ્તકળા, જવાબદાર પ્રવાસન, વાયબ્રન્ટ ગામો, સમુદાય આધારિત પ્રવાસન અને ગામની સુખાકારીને લક્ષ્યમાં લેવામાં આવે છે.

# સ્કૂલોમાં વાહન લઈને જતાં બાળકોની આકસ્મિક ડ્રાઈવનો ફિયાસ્કો થયો

## RTOની ટીમ સમયસર ન પહોંચતા હવે સોમવારના રોજ ડ્રાઈવ યોજવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરમાં શાળાએ જતાં વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને રાખીને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને આરટીઓ દ્વારા શુક્રવારાના રોજ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના પગલે DEOની ટીમ તો સમયસર ડ્રાઈવ માટે પહોંચી ગઈ હતી, પરંતુ RTOની ટીમ ડ્રાઈવ માટે સમયસર પહોંચી ન હોવાથી ફિયાસ્કો થયો હતો. જોકે, હવે સોમવારના રોજ ફરીથી ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શાળામાં અભ્યાસ કરવા આવતા બાળકો અનાધિકૃત વાહનોનો ઉપયોગ કરતાં હોવાની ફરિયાદો ઉઠી હતી. જે અન્વયે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને આરટીઓની ટીમ દ્વારા સંયુક્ત રીતે ડ્રાઈવનું આયોજન કરવાનો નિર્ણય કરાયો હતો. આ માટે શુક્રવારના રોજ ડ્રાઈવ કરવાનુ નક્કી કરાયું હતું અને પ્રથમ દિવસે ત્રણ સ્કૂલોમાં ડ્રાઈવ યોજવામાં આવનાર હતી. જેમાં સવારના ૭ વાગ્યાના સુમારે સૌપ્રથમ આંબાવાડી ખાતે આવેલી સીએન વિદ્યાલય ખાતે ડ્રાઈવ માટે ટીમને જવા સુચના અપાઈ હતી.

દરમિયાન, સવારના સમયે ૭ વાગ્યે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમના અધિકારીઓ ડ્રાઈવ માટે આંબાવાડી ખાતેની સીએન વિદ્યાલય પર પહોંચી ગયા હતા. પરંતુ RTOના અધિકારીઓ સમયસર ડ્રાઈવ માટે પહોંચી શક્યા ન હતા. નક્કી કરેલા સમય કરતા એક કલાક પછી RTOની ટીમ ડ્રાઈવ માટે સ્કૂલ પર પહોંચી હતી. જોકે, ત્યાં સુધીમાં તો તમામ વિદ્યાર્થીઓએ સ્કૂલમાં પ્રવેશ પણ કરી લીધો હતો. આમ, આરટીઓની ટીમ સમયસર પહોંચી ન હોવાના લીધે ડ્રાઈવનો ફિયાસ્કો થયો હતો. શુક્રવારના રોજ ડ્રાઈવ યોજી શકાઈ ન હોવાથી હવે સોમવારના રોજ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની ટીમ દ્વારા સ્કૂલોમાં ડ્રાઈવ યોજવા માટેનું આયોજન કર્યું છે.

### આવતીકાલે અડાલજ પેવેલિયન ખાતે ડીસી કોમિક્સની થીમ

અમદાવાદ,તા.૨૭

સુપરમેન, બેટમેન, વન્ડર વિમેન, સાયબોર્ગ, સ્યુસાઈડ સ્કવોડ અને ડીસી કોમિકના અન્ય તમામ પાત્રોના ચાહકોને આ રવિવારના રોજ સ્વાદિષ્ટ વ્યંજનોનો એક અલગ જ સ્વાદ ચાખવા મળશે. કારણ કે અમદાવાદમાં આવેલી હોટલ આઈટીસી નર્મદા તેના પર સન્ડેઝ ઈનિશિયેટિવની ઉજવણી કરી રહી હોવાથી તેના પ્રશંસકોને રવિવારે એટલે કે ૨૯ સપ્ટેમ્બરના રોજ અડાલજ પેવેલિયન ખાતે ડીસીની થીમ પર આધારિત બ્રન્ચનો વિશિષ્ટ અનુભવ મેળવવાનો મોકો મળશે.

સુરતના અડાજણ નજીકની ઘટના

# રિક્ષાની અંદર બેઠેલા વિદ્યાર્થીનું અચાનક બેભાન થયા બાદ મોત : હાર્ટએટેકની શંકા

## યુવાન પુત્રનાં મોતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૭

અડાજણ ભૂલકા ભવનથી રિક્ષામાં બેસીને વરાછા તરફ જતી વખતે યુવાન રિક્ષાની અંદર જ અચાનક બેભાન થઈ ગયો હતો. આ પરિસ્થિતિ વચ્ચે રિક્ષા ડ્રાઈવરે માનવતા દાખવી હતી અને યુવાનને હોસ્પિટલ લઈ ગયો હતો. પરંતુ ત્યાં ફરજ પર હાજર ડોક્ટરોએ યુવાનને મૃત જાહેક કર્યો હતો.

વરાછા હીરાબાગ ખાતે આવેલા નર્મદનગર સોસાયટીમાં રહેતો ૨૧ વર્ષીય મિલાપ વિશાલ પટેલ ગઈકાલે અડાજણ ખાતે આવેલ ભૂલકા ભવનથી એક ઓટો રીક્ષામાં બેઠો હતો. વરાછા ખાતે પોતાના ઘરે જઈ રહ્યો હતો. ત્યારે અડાજણ પાટીયા દીપા કોમ્પ્લેક્સ સામેથી રીક્ષા પસાર થઈ રહી હતી. ત્યારે યુવાન રિક્ષામાં જ અચાનક બેભાન થઈ ગયો હતો. તેને જોઈને રિક્ષાચાલક દિનેશ પુરોહિતે માનવતા દાખવી હતી બેભાન હાલતમાં આવેલા યુવાનને પોતાની રિક્ષામાં તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયો હતો. જોકે ત્યાં હાજર ફરજ પરના ડોક્ટરે મિલાપ પટેલને મરણ જાહેર કર્યા હતા. હાલમાં યુવકનું મોતનું સાચું કારણ જાણવા નહીં મળ્યું છે. જોકે રાંદેર પોલીસ દ્વારા તેના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવામાં આવ્યું છે. રિપોર્ટ આવ્યા બાદ મોતનું સાચું કારણ સ્પષ્ટ થશે. વધુમાં બનાવ અંગે તપાસ કરી રહેલા પોલીસ કોન્સ્ટેબલ બિપીનભાઈએ જણાવ્યું હતું કે આ યુવકને હાર્ટ એટેક આવ્યો છે. કેમ કે ભૂલકા ભવન પાસે જ તેને બેચેની જેવું મેહસૂસ થઈ રહી હતી. છાતીમાં દુખતું પણ હતું. તે આર્કિટેક્ટના ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો હતો. તેના પિતા ટેકસ્ટાઈલના જોબ સાથે સંકળાયેલા છે. બીજી બાજુ યુવાન પુત્રના અચાનક મોત થઈ જતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ બનાવને લઈને રાંદેર પોલીસ તપાસ કરી રહી છે.

# AMCની સામાન્ય સભામાં મકતમપુર વોર્ડના કોર્પોરેટર દ્વારા વિવિધ મુદ્દે રજૂઆત

અમદાવાદ, તા.૨૭

આજરોજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં મકતમપુર વોર્ડના કોર્પોરેટર મિર્ઝા હાજીભાઈ સિમેન્ટ વાળા દ્વારા મુદ્દાઓ લેવામાં આવ્યા હતા જેમાં ખાસ કરીને નારોલ શાસ્ત્રી બ્રિજની બાજુમાં આવેલ કબીર ફાર્મ થઈ વાંસણા ડેમ થઈ અને રિવરફ્રન્ટને જોડતો રિવરફ્રન્ટ વધારવા માટે રજૂઆત કરવામાં આવી કે જેથી પ્રજાને અવરજવર કરવામાં અને શહેરની ટ્રાફિકમાં ઘટાડો થાય તે માટે ખાસ રજૂઆત કરી અને સાથે તેની જેમ ફતેવાડી કેનાલને બોક્સ બનાવીને માનવ જીવ બચાવવા અને સાથે બંને બાજુ કેનાલ ફતેવાડી કેનાલથી નરીમનપુરા સુધી રોડ બનાવવા માટે રજૂઆત કરી અને છેલ્લા ઘણા વર્ષોથી ગોમતીપુર શાળા નંબર એક બે રાજપુરની શાળા બાંધકામમાં ચાર વર્ષથી વધુ સમય થયું છતાં આજ સુધી શાળા બની નથી તે શાળા પણ તાત્કાલિક બનાવવામાં આવે વટવા ઉર્દુ શાળા નંબર બે એક જ ક્લાસ ચાલે છે જેમાં બે ત્રણ વર્ગો બેસે છે રામોલ હાથીજણની હિન્દી સ્કૂલ ચાલે છે તેનેરામોલ હાથીજણ શિફ્ટ કરવાથી તે નવી શાળા બનેલ છે બની ગયેલ હોવા છતાં બાળકોને શિફ્ટ કરવા જોઈએ જેથી અહીં ઉર્દુના બાળકો બેસી શકે અને પ્રશ્ન હલ થાય તે માટે તાત્કાલીક કામો કરવા રજૂઆત કરવમાં આવી હતી.

# અમદાવાદ પોલીસ બેડામાં ફરીથી બદલીના આદેશ

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ પોલીસ વિભાગમાં ફરીથી બદલીના દૌરને પગલે પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જી એસ મલિકે બદલીના આદેશ આપ્યા છે. પોલીસ કમિશનર દ્વારા અચાનક જ બદલીઓના આદેશનો પગલે પોલીસ અધિકારીઓમાં કહીં ખુશી કહીં ગમનો માહોલ છવાયો છે. જેમાં અમદાવાદ શહેરના ૧૮ પોલીસ ઈન્સ્પેકટરોની આંતરિક બદલીના આદેશ આપવામાં આવ્યા છે.

**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

રવિવાર, 29 સપ્ટેમ્બર 2024; સવારે 10:30 વાગ્યાથી.
થ્રી ક્વાર્ટર ઈન્ડિયન રેસ્ટોરન્ટ, 10મો માળ, વિવાન સ્ક્વેર,
જોધપુર ક્રોસ રોડ, અમદાવાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હાર્દિક મહેતા, મોબાઈલ : 99250 04182.

રવિવાર, 29 સપ્ટેમ્બર 2024; સાંજે 7:00 થી રાત્રે 9:00 વાગ્યા સુધી.
સૂર્ય પેલેસ, પારસી અગિયારીની સામે, સયાજીગંજ, વડોદરા – 390 020, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ વિવેક મગનાની, મોબાઈલ : 74055 07713.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક-ઈન્સને મંજૂરી નથી.

HDFC MUTUAL FUND
BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# કાશ્મીરમાં ચૂંટણી પ્રક્રિયાના નિરીક્ષણ માટે વિદેશી રાજદ્વારીઓને પ્રવેશ અપાયો પણ વિદેશી પત્રકારોને કેમ નહીં ? : સવાલ ઊભા કરતા વિરોધ પક્ષો

## નવી દિલ્હીએ કોઈ વિદેશી પત્રકારને સરકારી ભાષામાં ''ઐતિહાસિક'' જમ્મુ અને કાશ્મીર ચૂંટણીઓનું નિરીક્ષણ કરવા માટે કાશ્મીરમાં પ્રવેશ આપ્યો નથી જ્યારે youtubeવાળા આરામથી રાજ્યમાં ફરી રહ્યા છે

(એજન્સી) શ્રીનગર, તા.૨૭

જમ્મુ અને કાશ્મીરની ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા માટે સંખ્યાબંધ દેશોના રાજદ્વારીઓ કાશ્મીર આવી ગયા છે અને ચૂંટણી પ્રક્રિયાને નિહાળી રહ્યા છે. ભારતીય લોકશાહી ઉત્સવ જેને સરકાર ગણાવી રહી છે એ નિહાળવા માટે ભારત સરકારના આમંત્રણથી તેઓ કાશ્મીરમાં આવ્યા છે અને મતદારોનું ઉત્સાહ જોઈ રહ્યા છે પરંતુ વિદેશી પત્રકારોને સરકારે કાશ્મીરમાં ચૂંટણી પ્રક્રિયાના અહેવાલ લેખન માટે કાશ્મીરમાં પ્રવેશ આપ્યો નથી એ અંગે વિરોધ પક્ષોએ સવાલો ઉઠાવ્યા છે. વિદેશી રાજદ્વારીઓના સરકારી રીતે ગોઠવાયેલા પ્રવાસની પ્રક્રિયા સામે તીખી પ્રતિક્રિયા આપતા પૂર્વ મુખ્યમંત્રી ઉંમર અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે કાશ્મીર અંગે કોઈપણ દેશની સરકાર કંઈ બોલે તો ભારત આંતરિક બાબત તરીકે ગણાવીને એ દેશના અભિપ્રાયને ફગાવી દેતી હોય છે તો બીજી તરફ ચૂંટણીઓ નિહાળવા માટે વિદેશી રાજદ્વારીઓને બોલાવવામાં આવ્યા છે એમને બોલાવાની શું જરૂર છે આ તો ગોઠવાયેલો પ્રવાસ છે વિદેશી પત્રકારોને કેમ આવવા નથી દીધા એવો તેમણે સવાલ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે મતદાનમાં લોકોની મોટી સંખ્યા એ જનતાને આભારી છે કેમ કે એક દાયકા પછી એમને વિધાનસભાની ચૂંટણીઓમાં એમના મત અધિકારનો ઉપયોગ કરવાની અને સક્રિય રીતે પ્રક્રિયામાં ભાગ લેવાની તક મળી છે એટલે આ સફળતા લોકોની છે. લોકોને વિદેશી રાજદ્વારીઓના પ્રમાણપત્રની જરૂર



નથી. ૧૮મી સપ્ટેમ્બરે કાશ્મીરમાં પહેલા તબક્કામાં ભારે મતદાન થયું હતું અને ૬૧% જેટલું મતદાન નોંધાયું હતું. બીજા તબક્કામાં પણ ભારે મતદાન થયું હતું હવે ૧લી ઓક્ટોબરે ત્રીજો અને આખરી તબક્કાનો મતદાન થશે. ભારત સરકાર માને છે કે ભારે મતદાન તેની નીતિઓનું સમર્થન છે પણ મોટાભાગના મતદારો ભાજપનો વિકલ્પ શોધવા માટે મત આપી રહ્યા હોય એવું દેખાયું છે અને ભાજપ પણ ઓછી બેઠકો પર લડી રહ્યો છે અને નાની પાર્ટીઓ તથા અપક્ષ ઉમેદવારો અને જમાત-એ-ઈસ્લામી પર ભાજપે વધુ આધાર રાખ્યો છે. કોઈ વિદેશી પત્રકારને આવવા નથી દીધા એ અંગે કાશ્મીર ટાઈમ્સના મેનેજિંગ તંત્રી અનુરાધા ભસીને ખૂબ જ આકરી પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે વિદેશી પત્રકારોને બિલકુલ છૂટ અપાય નથી અને સ્થાનિક પત્રકારોને સરકાર જે કહે અને જે બતાવે એ તેઓ લખી રહ્યા છે. બીજી તરફ ભાજપ ચૂંટણીઓને લોકશાહીની સફળતા ગણાવી રહ્યું છે. પરંતુ ભસીન કહે છે કે youtube સંચાલકો અને સોશિયલ મીડિયાના ઈન્ફલુએન્સર ચારે તરફ ફરી રહ્યા છે. શ્રીનગરના લાલ ચોકમાં પણ એમનો જ જમેલો દેખાય છે કેમકે પથ્થરમારાનો કોઈ ભય નથી અને ઈન્ટરનેટ પણ સારી રીતે ચાલી રહ્યું છે પરંતુ જે સ્થાનિક પત્રકારોને છે એમને વીડિયો ઉતારવા દેવાતા નથી અને લોકોની મુલાકાતો કરવા દેવાથી નથી. બીબીસી ઈન્ડિયાના પત્રકારો અને ધ વાયરના પ્રતિનિધિ આરફા ખાનમ શેરવાનીને પણ આવા કડવા અનુભવ થયા છે એમને સ્થાનિક લોકો સાથે વાત કરતા સલામતી દળોએ અટકાવી દીધા હતા. શ્રીનગરના લાલચોકમાં પ્રવાસીઓ આરામથી સેલ્ફી લઈ રહ્યા છે પણ સ્થાનિક પત્રકારોને તો તસવીરો પણ ખેંચવા દેવામાં આવી નથી.

# સંસદની સંરક્ષણ સમિતિમાં રાહુલ ગાંધી યથાવત્ IT સમિતિમાં કંગના રણૌત પ્રથમવાર

## દરેક વિભાગ-સંબંધિત સ્થાયી સમિતિઓમાં પક્ષકારોમાંથી પ્રતિનિધિત્વ હોય છે, તે 'મિની સંસદ' તરીકે કાર્ય કરે છે અને તેમના સંબંધિત મંત્રાલયોની કામગીરી પર નજર રાખે છે

(એજન્સી) તા.૨૭

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ સંરક્ષણ અંગેની સંસદની સ્ટેન્ડિંગ કમિટિનું સભ્યપદ જાળવી રાખ્યું છે, જ્યારે અભિનેત્રી-રાજકારણી અને ભાજપના પ્રથમ વખત સાંસદ કંગના રણૌતને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અથવા આઈટી સમિતિમાં મૂકવામાં આવ્યા છે. રાજ્યસભા સચિવાલયે ગુરૂવારે જારી કરેલી સૂચનામાં જણાવ્યું હતું કે, ગાંધી, જેઓ નીચલા ગૃહમાં વિપક્ષના નેતા પણ છે, તેઓ અગાઉની લોકસભામાં પણ સંરક્ષણ સમિતિના સભ્ય હતા. આ સમિતિની અધ્યક્ષતા ભાજપના સાંસદ રાધા મોહન સિંહ કરશે. કોંગ્રેસને ચાર સમિતિઓની અધ્યક્ષતા આપવામાં આવી છે, જેમાં એક વિદેશ મંત્રાલયનો સમાવેશ થાય છે, જેનું નેતૃત્વ તેના પૂર્વ વિદેશ પ્રધાન શશિ થરૂર કરશે. કોંગ્રેસ શિક્ષણ, મહિલા, બાળકો, યુવા અને રમતગમત (દિગ્વિજય સિંહની અધ્યક્ષતામાં), કૃષિ, પશુપાલન અને ખાદ્ય પ્રક્રિયા (પંજાબના પૂર્વ મુખ્ય પ્રધાન ચરણજીત ચન્ની), અને ગ્રામીણ અને પંચાયતી રાજ સમિતિઓનું પણ નેતૃત્વ કરશે. જ ઓકે સાત વખતના સાંસદ અને પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીનું એમાં નામ નથી. શાસક ભાજપના સભ્યો સંરક્ષણ, નાણાં, ગૃહ, અને કોલસા, ખાણો અને સ્ટીલ તેમજ કોમ્યુનિકેશન્સ અને આઈટી સહિતની મુખ્ય સમિતિઓની અધ્યક્ષતા કરશે, જેમાં રાણાવત સભ્ય છે. ગૃહ બાબતોનું નેતૃત્વ રાધા મોહન દાસ અગ્રવાલ કરશે. પ્રો-ટેમ સ્પીકર તરીકે ફરજ બજાવતા ભર્તૃહરિ મહતાબ ફાઈનાન્સ પરની પ્રતિષ્ઠિત સ્થાયી સમિતિનું નેતૃત્વ કરશે. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાનો અનુરાગ ઠાકુર અને રાજીવ પ્રતાપ રૂડી કોલસા, ખાણ અને સ્ટીલ અને જળ સંસાધનોની સમિતિઓનું નેતૃત્વ કરશે, અન નિશિકાંત દુબેને કોમ્સ અને આઈટી પોસ્ટ મળશે. અગાઉની લોકસભામાં મિસ્ટર દુબે અને કોંગ્રેસના શશિ થરૂર વચ્ચે સોશિયલ મીડિયા જાયન્ટ ફેસબુકના તેના પ્લેટફોર્મ પર દ્વેષપૂર્ણ ભાષણ માટેના નિયમો પર વિવાદ હતો જેના કારણે ભાજપના સાંસદે ૨૦૨૨માં કોંગ્રેસના નેતાને સમિતિના વડા તરીકે બદલી નાખ્યા હતા. અન્ય વિપક્ષી પક્ષો અને નેતાઓમાં, સમાજવાદી પાર્ટીના જયા બચ્ચન, રાણાવત સાથે આઈટી સમિતિમાં છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળના શિવસેના જૂથમાંથી પ્રિયંકા ચતુર્વેદી



પણ આ બંને સાથે છે. તૃણમૂલ સાંસદ મહુઆ મોઈત્રા - જેમની છેલ્લી લોકસભામાંથી ગેરલાયક ઠરાવવામાં આવી હતી - તે પણ આ સમિતિમાં છે. તમિલનાડુના ડીએમકેના તિરૂચી શિવા અને કનિમોઝી, ઉદ્યોગ અને ગ્રાહક બાબતો અને ખાદ્ય અને જાહેર વિતરણના અધ્યક્ષ બનશે. ભાજપના કેટલાક સાથી પક્ષો-જેમણે એપ્રિલ-જૂન સામાન્ય ચૂંટણીમાં તેના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના ભાગીદારોમાંથી ૫૩ બેઠકો જીતી હતી – તે પૈકી દરેકને એક સમિતિનું નેતૃત્વ સોંપવામાં આવ્યું છે. આંધ્રપ્રદેશના મુખ્ય પ્રધાન ચંદ્રબાબુ નાયડુની TDP અને તેમના બિહાર સમકક્ષ નીતિશ કુમારની JDU હાઉસિંગ અને શહેરી બાબતો અને પરિવહન, પર્યટન અને સંસ્કૃતિનું નેતૃત્વ કરશે. આ બંને પક્ષોએ મળીને ૨૮ લોકસભા બેઠકો જીતી છે. આ વર્ષના અંતમાં મહારાષ્ટ્રમાં યોજાનારી ચૂંટણી પહેલા, ભાજપના રાજ્યમાં સાથી મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના શિવસેના જૂથ અને તેમના નાયબ અજીતપવારના NCP જૂથના નામ પણ છે. તેમના પક્ષોના નેતાઓ એનર્જી અને પેટ્રોલિયમ અને નેચરલ ગેસ પેનલ પરની સમિતિઓનું સંચાલન કરશે. દરેક વિભાગ-સંબંધિત સ્થાયી સમિતિઓમાં પક્ષકારોમાંથી પ્રતિનિધિત્વ હોય છે, તે 'મિની સંસદ' તરીકે કાર્ય કરે છે અને તેમના સંબંધિત મંત્રાલયોની કામગીરી પર નજર રાખે છે. દરેક સમિતિ રાજ્યસભા અને લોકસભા બંનેના સભ્યોનું સંયોજન છે.

# સૈફ અલી ખાને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના 'પ્રભાવશાળી' પરિવર્તન માટે વખાણ કર્યા

(એજન્સી) મુંબઈ, તા.૨૭

બોલીવૂડ અભિનેતા સૈફ અલી ખાનની એક્શન થ્રિલર ફિલ્મ 'દેવરા પાર્ટ ૧' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે અને સાથે જ સૈફ અલી ખાન ચર્ચામાં છે. જો કે, હાલ સૈફ તેની ફિલ્મને કારણે નહીં પરંતુ તેના એક નિવેદનને કારણે હેડલાઈન્સમાં છે. તેણે હાલમાં જ લોકસભા વિરોધપક્ષના નેતા અને સાંસદ રાહુલ ગાંધીના વખાણ કર્યા છે. તેણે રાહુલ ગાંધી વિશે જે કહ્યું તે હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યું છે. ઈન્ડિયા ટુડે મુંબઈ કોન્કલેવ ૨૦૨૪માં સૈફ અલી ખાનને પૂછવામાં આવ્યું કે, તેને કેવા રાજકીય નેતા પસંદ છે ? આ પ્રશ્નનો જવાબ આપતા સૈફે કહ્યું, 'મને બહાદુર અને પ્રામાણિક રાજકારણીઓ ગમે છે.' આ પછી સૈફને પૂછવામાં આવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ અને રાહુલ ગાંધીમાંથી કયા રાજનેતા તેમને બહાદુર અને ઈમાનદાર લાગે છે ? આ સવાલનો જવાબ આપતા સૈફે કહ્યું, મને લાગે છે કે, આ ત્રણેય રાજનેતા બહાદુર છે, પરંતુ રાહુલ ગાંધીએ જે કર્યું છે તે કમાલ છે. એક સમય હતો જ્યારે લોકો તેમની વાતને હળવાશથી લેતા હતા. જો કે, તેમણે આ ધારણાને ખૂબ જ મજાથી બદલી નાખી છે. હાલ રાહુલ ગાંધીના ફેન્સ સૈફ અલી



ખાનનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ શેર કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, એમેઝોન પ્રાઈમ વીડિયો પર એક વેબ સિરીઝ 'તાંડવ' રિલીઝ કરવામાં આવી હતી, આ સિરીઝમાં સૈફે વડાપ્રધાનના ઉત્તરાધિકારીની ભૂમિકામાં જોવા મળ્યા હતા. જ્યારે આ સિરીઝ રિલીઝ થઈ ત્યારે ઘણા લોકોએ આ પાત્રની તુલના રાહુલ ગાંધી સાથે કરી હતી.

# કેન્દ્રની દિવાળી ભેટ ! કેન્દ્ર સરકારે કામદારો માટે લઘુતમ વેતન દરમાં વધારો કર્યો

## કેન્દ્રએ તહેવારોની મોસમ પહેલા કામદારો માટે લઘુતમ વેતન દરમાં વધારો કર્યો છે, લઘુતમ વેતન દરો અકુશળ, અર્ધ-કુશળ, કુશળ અને ઉચ્ચ કુશળ એમ વિવિધ કૌશલ્ય સ્તરના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

કેન્દ્ર સરકારે કૃષિ અને ઔદ્યોગિક કામદારો માટે લઘુત્તમ વેતનમાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ જાહેરાત તહેવારોની મોસમ પહેલા કરવામાં આવી છે. કેન્દ્રએ વેરિયેબલ ડીયરનેસ એલાઉન્સ (VDA)માં સુધારો કરીને લઘુત્તમ વેતન દરમાં વધારો કર્યો છે. જીવનનિર્વાહના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન, લોડિંગ અને અનલોડિંગ, વોચ એન્ડ વોર્ડ, સ્વીપિંગ, ક્લિનિંગ, હાઉસકીપિંગ, માઈનિંગ અને એગ્રીકલ્ચર સહિત વિવિધ ક્ષેત્રોમાં કેન્દ્રીય ક્ષેત્રની સંસ્થાઓમાં રોકાયેલા કામદારોને સુધારેલા વેતન દરોનો લાભ મળશે. નવા વેતન દરો ઓક્ટોબર ૧, ૨૦૨૪થી લાગુ થશે. છેલ્લું પુનરાવર્તન એપ્રિલ ૨૦૨૪માં કરવામાં આવ્યું હતું."

લઘુત્તમ વેતન દરો અકુશળ, અર્ધ-કુશળ, કુશળ અને ઉચ્ચ કુશળ એમ વિવિધ કૌશલ્ય સ્તર તેમજ A, B, અને C એમ



વિવિધ ભૌગોલિક વિસ્તારના આધારે વર્ગીકૃત કરવામાં આવે છે.

**સુધારેલા વેતન દરો :-** સુધારણા પછી બાંધકામ, સફાઈ, લોડિંગ અને અનલોડિંગના કામદારો માટે અકુશળ કામ માટે "A" ક્ષેત્રમાં લઘુત્તમ વેતન દરો ૭૮૩ રૂપિયા પ્રતિ દિવસ (રૂા.૨૦,૩૫૮ પ્રતિ માસ, અર્ધ-કુશળ માટે રૂા. ૮૬૮ પ્રતિ દિવસ (રૂા.૨૨,૫૬૮ માસિક) હશે. કુશળ, કારકુન અને શસ્ત્રો વિનાના દેખરેખ રાખનાર વોર્ડ માટે દરરોજ રૂા.૯૫૪ (દર મહિને રૂા.૨૪,૮૦૪) અને અત્યંત કુશળ અને હથિયારો સાથેના વોર્ડ માટે રૂા. ૧,૦૩૫ પ્રતિ દિવસ (રૂા.૨૬,૯૧૦ પ્રતિ માસ) નિર્ધારિત કરવામાં આવ્યા છે. ઔદ્યોગિક કામદારો માટે ઉપભોક્તા ભાવ સૂચકાંકમાં છ મહિનાના સરેરાશ વધારાના આધારે કેન્દ્ર વર્ષમાં બે વાર VDAને સુધારે છે, જે એપ્રિલ ૧ અને ઓક્ટોબર ૧થી લાગુ થાય છે.

# MPના ડોક્ટરે સર્જરી કર્યા વિના ૯ વર્ષની બાળકીના પેટમાં ફસાયેલી પિન કાઢી

(એજન્સી) તા.૨૭

ઈપ્સા એન્ડોસ્કોપી સેન્ટર ખાતે ડૉ. મલિકેન્દ્ર પટેલ એન્ડોસ્કોપીનો ઉપયોગ કરીને પિન સફળતાપૂર્વક બહાર કાઢી હતી. તેના પરિવારના જણાવ્યા મુજબ સફિયા પઠાણ નામની બાળકીએ થોડા દિવસો પહેલા અકસ્માતે તીક્ષ્ણ પીન ગળી લીધી હતી, જેના કારણે તેને પેટમાં તીવ્ર દુ:ખાવો થયો હતો. ઘરેલું ઉપચાર નિષ્ફળ ગયા પછી, છોકરીને ડૉ. મલિકેન્દ્ર પટેલ પાસે લઈ જવામાં આવી, જેમણે એન્ડોસ્કોપીનો ઉપયોગ કરીને પિન દૂર કરી. મધ્યપ્રદેશના ખંડવામાં એક નવ વર્ષની છોકરીને આ અઠવાડિયે નવું જીવન મળ્યું જ્યારે ડૉક્ટરે તેના પેટમાં ઘૂસી ગયેલી પિન સફળતાપૂર્વક કાઢી નાખી, તે પણ સર્જરી વિના. તેના પરિવારના જણાવ્યા મુજબ સફિયા પઠાણ નામની બાળકીએ થોડા દિવસો પહેલા અકસ્માતે તીક્ષ્ણ પીન ગળી લીધી હતી, જેના કારણે તેને પેટમાં ભારે દુ:ખાવો થતો હતો. પરિવારે ઘણા ડોકટરોની મદદ માંગી અને વિવિધ ઘરેલું ઉપચાર અજમાવ્યા પરંતુ કોઈ ફાયદો થયો નહીં.



પરિવારે શરૂઆતમાં તેને કેળા ખવડાવવા અને પેટ સાફ કરવા માટે દવાઓ આપવા જેવા ઉપાયો અજમાવ્યા. જો કે આ ઉપાયો છતાં પિન ન નીકળતા તેઓએ સફિયાને ડૉક્ટર પાસે લઈ જવાનું નક્કી કર્યું. પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે ઘણા ડોકટરોએ દવા વડે પિન દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે અસફળ રહ્યા હતા. તેઓએ જે ડોકટરોની સલાહ લીધી તે સૂચવ્યું કે પિન ફક્ત સર્જરી દ્વારા જ દૂર કરી શકાય છે.

જો કે ઈપ્સા એન્ડોસ્કોપી સેન્ટરના ડૉ. મલિકેન્દ્ર પટેલે એન્ડોસ્કોપીનો ઉપયોગ કરીને પિન દૂર કરવામાં સફળ રહ્યા હતા. ડૉ.પટેલે જણાવ્યું હતું કે, "પિન પોતે જ પાયલોરસમાં બંધ થઈ ગઈ હતી, જેમાં માત્ર તેની ટોચ જ દેખાતી હતી. યુવતીને બેભાન કર્યા બાદ એન્ડોસ્કોપી દ્વારા તેને સફળતાપૂર્વક દૂર કરવામાં આવી હતી. પિનની તીક્ષ્ણતાને લીધે, વધુ ઈજાને રોકવા માટે વધારાની કાળજી લેવી પડી હતી.''

છોકરીના પરિવારે મીડિયાને જણાવ્યું કે વિવિધ નિષ્ફળ પ્રયાસો પછી જ્યારે ખંડવામાં ડૉક્ટર શસ્ત્રક્રિયા વિના પિન દૂર કરી શક્યા ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. પરિવારે કહ્યું, "અમને નથી લાગતું કે અહીં કોઈ આવું કરી શકે છે."

મીડિયા સાથે વાત કરતા, ડૉ. પટેલે સમજાવ્યું, ''એક નવ વર્ષની છોકરી પેટમાં દુ:ખાવાની ફરિયાદ કરતી મારી પાસે આવી અને ૪-૫ એક્સ-રે લાવી, જેમાં સેફ્ટી પિન સ્પષ્ટ દેખાતી હતીપ તેને અમારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી અને મેં એન્ડોસ્કોપીની ભલામણ કરી. ટેલિસ્કોપ પદ્ધતિનો ઉપયોગ કરીને અમે શસ્ત્રક્રિયા વિના ૪-સેમી પિનને કાળજીપૂર્વક દૂર કરી. પિનની તીક્ષ્ણતાને કારણે તેને અત્યંત સાવચેતીની જરૂર હતી.

# હિંદુ જૂથોના વિરોધ બાદ રાજસ્થાન સરકારે મદ્રેસા માટે જમીનની ફાળવણી રદ કરી

## અશોક ગેહલોતની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકાર દ્વારા ૨૦૨૧માં મદ્રેસાને ૪ વીઘા અને ૧૬ બિસ્વા જમીન ફાળવવામાં આવી હતી

(એજન્સી) ઉદયપુર, તા.૨૭

રાજસ્થાન સરકારે એક વિવાદાસ્પદ પગલામાં, ઉદયપુર જિલ્લાના મવલી નગરમાં મદરેસા માટે જમીનની ફાળવણી રદ કરી છે, જે અગાઉ કોંગ્રેસની આગેવાની હેઠળની અશોક ગેહલોત સરકારના કાર્યકાળ દરમિયાન ફાળવવામાં આવી હતી. હિંદુ સંગઠનોના વિરોધ બાદ લેવાયેલા આ નિર્ણયને કારણે મુસ્લિમોમાં અસંતોષ ફેલાયો છે. મુસ્લિમ સમુદાયે આ નિર્ણયને લક્ષ્યાંકિત પ્રયાસ તરીકે ગણતાં અને આ ફાળવણી રદ કરવા અંગે નિરાશા અને દુ:ખ વ્યક્ત કર્યું છે. સ્થાનિક રહેવાસીએ કહ્યું કે, અમે ભારતીય છીએ, અને આ અમારી પણ જમીન છે, તે ખરેખર દુ:ખદ છે કે હિંદુ જૂથો સતત અમને અપમાનિત કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે સરકાર હિંદુઓને કંઈક આપે છે, ત્યારે અમે તેની સામે ક્યારેય અવાજ નથી ઉઠાવતા, પરંતુ જ્યારે ગરીબ મુસ્લિમોને ટેકો આપવાની વાત હોય છે, ત્યારે હંમેશા સમસ્યા શા માટે હોય છે ? ૨૮ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મદ્રેસાને ફાળવવામાં આવેલી જમીન માટે સર્વ હિંદુ સમાજ દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં પ્રદર્શનકારોએ ભાગ લીધો હતો, જેમાં પ્રાદેશિક સાંસદ અને ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સીપી જોશીએ ગેહલોત સરકાર પર મુસ્લિમોની તરફેણ કરવાનો આરોપ મૂક્યો હતો. જોશીએ તેમના સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે, આ જમીનની ફાળવણી કોઈ યોગ્ય કારણ વગર કરવામાં આવી



હતી, અને તે માત્ર રાજકીય લાભ માટે હતી. આ વિરોધને પગલે, ઉદયપુર જિલ્લા કલેક્ટર અરવિંદ કુમાર પોસ્વાલે ફાળવણીને રદ કરવાની ભલામણ કરી હતી, જેના પર રાજ્ય વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. સરકારે એવી પણ જાહેરાત કરી છે કે જે કર્મચારીએ કથિત રીતે પ્રારંભિક જમીન ફાળવણીને સમર્થન આપતો ખામીયુક્ત અહેવાલ આપ્યો છે તેની સામે પગલાં લેવામાં આવશે. આ નિર્ણયથી મુસ્લિમ સમુદાયમાં આક્રોશ ફેલાયો છે, ખાસ કરીને તેઓ તેને પ્રગતિમાં અવરોધ તરીકે જુએ છે. તેમણે કહ્યું કે, ગરીબ મુસ્લિમો અહીં રહે છે, જો અમે મદ્રેસા બનાવીને અથવા તેમના શિક્ષણને ટેકો આપીને તેમનો ઉત્થાન કરવાનો પ્રયાસ કરીએ, તો તે હિંદુ જૂથો માટે શા માટે સમસ્યારૂપ બને છે ? જ્યારે સરકાર હિંદુઓને મદદ કરે છે ત્યારે અમને વાંધો નથી, પરંતુ જ્યારે તે અમારા વિશે હોય ત્યારે હંમેશા પ્રતિક્રિયા થાય છે. મવલીમાં વિરોધ પ્રદર્શનોને કારણે વ્યાપક અશાંતિ ફેલાઈ હતી, દેખાવો દરમિયાન વ્યવસાયો બંધ થઈ ગયા હતા. વ્યવસ્થા જાળવવા માટે ફતેહનગર, સાંવર, ઘાસા અને ખેમલી સહિત અનેક શહેરોમાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા હતા. રાજસ્થાનમાં આ પહેલો કિસ્સો છે કે જ્યાં રાજ્ય સરકારે મદ્રેસા માટે જમીનની ફાળવણીને પાછી ખેંચી છે, અને તેણે સાંપ્રદાયિક સંવાદિતા અને રાજકીય નિર્ણયોની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉભા કર્યા છે. મદ્રેસાને ૨૦૨૧માં ૪ વીઘા અને ૧૬ બિસ્વા જમીન ફાળવવામાં આવી હતી, પરંતુ સરકારમાં ફેરફાર સાથે, આ ફાળવણી રદ કરવામાં આવી છે, મુસ્લિમ સમુદાયના સભ્યો તેમની નિરાશા વ્યક્ત કરી રહ્યા છે, તેઓ શિક્ષણ અને કલ્યાણ માટેના તેમના પ્રયત્નો સામે વધતા પક્ષપાત અંગે ફરિયાદ કરે છે.

# મૂત્રાશયના ૬૮ ટકા કેસોમાં માઈક્રોપ્લાસ્ટિક્સ પરિબળ જવાબદાર છે : એક અભ્યાસમાં WHOના રિપોર્ટને પડકારવામાં આવ્યો છે અને તે પાણીની સલામતી પર પ્રશ્ન ઊભા કરે છે

(એજન્સી) તા.૨૭

હાલમાં એક નવા અભ્યાસમાં ઉપયોગમાં લેવાતા પાણીના ધોરણોની સલામતી અંગે ચિંતા પેદા કરી છે. સંશોધકોના જૂથે મૂત્રાશયના કેન્સરના ૬૮ ટકા કેસોમાં માઈક્રોપ્લાસ્ટિક પરિબળ શોધી કાઢ્યું છે અને તેને સોજો અને કોષોના નુકસાન માટે જવાબડ ગણ્યું છે. બોન્ડ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયાના સંશોધકોની આગેવાની હેઠળના અભ્યાસમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા ૨૦૧૯માં બહાર પાડવામાં આવેલા એક અહેવાલને પડકારવામાં આવ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે. પીવાના પાણીમાં માઈક્રોપ્લાસ્ટિક માનવ સ્વાસ્થ્ય માટે કોઈ ખતરો નથી. સંશોધકોએ કહ્યું છે કે, વિશ્વ આરોગ્ય સંસ્થા જેવી સંસ્થાઓએ જાહેર આરોગ્ય માટે માઈક્રોપ્લાસ્ટિકના ખતરા અંગે તેમની સ્થિતિનું તાકીદે પુનઃ મૂલ્યાંકન કરવાની જરૂર છે. માઈક્રોપ્લાસ્ટિક્સ કિડની, પેશાબ અને મૂત્રાશયના કેન્સરના નમૂનાઓમાં હાજર હોવાનું જણાયું હતું. આ માઈક્રોપ્લાસ્ટિક્સમાં સાયટોટોક્સિક અસરો હોય છે, બળતરા વધે છે, કોષની કાર્યક્ષમતા ઘટે છે અને મિટોજન-સક્રિય પ્રોટીન કિનાઝ (MAPK) સિગ્નલિંગ પાથવેમાં ફેરફાર કરે છે. માઈક્રોપ્લાસ્ટિક્સ શું છે ? તેઓ માનવ શરીરમાં કેવી રીતે પ્રવેશ કરે છે ? : માઈક્રોપ્લાસ્ટિક્સ નાના પ્લાસ્ટિક કણો છે, જેનું પરિમાણ પાંચ મિલીમીટરથી ઓછું છે. તેઓ મોટાભાગે મહાસાગરો, નદીઓ, જમીનમાં જોવા મળે છે અને વાતાવરણમાં પણ હોય છે અને રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકનો વ્યાપક ઉપયોગ અને નબળા કચરા વ્યવસ્થાપનને તેના માટે જવાબદાર ગણવું જોઈએ. ઉપરાંત પ્લાસ્ટિકને ડિગ્રેડ કરવું મુશ્કેલ હોવાથી, સમય જતાં, સૂર્યપ્રકાશ, પવન અને પાણીના સંપર્કને કારણે પ્લાસ્ટિકના ટુકડા માઈક્રોપ્લાસ્ટિક કણોમાં ફેરવાય છે. માઈક્રોપ્લાસ્ટિક્સ મુખ્યત્વે ઈન્જેશન અને ઈન્હેલેશન દ્વારા માનવ શરીરમાં પ્રવેશ કરે છે. તેઓ સામાન્ય રીતે ખોરાક અને પાણીમાં જોવા મળે છે, ખાસ કરીને સીફૂડમાં, કારણ કે, દરિયાઈ જીવો ઘણીવાર ખોરાકને બદલે પ્લાસ્ટિક ખાય જાય છે. નળના પાણી અને બોટલના પાણીમાં પણ માઈક્રોપ્લાસ્ટિકના કણો હોવાનું દર્શાવવામાં આવ્યું છે. વધુમાં, આપણે જે હવામાં શ્વાસ લઈએ છીએ તેમાં માઈક્રોપ્લાસ્ટિક્સ હોય છે, ખાસ કરીને શહેરી વાતાવરણમાં જ્યાં પ્લાસ્ટિકની ધૂળ વધુ એકઠી થાય છે. એકવાર શરીરની અંદર જાય પછી આ માઈક્રોપ્લાસ્ટિક્સ જઠરાંત્રિય માર્ગ અથવા ફેફસાંમાંથી પસાર થઈ શકે છે. માનવીય અવયવોમાં માઈક્રોપ્લાસ્ટિક્સ મળી આવ્યા છે. અભ્યાસોએ ફેફસાં, યકૃત, કિડની અને બરોળમાં માઈક્રોપ્લાસ્ટિક કણોની હાજરીની પુષ્ટિ કરી છે. ફેફસાંમાં માઈક્રોપ્લાસ્ટિક્સ હવા દ્વારા શ્વાસમાં લેવામાં આવે છે. એકવાર શ્વાસમાં લીધા પછી તેઓ ફેફસાના પેશીઓમાં દાખલ થઈ શકે છે, જ્યાં તેમની હાજરી સોજો અથવા શ્વસન સમસ્યાઓનું કારણ બની શકે છે. લિવર અને કિડની લોહીને ફિલ્ટર કરે છે અને શરીરને ડિટોક્સિફાય કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઈન્જેશન દ્વારા લોહીના પ્રવાહમાં પ્રવેશતા માઈક્રોપ્લાસ્ટિક્સ આ અવયવોમાં એકઠા થઈ શકે છે, જે કદાચ તેમના સામાન્ય કાર્યોમાં વિક્ષેપ કરે છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે, પ્લાસ્ટિકના કણો આંતરડાના અસ્તરમાંથી પસાર થઈ શકે છે અને રુધિરાભિસરણ તંત્રમાં પ્રવેશી શકે છે. બરોળમાં માઈક્રોપ્લાસ્ટિક્સ રોગપ્રતિકારક પ્રતિક્રિયાઓમાં દખલ કરી શકે છે.

# ઉજ્જૈનમાં મહાકાલ મંદિર પાસેની દીવાલ ધસી પડતા બેનાં મોત, બે ઘાયલ

(એજન્સી) ઉજ્જૈન, તા.૨૭

ઉજ્જૈનના વિખ્યાત ધર્મસ્થાન મહાકાલ મંદિર પાસે એક દીવાલ ભારે વરસાદને કારણે ધસી પડતા બે લોકોના મૃત્યુ થયાનું જાહેર થયું છે અને બીજા બે લોકોને ઈજા થઈ છે. જિલ્લા સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, બચાવ કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી હતી અને ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ઈન્દોર લઈ જવામાં આવ્યા છે. મૃતકો અને ઈજાગ્રસ્તો અને પરિવારજનો મને સહાય પણ જાહેર કરવામાં આવી છે. મહાકાલ મંદિરના ચાર નંબરના ગેટ પાસે આવેલી ૧૦ ફૂટ ઊંચી એક દીવાલનો કેટલોક ભાગ ધસી પડ્યો હતો જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. બાજુમાં મહારાજ વાડાની હેરિટેજ ઈમારત આવેલી છે તેની દીવાલનો એક ભાગ તૂટી પડ્યો હતો. ભારે વરસાદ થયો હોવાથી અહીં પાણી ભરાઈ ગયેલું હતું અને તેના કારણે દીવાલ ધસી પડી હતી તેવું મંદિરના સૂત્રોએ જણાવ્યું હતું. મૃતકોના પરિવારજનો માટે રૂા.૪-૪ લાખ અને ઈજાગ્રસ્તો માટે રૂા.૫૦-૫૦ હજારની સહાય જાહેર કરવામાં આવી છે. દીવાલ ધસી પડવાથી જયસિંઘપુરામાં રહેતી આઝાદ રાઠોડની પત્ની ફરીન અને શિવ શક્તિ નગરમાં રહેતા સોમનાથના પુત્ર અજયનું મૃત્યુ થયું હતું. શારદા સોહન લાલ અને આઝાદ રાઠોડની ત્રણ વર્ષની દીકરી રૂહીને ઈજા થઈ હતી. બની ત્યારે ભારે ભાગદોડ પછી હતી અને પોલીસ તથા એસડીઆરએફની ટીમો પહોંચી ગઈ હતી અને બચાવ તથા રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી.

### પથ્થરમારાને કારણે ઘણા મુસાફરો ઘાયલ

# જયનગરથી નવી દિલ્હી જતી સ્વતંત્રતા સેનાની એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો

### RPF સમસ્તીપુરે અજાણ્યા લોકો વિરૂદ્ધ FIR નોંધી

(એજન્સી) સમસ્તીપુર, તા.૨૭

બિહારના સમસ્તીપુરમાં ગુરુવારે રાત્રે જયનગરથી નવી દિલ્હી જતી સ્વતંત્રતા સેનાની એક્સપ્રેસ ટ્રેન પર મુઝફ્ફરપુર-સમસ્તીપુર રેલ લાઈન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ પથ્થરમારાને કારણે ઘણા મુસાફરો ઘાયલ પણ થયા છે. ઘાયલ મુસાફરોને સમસ્તીપુરમાં જ સારવાર આપવામાં આવી હતી.

ગુરૂવારે રાત્રે સમસ્તીપુર સ્ટેશનના આઉટર સિગ્નલ પર અચાનક પથ્થરમારો થતાં મુસાફરો ડરી ગયા હતા. ટ્રેન પર પથ્થરમારાની ઘટના લગભગ રાત્રે ૯.૪૫ વાગ્યાની આસપાસ થઈ હતી. ઘટના બાદ ટ્રેન મુઝફ્ફરપુર સ્ટેશન ૪૫ મિનિટ મોડી પહોંચી હતી. મળતા રિપોર્ટ્સ અનુસાર આઉટર સિગ્નલ પર પહોંચતાં જ અજાણ્યા લોકોએ ટ્રેન પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. આ પથ્થરમારાના કારણે ટ્રેનની પેન્ટ્રી કારને અડીને આવેલા B1 અને B2 કોચના કાચ તૂટી ગયા હોવાનું કહેવાય છે. આ સિવાય ઘણા સ્લીપર કોચની બારીઓ પર પણ પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રેનમાં હાજર ઘણા મુસાફરો ઘાયલ થયા હતા. હાલમાં RPF સમસ્તીપુરે અજાણ્યા લોકો વિરૂદ્ધ FIR નોંધી છે. આ અંગે સોનપુર રેલવે ડિવિઝનના ડીઆરએમ વિવેક ભૂષણ સુદે જણાવ્યું કે, પથ્થરમારો કરનારા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે. તેમજ તેમની ઓળખ બાદ ધરપકડની કાર્યવાહી પણ કરવામાં આવશે. આવા અકસ્માતો અને ટ્રેનોના પાટા પરથી ઉતરવાને લઈને રેલવે પર સતત સવાલો ઊભા થઈ રહ્યા છે.

### વિદેશમંત્રી જયશંકરે ખેલ્યો મોટો દાવ

# આતંકી સંગઠનોને હવે પાક.-ચીન પણ નહીં બચાવી શકે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

આતંકવાદ માત્ર ભારત જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે હવે એક ગંભીર પ્રશ્ન બની ગયો છે. જો કે, હવે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકી સંગઠનોના ખરાબ દિવસો શરૂ થઈ જવાના છે. પાકિસ્તાન પણ હવે તેમને નહીં બચાવી શકે. કારણ કે, ભારતે હવે એક નવી તરકીબ અપનાવી છે. હવે આતંકવાદની સામે માત્ર ભારત જ નહીં પણ ઈન્ટરનેશનલ લેવલ પર પણ ઘણા દેશોએ અવાજ ઊઠાવ્યો છે.

બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આતંકી સંગઠન જૈશ અને લશ્કર સામે કાર્યવાહી કરવાની માંગ પર ભારતનો સાથ આપ્યો છે. વિદેશમંત્રી જયશંકર સાથે બ્રાઝીલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશમંત્રી મૌરો વિએરા અને રોનાલ્ડ લામોલાએ આતંકવાદની આકરી નિંદા કરી. બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકાએ કહ્યું કે, આતંકવાદ ક્યાંય પણ હોય, કોઈપણ સંગઠન દ્વારા કરવામાં આવતું

**બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા જેવા દેશોએ પણ ભારત સાથે મળીને કહ્યું કે, આતંકી સંગઠનો સામે કડક કાર્યવાહી થવી જોઈએ**

હોય તેની ટીકા થવી જોઈએ. સાથે જ બંને દેશના વિદેશમંત્રીઓએ આતંકી સંગઠનની સામે કડક કાર્યવાહીની પણ માંગ કરી.

સમગ્ર મામલે ભલે ત્રણેય દેશો દ્વારા ચીન કે પાકિસ્તાનનું નામ લેવામાં ન આવ્યું હોય પણ પરોક્ષ રીતે આતંકવાદ મુદ્દે તેમને સંદેશો આપવામાં આવ્યો. ચીન કે પાકિસ્તાનનું નામ લીધા વગર ત્રણેય દેશના મંત્રીઓએ સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં આ મુદ્દો ઊઠાવ્યો જેથી હવે ઈન્ટરનેશનલ લેવલ પર ચીન અને પાકિસ્તાન પણ ખુલીને આતંકીઓનો સાથ નહીં આપી શકે. આપને જણાવી દઈએ કે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકા પણ બ્રિક્સ સમૂહના સદસ્ય છે. બ્રિક્સમાં પાકિસ્તાન પણ સામેલ થવા માંગે છે. આ જ કારણ છે કે, ભારતે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે ઘેરવાનું શરૂ કરી દીધું. ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનો પર IBSA મંચે પણ સહમતિ દર્શાવી કે આતંકવાદ એક વૈશ્વિક સંકટ છે જેનો મુકાબલો કરવો જોઈએ અને દુનિયાના દરેક હિસ્સાઓ પર આતંકવાદીઓનો ખાત્મો કરવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ત્રણેય દેશોના મંત્રીઓએ આતંકવાદને રોકવા, તેનો મુકાબલો કરવા દરેક દેશોને તેમની જવાબદારી યાદ અપાવી. ભારતની સાથે બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ જણાવ્યું કે, આતંકવાદ સામેની લડાઈ આંતરરાષ્ટ્રીય માનવાધિકારના કાયદાઓનું પૂરૂં રીતે સન્માન કરીને થવી જોઈએ. જો કે, ભારત, બ્રાઝીલ અને સાઉથ આફ્રિકાએ આપેલા નિવેદનોને લઈને એ વાત તો પાક્કી છે કે, હવે આતંકી સંગઠનોને પાકિસ્તાન અને ચીન પણ નહીં બચાવી શકે.

### વિશ્વ બેંકનો વિશ્વાસ

# UP ભારતની પ્રગતિમાં બનશે કિંગમેકર, વર્લ્ડ બેંકની જાહેરાત

### વિશ્વ બેંક ઉત્તરપ્રદેશમાં તેની ખેતીને આધુનિક બનાવવા, પાકનું ઉત્પાદન વધારવા એક પ્રોજેક્ટ બનાવી રહી છે

(એજન્સી) લખનૌ, તા.૨૭

માત્ર ભારતીયો જ નહીં પરંતુ હવે વિશ્વ બેંકને પણ ભારતની પ્રગતિમાં વિશ્વાસ છે. વિશ્વ બેંકના ઉપાધ્યક્ષ (દક્ષિણ એશિયા ક્ષેત્ર) માર્ટિન રેઝરે કહ્યું છે કે, ઉત્તરપ્રદેશ ભારતના 'મિશન ૨૦૪૭'ને આગળ વધારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. 'મિશન ૨૦૪૭' હેઠળ દેશને આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. રેઝરે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને મુખ્ય સચિવ મનોજસિંહ સાથે ચર્ચા કરી કે, કેવી રીતે વિશ્વ બેંક ઉત્તરપ્રદેશને ૧૦૦૦ અબજ ડૉલરનું અર્થતંત્ર બનાવવામાં મદદ કરી શકે.

તેમણે કહ્યું કે, અમે ભારત માટે નવી (ઉધાર) વ્યૂહરચના ચક્ર શરૂ કરી રહ્યા છીએ અને આ વ્યૂહરચના ચક્ર સામાન્ય રીતે ચાર-પાંચ વર્ષ માટે હોય છે. તેમણે કહ્યું કે, છેલ્લા બે દિવસમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ સાથે ચર્ચા કરાયેલા મુદ્દાઓના આધારે વિશ્વ બેંક આગામી બે-ત્રણ વર્ષમાં એક અબજ ડૉલર અથવા તેનાથી વધુની લોન અથવા નાણાકીય સહાય સુધી પહોંચી શકે છે. તેમણે કહ્યું કે, ભારતના મિશન ૨૦૪૭માં ઉત્તરપ્રદેશ કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે. ઉત્તરપ્રદેશના ૧૦૦૦ અબજ ડૉલરની અર્થવ્યવસ્થા બનવાના પ્રશ્ન પર રેઝરે કહ્યું કે, મને લાગે છે કે, તે સંપૂર્ણપણે વ્યવહારૂ છે. પરંતુ તેને આગળ લઈ જવા માટે સુધારાની જરૂર છે. આ માત્ર ઉત્તરપ્રદેશને જ નહીં પરંતુ સમગ્ર ભારતને લાગુ પડે છે.

તેમણે વધુમાં કહ્યું કે, વિશ્વ બેંક ઉત્તરપ્રદેશમાં તેની ખેતીને આધુનિક બનાવવા, પાકનું ઉત્પાદન વધારવા અને પાણીના વધુ કાર્યક્ષમ ઉપયોગની સાથે ખાતરોના વધુ પડતા ઉપયોગને ઘટાડવા માટે એક પ્રોજેક્ટ બનાવી રહી છે. આનાથી ખેડૂતોને પરંપરાગત રોકડિયા પાકોમાંથી વધુ મૂલ્યવર્ધિત ઉત્પાદનો તરફ વળવામાં મદદ મળશે.

# બેંગ્લોરની મહિલાની કરપીણ હત્યામાં મુસ્લિમ ન હોવા છતાં આરોપીને મુસ્લિમ ગણાવતી કેટલીક ચેનલોના અહેવાલ બદલ કડક પગલાં લેવા મુસ્લિમ સમાજની માગણી

### આરોપી હિન્દુ હોવા છતાં મુસ્લિમ નામના અહેવાલો પ્રગટ કરનાર કેટલીક ચેનલો ન્યુઝ-૧૮ તથા ઈન્ડિયા ટુડે, આજતક અને અન્ય સામે કડક પગલાંની રજૂઆતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

બેંગ્લોરમાં એક યુવતીની ખૂબ જ ભયાનક રીતે અને બરબર્તાથી હત્યા કરી ન થાય એની ઘટનામાં સાવકારણ વિના આરોપીને મુસ્લિમ મુસ્લિમ ચીતરીને ખોટા અહેવાલો પ્રગટ કરવા બદલ કેટલીક રાષ્ટ્રીય ટીવી ચેનલો સામે કડક પગલાં લેવા અને કારણ મુસ્લિમોને આ ઘટનામાં દોષિત ઠરાવવા બદલ કાર્યવાહી કરવા સામાજિક કાર્યકરો અને પત્રકારોએ માગણી કરી છે.

તાજેતરમાં ૨૯ વર્ષની મહાલક્ષ્મી નામની યુવતીની હત્યા કરીને તેના શરીરના ૫૯ ટુકડા કરી નાખવાની ખૂબ જ ચોકાવનારી ઘટના બની હતી ત્યારે ન્યૂઝ ૧૮, ઈન્ડિયા ટુડે, આજતક અને અન્ય કેટલીક ન્યુઝ ચેનલો દ્વારા એવો અહેવાલ પ્રગટ કરવામાં આવ્યો હતો કે, આ મહિલાના હથિયારોનું નામ અશરફ છે પરંતુ હકીકતે પોલીસની તપાસમાં હથિયારો રાજન મુક્તિ રે નામનો વ્યક્તિ નીકળ્યો હતો અને તેણે આ ભયાનક અપરાધને અંજામ આપ્યો હોવાની વાત તેની માતાને કરી હતી અને પછી પોતે આપઘાત કરી લીધો હતો. આ રીતે મુસ્લિમ અપરાધી ન હોવા છતાં જાણીજોઈને આ કેટલીક ચેનલ હોય ઘટનાને કોમી વળાંક આપવા અને મુસ્લિમો સામે નફરત પેદા કરવા માટે ખોટી માહિતીનું પ્રસારણ ચાલુ રાખ્યું હતું. સૌથી વધુ ખોટું નામ પ્રસારિત કરનાર ન્યુઝ એન્કર અમન ચોપડા હતો અને આ રીતે તેણે સમાચાર સંપાદન અને કાર્યક્રમના નીતિ નિયમો અને આચારસંહિતાનો ભંગ કર્યો છે. અમન ચોપડાએ મહાલક્ષ્મીની હત્યાને શ્રદ્ધા વોકરની હત્યા સાથે સરખાવી હતી. કેમ કે શ્રદ્ધાનો હથિયારો આફતાબ નામનો મુસ્લિમ હતો. પોતાના શો દરમિયાન અમલ ચોપડાએ વારંવાર શ્રદ્ધા વોકરનું નામ લઈને મુસ્લિમ જ હથિયારો હોવાનું ચલાવ્યા રાખ્યું હતું એ જ રીતે ઈન્ડિયા ટુડે અને આજતકમાં પણ અપરાધી તરીકે મુસ્લિમનું નામ સતત પ્રસારિત કરવામાં આવી રહ્યો હતો હવે અપરાધી રે નામનો વ્યક્તિ નીકળ્યો છે પણ આ ચેનલો દ્વારા કોઈ ચોખવટ કરવામાં આવી નથી અને ખોટા અહેવાલો અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી એટલે સોશિયલ મીડિયા પર અનેક લોકોએ અને ખાસ કરીને સામાજિક કાર્ય કરો તથા પત્રકારોએ આ ચેનલનો સામે પગલા લેવાની માગણી કરી છે. ટીવીની દુનિયાના જાણીતા પત્રકાર અને એન્કર રાજદીપ સરદેસાઈએ આવી રીતે કોમવાદી વળાંક આપતા અહેવાલ પ્રસારણને અત્યંત શરમજનક ગણાયું બીજા જાણીતા પત્રકાર એમ.કે. વેણુએ જણાવ્યું હતું કે, આ અંગે ટીવી ન્યુઝ નિયમન સંસ્થાને વિધિસરની ફરિયાદ કરવી જોઈએ અને ખોટા સમાચાર આપનાર એન્કરને ઠપકો આપીને ચેનલને દંડ કરવો જોઈએ ભૂતકાળમાં પણ આવી રીતે ચેનલને દંડ કરવામાં જ આવ્યો છે. જીત નામના એક કાર્ય કરે ઘટનાને કોમી વળાંક આપતા અહેવાલ પ્રસાદ પ્રસારિત કરવા બદલ આ ચેનલ સામે ફરિયાદ દાખલ કરી છે અને કહ્યું છે કે, ચોપડાને સખત દંડ કરવામાં આવે એ હું સુનિશ્ચિત કરવા માગું છું કારણ કે, તેણે જ વધારેમાં વધારે ખરાબ રીતે ખોટા સમાચાર પ્રસારિત કર્યા હતા. કોંગ્રેસ પ્રવક્તા લાવલ્યા બલ્લાલ જૈન આ પ્રકારના અહેવાલ લેખનને ખૂબ જ દ્વેષપૂર્ણ અને આઘાતજનક અને અરૂચી કર ગણાવે છે. તેણી કહે છે કે, ભાજપના વ્હોટ્સએપ ગ્રુપમાંથી જે કંઈ આવે તે પવિત્ર માનીને આ ચેનલો પ્રસારિત કરી દેતી હોય છે. શું હવે ન્યુઝ ૧૮ ગ્રુપના માલિક મુકેશ અંબાણી તથા બોર્ડના ચેરમેન આદિલ જૈન તેમજ એડિટર ઈન ચીફ રાહુલ જોશી એમના એન્કર અમલ ચોપડા સામે પગલાં લેશે ખરા એવો સવાલ લવલ્યયાએ પૂછ્યો હતો. હજુ સુધી આવા પત્રકારને અને એન્કરને કેમ ચાલુ રાખવામાં આવ્યો છે તેનો જવાબ ચેનલના માલિક અને તંત્રીએ આપવાનું રહે છે.

# બદલાપુર રેપ કાંડના આરોપીના પિતાએ પોલીસ રક્ષણની કરી માગણી; કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

બદલાપુરમાં બે બાળકીઓ પર બળાત્કારના આરોપી અને પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા અક્ષય શિંદેના પિતા અન્ના શિંદેએ પોલીસ રક્ષણની માગણી કરી છે અને જણાવ્યું છે કે, મારા પુત્રનાં મોત બાદ મારા પરિવારજનોને ધમકીઓ મળી રહી છે. અન્નાએ આક્ષેપ કર્યો હતો કે, મારા પુત્રને મારી નાખવાનું કાવતરૂં ઘડાયું હતું અને આ માટે અદાલતની તપાસ થવી જોઈએ. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને આરોપી અક્ષયના પિતા અન્નાએ પોતાના માટે તથા પોતાના પરિવાર માટે પોલીસ રક્ષણની માગણી કરી છે. તેમના આક્ષેપ કર્યો હતો કે, રાજકીય લાભ ખાટવા માટે મારા દીકરાને મારી નાખવાનું કાવતરૂં ઘડાયું હતું. મારા વકીલના પરિવારને અને વકીલને પણ ધમકીઓ મળી રહી છે એટલે અમને બધાને પોલીસ રક્ષણ મળવું જોઈએ.

અન્નાએ આ ઘટનાને બનાવતી એન્કાઉન્ટર ગણાવીને તેની તપાસ કરવા માટે અને અદાલતના માર્ગદર્શન નીચે તપાસ કરવા માટે મુંબઈ હાઈકોર્ટમાં અરજી પણ કરી છે.

# સોનાએ સતત ત્રીજા દિવસે વધુ એક રેકોર્ડ બનાવ્યો; ચાંદીના ભાવ રૂા.૫૦૦ ઊંચકાયા

### ઔદ્યોગિક એકમો અને સિક્કા નિર્માતાઓની નવી માંગને કારણે ચાંદી પણ રૂા.૫૦૦ ઉછળી રૂા.૯૪,૫૦૦ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી, અગાઉના કારોબારમાં ધાતુ રૂા.૯૪,૦૦૦ પ્રતિ કિલોગ્રામ પર બંધ હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

જ્વેલર્સની સતત ખરીદીને પગલે રાષ્ટ્રીય રાજધાનીમાં શુક્રવારે સતત ત્રીજા દિવસે સોનાના ભાવ રૂા.૫૦ વધીને વધુ વિક્રમી ઊંચાઈએ પહોંચી ગયા હતા. અખિલ ભારતીય સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર સતત ત્રીજા સત્રમાં મજબૂત ગતિ ચાલુ રાખતા સોનાના ભાવ રૂા.૫૦ વધીને રૂા.૭૮,૩૦૦ પ્રતિ ૧૦ ગ્રામની તાજી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. ગુરૂવારે કિંમતી ધાતુ ૭૮,૨૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થઈ હતી.

ઔદ્યોગિક એકમો અને સિક્કા નિર્માતાઓની નવી માંગને કારણે ચાંદી પણ રૂા.૫૦૦ ઉછળી રૂા.૯૪,૫૦૦ પ્રતિ કિલોગ્રામ પર પહોંચી ગઈ હતી. અગાઉના કારોબારમાં ધાતુ રૂા.૯૪,૦૦૦ પ્રતિ કિલોગ્રામ પર બંધ હતી. વેપારીઓએ જણાવ્યું હતું કે, તહેવારો અને લગ્નની મોસમની માંગને પહોંચી વળવા સ્થાનિક જ્વેલર્સ દ્વારા વધતી ખરીદી અને વિદેશી



બજારોમાં મજબૂત વલણે મુખ્યત્વે સોનાના ભાવ આ વર્ષના સર્વોચ્ચ સ્તરે ઊંચક્યા છે. વધુમાં યુએસ ફેડરલ રિઝર્વનો આશાવાદ કે તેઓ આ વર્ષે વ્યાજ દરમાં ઘટાડો કરવાની આક્રમક ગતિ જાળવી રાખશે તેના કારણે પણ બુલિયનના ભાવમાં વધારો થયો હોવાનું તેઓએ ઉમેર્યું હતું. દરમિયાન મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર વાયદાના વેપારમાં ઓક્ટોબર ડિલિવરી માટે સોનાના કોન્ટ્રેક્ટ રૂા.૧૮૧ અથવા ૦.૨૪ ટકાના ઘટાડા સાથે રૂા.૭૫,૨૦૬ પ્રતિ ૧૦ ગ્રામ થયા હતા. ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદીનો ભાવ રૂા.૧૪૨ અથવા ૦.૧૫ ટકા ઘટીને રૂા.૯૨,૫૨૨ પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થયો હતો. મનીષ શર્મા AVP-કોમોડિટી એન્ડ કરન્સી, આનંદ રાઠી શેર્સ અને સ્ટોક બ્રોકરોએ જણાવ્યું હતું કે, ગઈકાલે (ગુરૂવારે) MCX ઓક્ટોબર ફ્યુચર્સ કોન્ટ્રેક્ટ પર સોનાના ભાવે ઊંચા સ્તરે પહોંચ્યો હતો, જે સપ્તાહના છેલ્લા દિવસે ઓલ-ટાઈમ પીકથી વધુ પીછેહઠ કરતા કેટલાક સેલર્સને આકર્ષિત કરે છે. શર્માએ ઉમેર્યું હતું કે, ડૉલર ઈન્ડેક્સમાં ખરીદીના રસના ઉદ્ભવને કારણે ઘટાડો થયો હતો, જે કોમોડિટીની માંગને નબળો પાડે છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં કોમેક્સ સોનું ૦.૨૯ ટકા ઘટીને ૨૬૮૭.૨૦ ડૉલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું છે. ગઈકાલે યુએસ ડૉલરમાં અપેક્ષા કરતાં વધુ સારા યુ.એસ. ડેટાએ વધારો કર્યા બાદ અને ફેડની આગામી મીટિંગમાં વેપારીઓએ મોટા રેટ કટ પર કેટલાક સોદા ટ્રિમ કર્યા બાદ સોનાના ભાવોએ પ્રોફિટ બૂકિંગ પર થોડો ફાયદો કર્યો છે.

# CBI દ્વારા આરોપો સાબિત થશે તો પૂર્વ પ્રિન્સિપાલ અને પૂર્વ ઓફિસર-ઈન્ચાર્જને મૃત્યુદંડની સજા થઈ શકે છે : જજ

(એજન્સી) કોલકાતા, તા.૨૭

આરજી કાર કોલેજના ભુતપૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષ અને તાલા પોલીસ સ્ટેશનના ભૂતપૂર્વ ઓફિસર-ઈન્ચાર્જ અભિજિત મંડલ વિરૂદ્ધ આરોપો "ગંભીર" છે અને જો તે સાબિત થાય તો તેમને "ફાંસીની સજા" થઈ શકે છે.

મેજિસ્ટ્રેટ શિબાસીસડે, તેમના લેખિત આદેશમાં જણાવ્યું હતું કે સીબીઆઈની તપાસ ઝડપથી ચાલી રહી છે અને ઘોષ અને મંડલ બંનેને આગામી સોમવાર સુધી કસ્ટડીમાં રાખ્યા હતા. આરોપની પ્રકૃતિ ગંભીર છે અને, જો તે સાબિત થાય, તો તેઓને મૃત્યુદંડની સજા થઈ શકે છે, જે ફક્ત દુર્લભ કિસ્સાઓમાં જ આપવામાં આવે છે. મેજિસ્ટ્રેટે એમ પણ કહ્યું કે, આવા કેસમાં જામીન આપવાથી સિદ્ધાંતોનું ઉલ્લંઘન થશે. મેજિસ્ટ્રેટે એક મહત્વપૂર્ણ અવલોકનમાં ઉમેર્યું હતું કે, કોઈ વ્યક્તિ ગુનાના સ્થળે સીધા હાજર રહ્યા વિના ગુનો કરી શકે છે, આ ગુનામાં "સામૂહિક ભાગીદારી"ની સીબીઆઈની દલીલની નોંધ લીધી હતી. ઘોષના વકીલ ઝોહૈબ રઉફે દાવો કર્યો હતો કે તેને બળાત્કાર અને હત્યાના કેસમાં ખોટી રીતે ફસાવવામાં આવ્યો હતો. મંડલના વકીલ અયાન ભટ્ટાચાર્યએ દલીલ કરી હતી કે સીબીઆઈએ તેમની ધરપકડ કરતી વખતે કાયદાની વિવિધ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે અને તેમની સામેના આરોપો જામીનને પાત્ર છે. સીબીઆઈ, આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના જુનિયર ડોક્ટરના બળાત્કાર અને હત્યામાં પુરાવાનો નાશ કરવાના મોટા કાવતરાની તપાસ કરી રહી છે, તેમાં પોસ્ટ મોર્ટમ પ્રક્રિયામાં ઘણી સ્પષ્ટ અનિયમિતતાઓ સામે આવી છે. એજન્સીએ પોસ્ટમોર્ટમ તપાસ કરનાર ત્રણ ડોક્ટરોની પેનલના વડા અપૂર્બા બિસ્વાસની ચાર વખત પૂછપરછ કરી છે.

# EDએ તેલંગાણાના મંત્રી પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડીની મિલકતો પર દરોડા પાડ્યા

(એજન્સી) તા.૨૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ શુક્રવારે તેલંગાણાના મહેસૂલ મંત્રી પી શ્રીનિવાસ રેડ્ડી સાથે જોડાયેલા અનેક સ્થળો પર દરોડા પાડ્યા હતા. ૧૦૦ કરોડથી વધુની કથિત દાણચોરી સાથે સંકળાયેલા નોંધપાત્ર મની લોન્ડરિંગ કેસની ચાલી રહેલી તપાસના ભાગરૂપે દરોડા પાડવામાં આવ્યા છે. સૂત્રોએ જણાવ્યું કે હૈદરાબાદ સહિત રાજ્યમાં લગભગ પાંચ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. રાઘવ ગ્રુપ સાથે જોડાયેલા રેડ્ડીના પુત્ર હર્ષ રેડ્ડી વિરૂદ્ધ ડિરેક્ટોરેટ ઑફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. હર્ષ રેડ્ડી પર ૭ કરોડ રૂપિયાની સાત લક્ઝરી ઘડિયાળો સહિત અનેક મોંઘી ખરીદી કરવાનો



આરોપ છે. આ વસ્તુઓ માટે કથિત રીતે હવાલા વ્યવહારો અને ક્રિપ્ટોકરન્સી રેકેટ દ્વારા ચુકવણી કરવામાં આવી હતી. માનવામાં આવે છે કે આ સમયગાળા દરમિયાન ૧૦૦ કરોડ રૂપિયાના વ્યવહારો થયા છે. એ. નવીન કુમાર નામની વ્યક્તિ પણ EDની તપાસના કેન્દ્રમાં છે. કોંગ્રેસ પાર્ટીના અગ્રણી સભ્ય પોંગુલેટી શ્રીનિવાસ રેડ્ડી તેલંગાણા સરકારમાં મહેસૂલ, આવાસ, માહિતી અને જનસંપર્ક મંત્રી છે. આ તપાસ રાજ્યના રાજકીય માહોલમાં ભ્રષ્ટાચાર અને જવાબદારી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કરી રહી છે. EDની તપાસ જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ તેલંગાણાના રાજકીય વર્તુળોમાં અનેક સવાલો ગુંજવા લાગ્યા છે, જે સંભવત : સામેલ લોકોની પ્રતિષ્ઠા અને કારકિર્દીને અસર કરી શકે છે.

### વકફ બોર્ડ, વકફ કમિટી, મસ્જિદ-દરગાહ ટ્રસ્ટોના મુતવલ્લીઓ સહિતનાઓએ કરી રજૂઆતો

# JPC સમક્ષ વકફ એક્ટમાં સુધારાનો ખુલ્લો વિરોધ નોંધાવતા MLA ખેડાવાલા સહિતના મુસ્લિમ આગેવાનો







## કોંગી MLA અને બોર્ડના સભ્ય ખેડાવાલાએ અન્ય સભ્યો રણજીત રાઠોડ સહિતનાઓ સાથે ૧૪ મુદ્દાની લેખિત રજૂઆત કરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૭

વકફ અંગેના કાયદામાં સુધારા કરવા મુદ્દે ભારે ઉહાપોહ બાદ રચાયેલ સંસદની જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી) આજે અમદાવાદમાં આવી હતી અને દિવસ દરમ્યાન વિવિધ પક્ષો, સંસ્થાઓ વગેરેની રજૂઆતો સાંભળી હતી. વકફ કાયદા સુધારા મુદ્દે દેશભરમાં મુસ્લિમ સમાજ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવાઈ રહ્યો છે. જે આજે પણ જારી રહેતા જેપીસીની બેઠકના સ્થળ બહાર એટલે કે તાજ હોટલની બહાર પણ વિવિધ પ્લેકાર્ડ તથા સૂત્રોચ્ચાર સાથે મુસ્લિમ સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

જેપીસી સમક્ષ રજૂઆતોમાં એકમાત્ર કોંગરી ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ ખુલ્લો વિરોધ જાહેર કર્યો હતો. તો અન્ય મુસ્લિમ આગેવાનો- ઓલમા-કિરામે પણ બિલના વિરોધમાં રજૂઆત કરી હતી. જેપીસી સમક્ષ બિલ અંગે રજૂઆત કરતા કોંગ્રેસના જમાલપુર-ખાડિયા બેઠકના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ બિલને રદ્દ કરવા માટે જણાવ્યું હતું. તેમણે બિલનો વિરોધ કરતા કહ્યું કે, સરકારનો જે પક્ષ છે હું તેના વિરોધમાં છું. જો આ કાયદો બને છે તો મુસ્લિમ સમાજને નુક્સાન થઈ શકે છે તેવી દહેશત વ્યક્ત કરી હતી.જો કે આ મામલે ઈમરાન ખેડાવાલાએ કહ્યું કે, બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકાર સારી રીતે કામ કરી રહી છે. ધારાસભ્ય અને વકફ બોર્ડના સભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે હૈદરાબાદના સાંસદ ઓવૈસીએ કમિટીમાં રજૂઆત કરી હતી કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની જગ્યા વકફ બોર્ડમાં નોંધાયેલી હતી. ટ્રિબ્યુનલમાં જજમેન્ટ આવ્યું હતું અને જેને કાઢી દેવામાં આવ્યું હતું. કેટલી એવી જગ્યાઓ છે જે વકફ બોર્ડમાં નોંધાઈ ગઈ છે, જે અંગેની માહિતી માંગવામાં આવી હતી. વકફ બોર્ડમાં જે નોંધાયેલી છે તેના પુરાવા છે. આ જગ્યા મ્યુનિસિપલ કોર્પોરેશનને આપી દેવામાં આવી હતી અને જે અંગે માહિતી માંગવામાં આવી હતી. ખેડાવાલાએ આગળ કહ્યું કે, આ તમામ માહિતી આપવા માટે તેઓએ કહ્યું હતું. આજે ગુજરાતના એક મુસ્લિમ ધારાસભ્ય તરીકે મેં આ બિલનો વિરોધ કર્યો છે. કમિટી સમક્ષ મેં રજૂઆત પણ કરી છે. વકફ બોર્ડના બિલનો અમે વિરોધ કર્યો છે. મેં તમામ બાબતોના સૂચનો આપ્યા હતા. તેઓ દ્વારા જે સૂચન કરવામાં આવ્યા છે તે અમે માન્ય રાખ્યા નથી. મેં ૧૪ મુદ્દાનું સૂચન કર્યું છે જેની કોપી JPCને આપી છે. આજે ચેરમેનને પણ આપી છે. આ મુદ્દાનો સમાવેશ કરવાની માગ કરી છે.ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વકફ બોર્ડના અન્ય સભ્યો રણજીત રાઠોડ, મોહંમદ તૌફીક વ્હોરા સાથે મળીને ૧૪ મુદ્દા સાથે વિસ્તૃત લેખિત રજૂઆત જેપીસી સમક્ષ કરી. મુસ્લિમ સમાજને ગુમરાહ કરવા લવાયેલ આ બિલ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. શેખ ખુરશીદ અહેમદ (રાજપુરના મુતવલ્લી)એ સદંતર વિરોધ નોંધાવતા કહ્યું કે, મુસ્લિમ સમાજે પોતાના સમાજના ધાર્મિક હેતુ માટે મિલકત દાન આપવામાં આવેલ છે અને તે ટ્રસ્ટો પાસે છે વકફ બોર્ડ માત્ર મોનિટરીંગ કરે છે. આ ઉપરાંત એડવોકેટ ઈકબાલ શેખ, વકફ કમિટીના રિઝવાન કાદરી, તેમજ જમીઅતે ઉલમાએ હિન્દ ઉપરાંત વિવિધ મસ્જિદો, દરગાહો, ખાનકાહોના મુતવલ્લીઓ વગેરે દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી.

સુરત-ભરૂચ એમ બહાર ગામથી પણ લોકો રજૂઆત કરવા આવ્યા હતા. એક સભ્ય જેમણે વકફના નવા સુધારાનું સમર્થન કરેલ પરંતુ પોતાના નામ સાથે પોતે સભ્ય નહીં પરંતુ જજ તરીકે ઓળખાણ આપેલ તો તેમની અસદુદ્દીન ઓવૈસીએ જાટકણી કાઢેલ અને કહ્યું કે તમારૂં ગુનાહિત ઈતિહાસ જોતા તમારી નિમણૂક રદ કરવામાં આવેલ છે અને પોતાની જાતને જજ કહેવાનો તમને કોઈ હક-અધિકાર નથી.

### વિવિધ રાજ્યોમાં ચાલતાં ગેરકાયદે કોલ સેન્ટરનું ગુજરાત કનેક્શન

# વિદેશી નાગરિકોને છેતરવાનું કૌભાંડ : CBIની ૩૫૦ લોકોની ટીમ ૩૫ કોલ સેન્ટર પર ત્રાટકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાતમાં સતત સાયબર ફ્રોડના કેસ વધી રહ્યા છે, ત્યારે CBIની ટીમે રાજ્યમાં મોટી રેડ પાડી છે. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની ટીમ દ્વારા ગઈકાલથી અલગ-અલગ જગ્યાએ દરોડા પાડવામાં આવી રહ્યા છે, તેમાં પણ એવી વિગત સામે આવી રહી છે કે, અમેરિકાની ફેડરલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI)એ ઇનપુટ આપ્યા હતા કે, ગોવા, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ અને કોલકત્તામાં કેટલાક એવા કોલસેન્ટર ચાલી રહ્યા છે, જેની અંદર વિદેશી નાગરિકોને લૂંટવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ ઇનપુટના આધારે તપાસ શરૂ થઈ અને તેનું કનેક્શન અમદાવાદ સુધી નીકળી રહ્યું છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહેતા કેટલાક લોકોના નામ ખુલ્યા છે, જેને ત્યાં સીબીઆઇની ટીમ પહોંચી છે. આ તમામ લોકોએ અલગ-અલગ રાજ્યમાં વિદેશી નાગરિકોને છેતરવાનું અને તેમની પાસેથી પૈસા પડાવવા માટે કોલ સેન્ટર પ્લાન કર્યા હતા. એફબીઆઈના ઇનપુટ બાદ આ તમામની ધરપકડ માટે સીબીઆઇ કામ કરી રહ્યું છે અને ગઈકાલ રાતથી આ તપાસ હજી સુધી ચાલી રહી છે. મળતી માહિતી મુજબ અલગ-અલગ રાજ્યમાં ચાલતાં કોલ સેન્ટરમાં ગુજરાતનું કનેક્શન સામે આવ્યું છે, ગઈકાલ સવારથી અત્યાર સુધી ૩૫૦ લોકોની ટીમે અલગ-અલગ જગ્યાએ દરોડા પાડ્યા હતા. આ રેડ દરમિયાન અનેક લોકો પાસેથી રૂપિયા પડાવવાનું આખું નેટવર્ક ગોવા, કોલકાત્તા, વિશાખાપટ્ટનમ અને હૈદરાબાદમાં સેટઅપ કરવામાં આવ્યું હોવાનું ખૂલ્યું હતું. સીબીઆઇ દ્વારા હાલ દરોડાની કાર્યવાહી ચાલી રહી છે ત્યારે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આ કોલ સેન્ટરના ઓર્ગેનાઇઝરને ત્યાં સીબીઆઈની ટીમ બેઠી હતી અને તેઓની પૂછપરછ કરી રહી હતી. જ્યારે આ સમગ્ર મામલે સ્થાનિક પોલીસને સહેજ પણ જાણ કરવામાં આવી ન હતી. એટલું જ નહીં આ કોલ સેન્ટરમાં કેટલાક નામ પણ હાલ સામે આવ્યા છે જેમાં વિકાસ ઉર્ફે મિસ્ટિક, સાગર પટેલ, ઈરફાન, હિતેશ, પ્રીતેષ અને મીહીરના ત્યાં સીબીઆઈની ટીમે દરોડા પાડ્યા છે. હાલ આ સમગ્ર કાર્યવાહી ચાલી રહી છે તેની અંદર અલગ- અલગ કોલ સેન્ટરના ઓર્ગેનાઈઝર અમદાવાદમાં હોવાનું પણ જાણવા મળી રહ્યું છે અને તેના ત્યાં સીબીઆઈની ટીમ સર્ચ કરી રહી છે, બીજી તરફ આખા દેશમાં આ કોલ સેન્ટરના ઈનપુટ સીબીઆઈને મળ્યા છે અને તે પ્રમાણે કાર્યવાહી ચાલી રહી છે આ દેશવ્યાપી દરોડાની અંદર ૩૫૦થી વધુની ટીમ કામ કરી રહી છે. અમેરિકન નાગરિકોને તેમના લોન અથવા ક્રેડિટ કાર્ડના નામે ડરાવીને તેમની પાસેથી ડોલર પડાવવાના રેકેટનો અગાઉ પણ અનેક વખત પર્દાફાશ થયો હતો. જેમાં મોટા કોલ સેન્ટરના માફિયાઓએ અબજો રૂપિયા ઘરભેગા કરી દીધા છે. અહીં લાઈફ સ્ટાઈલ માટે જાણીતા આ કોલ સેન્ટર માફિયા નવા જરૂરિયાતમંદ યુવાનોને મોટા રૂપિયા આપવાની લાલચ આપીને કોલ સેન્ટર ચલાવડાવે છે અને તેમાં લોકોને ફસાવીને આખી સિસ્ટમમાં ડોલર ભેગા કરી લેતા હોય છે. હજી રેડમાં શું નીકળ્યું છે તે જાણવા મળ્યું નથી. પરંતુ આ શંકાને આધારે ખૂબ મોટી રેડ અમદાવાદમાં ચાલી રહી છે. ગાંધીનગરના પોલીસ અધિકારીઓને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને તેઓ જરૂર પડેશે તો CBIની ટીમ તેમનું પણ સંપર્ક કરશે તેવી માહિતી મળી હતી.

# અમદાવાદમાં JPCની બેઠકમાં AIMIMના ઓવૈસી તથા ગૃહ રાજ્યમંત્રી સંઘવી વચ્ચે થઈ બોલાચાલી !

## JPCની બેઠકમાં જે રજૂઆતો વગેરે થઈ તે જાહેરમાં ન કહી શકાય : ગૃહ રાજ્યમંત્રી

અમદાવાદ, તા.૨૭

વક્ફ સંશોધન બિલ માટે રચાયેલી સંસદની JPCની ટીમ આજે ગુજરાતમાં આવી હતી. જેમાં JPC સમક્ષ ગુજરાત સરકાર અને ગુજરાત વક્ફ બોર્ડનું પ્રેઝન્ટેશન કરાયું હતું. JPC દ્વારા વક્ફ બોર્ડ અને અન્ય સંબંધિત પક્ષના લોકો સાથે રજૂઆતો સાંભળી ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે અમદાવાદમાં JPCની બેઠકમાં AIMIMના સાંસદ અસદુદ્દીન ઓવૈસી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી વચ્ચે જોરદાર બોલાચાલી થઈ હોવાનું સામે આવ્યું છે. હર્ષ સંઘવી અને અસદુદ્દીન ઓવૈસી સામસામે આવ્યા હતા. JPCની બેઠકમાં વક્ફ બિલ પર ચર્ચા દરમિયાન બોલાચાલી થઈ હતી. જોકે, સંઘવીએ આ મામલે કંઈ પણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો. સંઘવીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાના હિતોના રક્ષણ માટે અમે રજૂઆતો કરી છે. અંદર જે થયું એ જાહેરમાં કહી ન શકાય. ફક્ત અમે એટલું જ કહીશું કે અમે અમારો પક્ષ રાખ્યો છે.

વકફ સંશોધન બિલ માટે રચાયેલ સંસદની જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી (JPC) આજે ગુજરાતમાં આવી હતી. વફક સંશોધન બિલની અનિવાર્યતા અંગે સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી છે. ગુજરાત વક્ફ બોર્ડ અને ગુજરાત સરકાર દ્વારા JPC સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વક્ફ સંશોધન બિલ માટે કુલ ૩૧ સાંસદોની સંયુક્ત સંસદીય સમિતિની રચના કરવામાં આવી છે. JPCમાં ૨૧ લોકસભા અને ૧૦ રાજ્યસભાના સાંસદોનો સમાવેશ થયો છે.

જેપીસી સાથેની આ બેઠકમાં ઔવેસી અને સંઘવી વચ્ચે બેઠકમાં તડાફડી બોલી ગઈ હતી. સૂત્રો જણાવે છે કે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. હૈદરાબાદના સાંસદ ઓવૈસીએ કમિટીમાં રજૂઆત કરી હતી કે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની જગ્યા વકફ બોર્ડમાં નોંધાયેલી હતી. ટ્રિબ્યુનલમાં જજમેન્ટ આવ્યું હતું અને જેને કાઢી દેવામાં આવ્યું હતું. કેટલી એવી જગ્યાઓ છે જે વકફ બોર્ડમાં નોંધાઈ ગઈ છે, જે અંગેની માહિતી માંગવામાં આવી હતી. વકફ બોર્ડ સમક્ષ આ મિલકત વકફની હોવાનો દાવો વર્ષ ૨૦૧૫માં કરવામાં આવ્યો હતો, જેનો ચુકાદો ૨૦૨૧માં આવતાં આ પ્રોપર્ટીને વકફની જાહેર કરાઈ હતી, જેની સામે SMCએ ૨૦૨૧માં વકફ ટ્રિબ્યુનલ ગાંધીનગર ખાતે અપીલ કરી હતી. જેમાં SMCએ જણાવ્યું હતું કે વર્ષોથી અહીં મ્યુનિસિપલ કોર્પોરેશનનો કબજો છે, ક્યારેય કોઈએ વાંધો ઉઠાવ્યો નથી. વકફ બોર્ડ મગજથી વિચાર્યા વગર અને એસએમસીના પુરાવા અવગણીને આવો નિર્ણય આપ્યો છે. આ મિલકતનો ઉપયોગ અગાઉ લશ્કર માટે થતો હતો. વકફ બોર્ડે એક તરફી નિર્ણય લીધો છે. સુરતના સોદાગરવાડ ખાતે રહેતા અરજદાર અબ્દુલ્લાહ જરૂલ્લાહે સુરત શહેર વોર્ડ નં.૧૧ સીટી સર્વે નં.૧૫૦૪માં આવેલી મુગલસરાય તરીકે ઓળખાતી મિલકત કે જેમાં કાર્યરત સુરત મ્યુ.કોર્પોરેશનની કચેરીની જગ્યાને વકફ મિલકત તરીકે નોધણી કરવા સહિત અન્ય માંગ કરતી અરજી ગુજરાત રાજ્ય વકફ બોર્ડમાં કરી હતી. માર્ચ-૨૦૧૬માં કરેલી અરજીના સમર્થનમાં હાલમાં પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમ ઓફ વેસ્ટર્ન ઈન્ડિયામાં રાખવામાં આવેલી આ ઈમારતની તખ્તી સહિત અન્ય ઐતિહાસિક દસ્તાવેજી પુરાવા નોંધ રજૂ કર્યા હતા. સુરત મહાનગર પાલિકાએ ૧૮૬૭થી આ વાદગ્રસ્ત મિલકતનો કબજો મેળવ્યો હતો. પરંતુ જૂની મેટર હોય વધુ રેકર્ડ પ્રાપ્ત ન હોવા છતાં સુરત મહાનગર પાલિકાની કમિટીના પ્રોસિડીંગ્સના ઉતારાની નકલો રજૂ થઇ હતી. આજે આ મામલે ઔવેસી અને હર્ષ સંઘવી વચ્ચે ચકમક જરી હતી.

# આટલી મોટી કમનસીબ દુર્ઘટના બની પરંતુ રાજકોટના મ્યુનિ. કમિશનરોને પસ્તાવો કે, દોષભાવ જ નથી : હાઈકોર્ટની આકરી ઝાટકણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાત હાઈકોર્ટ દ્વારા વધુ એક વખત રાજકોટના બે તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર્સ આનંદ પટેલ અને અમિત અરોરાની આકરા શબ્દોમાં ટીકા કરવામાં આવી હતી. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાબતની સુઓમોટો જાહેર હિતની અરજી દરમિયાન કોર્ટે જણાવ્યું હતું કે, આ અધિકારીઓએ બધાની જાહેરમાં માફી માગવી જોઇએ. તેમને પસ્તાવો અને દોષભાવ થવો જોઇએ. કારણ કે જો તેઓએ આ બાબતમાં વ્યક્તિગત ધ્યાન રાખ્યું હોત તો આ ઘટના બની જ ના હોત.

બીજી બાજુ રાજ્ય સરકાર દ્વારા વધુ એકવાર ભાર મૂકીને કહેવામાં આવ્યું હતું કે, મ્યુનિસિપલ કમિશનરોને તેમના તાબાના અધિકારીઓ દ્વારા આ માહિતી આપવામાં આવી નહોતી આથી તેઓને દોષી ગણી શકાય નહી. કોર્ટે એવું પણ પુછ્યું હતું શું તમે તે વખતના મ્યુનિસિપલ કમિશનરોની ભૂમિકા બાબતે તપાસ કરી હતી. શું તમે તેનું સ્ટેટમેન્ટ લીધું હતું. આથી એડવોકેટ જનરલ દ્વારા આ બાબતે ચકાસણી કરવાની વાત કહેવામાં આવી હતી. રાજ્યભરમાં ફાયર સેફટીના નિયમોના અમલ બાબતે એક જાહેર હિતની અરજી કરવામાં આવી હતી. તેમાં રાજકોટના મ્યુનિસિપલ કમિશનર દ્વારા પણ ફાયર સેફટીના નિયમોનું કડક પાલન અને તેના વગર બીયુ પરમીશન નહી આપવાની ખાતરી આપવામા આવી હતી. અગાઉ મ્યુનિસિપલ કમિશનર દ્વવારા ૧૩ એફિડેવીટ કરીને કાયદાના પાલનની ખાતરી આપવામાં આવી હતી. તેમ છતાં ટીઆરપી ગેમ ઝોન જેવી ગંભીર ઘટના બની હોવાની રજૂઆત એડવોકેટ અમીત પંચાલ દ્વારા કરવામાં આવી હતી. આ બાબતે મ્યુનિસિપલ કમિશનરોની જવાબદારી બાબતે સુનાવણીમાં ચર્ચા થઇ હતી. ચીફ જસ્ટીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, એક મ્યુનિસિપલ કમિશનર (અમિત અરોરા)તો ગેમીંગ ઝોનનાં ઉદ્ઘાટનમાં ગયા હતા. તેના ફોટો વાઇરલ થયા છે. તેમાં કલેક્ટર પણ હતા. શું મ્યુનિસિપલ કમિશનરને આ ગેમ ઝોનના સ્ટ્રક્ચર વિશે ખ્યાલ ના આવ્યો. તેમણે શા માટે એલર્ટ ના કર્યા. તેઓએ શું આંખો મિંચી દીધી હતી. તેની તપાસ થવી જરૂરી હતી. બીજી બાજુ રાજ્ય સરકારના ફેક્ટ ફાઇન્ડીંગ રિપોર્ટને ટાંકતા એડવોકેટ જનરલ કમલ ત્રિવેદી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, આ તેમની પરિવાર સાથેની અંગત મુલાકાત હતી. આ દરમિયાન અદાલતે કહ્યું હતું કે, આ કોઇ નાનો બનાવ નહોતો. તેઓ પોતાને નિર્દોષ સાબીત કરી શકે નહી. તેઓએ જયોર મુલાકાત લીધી ત્યારે સંપુર્ણ માળખું તૈયાર હતું. આ એક સૌથી કમનસીબ બનાવ હતો અને વહીટવટીતંત્ર ઉપર મોટા ધબ્બા સમાન છે. આ એક ખુબ જ દુખદ બાબત છે ત્યારે કમિટી તેમને શીરપાવ આપવાનો પ્રયત્ન કરે છે. કમિટીના સભ્યો પણ અધિકારીઓ જ છે અને તેઓ પોતાના અધિકારીઓને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ અધિકારીઓ (મ્યુનિસિપલ કમિશનર)ને કોઇ પસ્તાવાનો ભાવ જ નથી, માફી માગવા પણ ઇચ્છુક નથી અને પોતાની જ બાબતને વ્યાજબી ઠેરવવાનો પ્રયાસ કરે છે. જો તેઓએ કાળજી રાખી હોત તો બનાવ અટકાવી શકાયો હોત. તેઓએ પોતાની વ્યક્તિગત રીતે એફિડેવીટ ફાઇલ કરવી જોઇએ. જો તમારાથી કંઇ ખોટું થયું હોત તો તમને દોષનો ભાવ થવો જોઇએ. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, ટીઆરપી ગેમ ઝોનનું માળખું એક દિવસ કે થોડા મહિના નહી પરંતુ પુરા બે મહિના સુધી ઉભુ રહ્યું હતું. આવા કોઇ એકાદ બે બનાવ નથી. સમગ્ર રાજ્યમાં કયાંકને ક્યાંક કાયદાનો ભંગ થઇ રહ્યો છે અને તે અવારનવાર છે. અંતે હાઇકોર્ટે આ કેસની સુનાવણી આગામી તા.૧૮ના રોજ રાખી હતી. તે દરમિયાન રાજયના તમામ આઠ મહાનગરપાલિકામાં ફાયર ડીપાર્ટમેન્ટની ખાલી જગ્યાઓ અને માળખા બાબતે એફિડેવીટ કરવા તેમજ રાજયમાં શાળાઓમાં ફાયર સેફટી બાબતના નિયમોનું પાલન થયું છે કે કેમ તે બાબતનો અહેવાલ રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# રાજ્યમાં પોલીસ તંત્રમાં ૧.૨૪ લાખ જગ્યાઓ ખાલી, ૩૩,૩૮૫ જગ્યાઓ પર બે વર્ષમાં ભરતી થશે : સરકારની હાઈકોર્ટમાં રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

રાજ્ય સરકાર દ્વારા આજે ગુજરાત હાઇકોર્ટને ખાતરી આપવામાં આવી હતી કે રાજ્યના પોલીસ વિભાગમાં ૩૧ જુલાઇ, ૨૦૨૪ની સ્થિતીએ કુલ મળીને ૧,૨૮,૪૪૮ જગ્યાઓ ખાલી છે અને તે આગામી સમયગાળામાં ભરતી પ્રક્રિયા દ્વારા ભરી દેવામાં આવે. સરકાર દ્વારા દસ વર્ષના ભરતી પ્લાનનું આયોજન કરવામાં આવ્યું છે. તે પૈકી ૩૩૩૮૫ જગ્યાઓ પૈકી ૨૫૬૬૦ જગ્યાઓ સીધી ભરતી દ્વારા જ્યારે ૭૭૨૫ જગ્યાઓ ડિસેમ્બર મહિના સુધીમાં બઢતીના માધ્યમથી ભરી દેવામાં આવશે. બીજી બાજુ હાઇકોર્ટ દ્વારા આ બાબતે રાજ્ય સરકારને આદેશો આપવામાં આવ્યા હતા તે આ મુજબ છે. એક તો રાજ્ય સરકારે પોલીસ ભરતી બોર્ડની યોગ્ય રચના એક સપ્તાહની અંદર કરવાની રહેશે, પોલીસ ભરતીના નિયમોમાં સુધારાની પ્રક્રિયા તાત્કાલિક ધોરણે કરવાની રહેશે. પોલીસ ભરતી બાબતનું વાર્ષિક કેલેન્ડર બનાવવાનું રહેશે. હાલની જે જગ્યાઓ ખાલી છે તે ભરતી માટેની ટાઇમલાઇન અને તેની પ્રક્રિયાની માહિતી આપવાની રહેશે. વધુમાં રાજ્યમાં પોલીસ માટે માત્ર ચાર તાલિમ શાળાઓ છે અને તે પૂરતી ના હોય તો તેના અપગ્રેડ કે નવી તૈયાર કરવા બાબતે શું આયોજન છે તેની માહિતી ગૃહ વિભાગના સચિવ પાસેથી માગવામાં આવી છે. આ કેસની વિગતો મુજબ સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો કે દરેક રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતીની જાળવણી માટે પુરતો પોલીસ ફોર્સ હોવો જોઇએ. આ બાબતે દરેક રાજ્યની હાઇકોર્ટને ઘટતી કાર્યવાહી કરવા અથવા તો સરકાર સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવાનો આદેશ હતો. તેના અનુસંધાને હાઇકોર્ટમાં આ મેટર સુઓમોટો લેવામાં આવી છે. તેમાં અગાઉ ચીફ જસ્ટીસની ખંડપીઠ દ્વારા ભરતીની સંખ્યા, પોલીસ ભરતી બોર્ડ, ભરતી નિયમો સહિતની વિગતો માંગવામાં આવી હતી. તે આજે સરકારી વકીલ દ્વારા એફિડેવીટના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. સરકાર દ્વારા કરાયેલી રજૂઆત મુજબ રાજ્યના પોલીસ દળમાં તમામ કેડરમાં ૩૧ જુલાઇની સ્થિતીએ ૧૨૮૪૪૮ જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ આગામી બે વર્ષમાં ડાયરેક્ટ, સેમી ડાયરેક્ટ અથવા પ્રમોશનના માધ્યમથી ભરવામાં આવશે. તે કાર્યવાહી બે વર્ષની અંદર એટલે કે સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ બાબતે રાજ્ય સરકાર દ્વારા દસ વર્ષનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ ૩૩૩૮૫ જગ્યાઓ છે તે પૈકી ૨૫૬૬૦ સીધી ભરતીથી અને ૭૭૨૫ પ્રમોશનથી ભરવામાં આવશે. કુલ ૩૩૩૮૫ જગ્યાઓ પૈકી ૧૧૩૭૭ જેટલી જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે અને તે સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી એટલે કે એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે જ્યારે બાકીની ૧૪૨૩૮ જગ્યાઓ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં ભરવામાં આવશે. આ કેસની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટીસ દ્વારા સરકારી વકીલને ટકોર કરાઇ હતી કે ખાલી આંકડાઓ નહી પરંતુ તમે શું પ્રક્રિયા કરવાનો છો અને કેટલા સમયમાં કરવાના છો તેની સમયમર્યાદા આપવાની રહેશે. નહિ તો જગ્યાઓ વધતી રહેશે અને ઠેરની ઠેર સ્થિતી રહેશે. આ જવાબદારી તમારી છે અને તમારે જ પૂર્ણ કરવાની છે. આ સુનાવણી સુપ્રીમ કોર્ટના આદેશથી થઇ રહી છે અને અત્યાર સુધી અમે ધિરજ રાખી છે નહી તો રાજ્ય સરકાર સામે અદાલતના તિરસ્કારની નોટીસ કાઢી શક્યા હોત. તમે હળવાશથી મુદ્દાઓ લઇને જવાબ રજૂ ના કરો. તમે જાણો જ છો કે અત્યાર સુધી તમે કેમ બેસી રહ્યા છો. ગુજરાત હાઇકોર્ટ તરફથી હાજર રહેલા વકીલ દ્વારા રજૂઆત કરાઇ હતી કે, રાજ્યમાં માત્ર ચાર પોલીસ તાલિમ શાળાઓ છે. તેમાં માળખાકીય સુવિધાઓનો અભાવ છે તેને અપગ્રેડ કરવી કે નવી સંસ્થા ખોલની જરૂરી છે. તેની કેપેસીટી વધારવી જરૂરી છે. આ બાબતે હાઇકોર્ટે ટકોર કરી હતી કે આ બાબતે અધિકારીઓએ મિટીંગ કરીને ઘટતી કાર્યવાહી કરવી પડે. જો ભરતી જ નહી કરો તો તાલિમ શાળાની જરૂરિયાત બાબતે અંદાજ નહી આવે. દર વખતે હાઇકોર્ટ કે વકીલે સૂચનો કરવા કરતા અધિકારીઓએ જ વિચાર કરીને સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઇએ. તેઓએ હાઇલેવલ મિટીંગ કરવી જોઇએ.

# વકફ એક્ટમાં સંશોધન અંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના મંતવ્ય

### વકફ એમેન્ડમેન્ટ બિલ અંગે મુબારક પટેલનો વિરોધ

## રાજકીય લાભ લેવાના આશયથી સરકારનો વકફ એક્ટમાં સંશોધનના નામે ફેરફાર કરવાનો હેતુ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

વકફ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૪ અંગે વડોદરાના જિલ્લા પંચાયતના વિપક્ષ નેતા મુબારક પટેલ એડવોકેટે વિરોધ નોંધાવ્યો છે. મુબારક પટેલે જણાવ્યું હતું કે, વકફ એક્ટમાં સંશોધનનું નામ આપી કેન્દ્ર સરકાર સુધારો કરવા માંગે છે. પરંતુ વકફ અધિનિયમ-૧૯૯૫ની કલમ-૧થી કલમ-૧૧૩ સુધીની જોગવાઈઓ કરવામાં આવેલ છે. જે જોગવાઈઓમાં વકફની મિલકતોનું સંચાલન કેવી રીતે કરવું તેની સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. વકફ સંબંધિત તકરારોનો નિર્ણય કરવાની ટ્રિબ્યુનલને સત્તાઓ આપવામાં આવી છે તથા વકફની મિલકતોની નોંધણી બાબતની જોગવાઈઓ કરવામાં આવી



છે. તદ્ઉપરાંત વકફ મિલકત પેટા નિયમો-૨૦૧૪માં ૨૬ નિયમો બનાવવામાં આવેલ છે અને તે મુજબ વકફની મિલકતોનું ખૂબ જ સારી રીતે, વર્ષોથી સંચાલન થતું આવેલ છે. પરંતુ હાલની વર્તમાન પરિસ્થિતિમાં માત્ર અને માત્ર રાજકીય લાભ લેવાના આશયથી જ વર્તમાન સરકાર વકફ એક્ટમાં સંશોધનનું નામ આપી જે ફેરફાર કરવા માંગે છે તે વકફ અધિનિયમ -૧૯૯૫માં જે જોગવાઈઓ કરવામાં આવેલ છે અને વકફ મિલકતો પેટા નિયમો-૨૦૨૪માં જે નિયમો ઘડવામાં આવેલ છે. તેનાથી વિરૂદ્ધની વિગતો ઊભી કરી વકફ એક્ટમાં સુધારો કરવા માંગે છે. જો તેમ થશે તો કાયદાથી મળેલ સત્તાઓ અને અત્યાર સુધી ખૂબ જ સારી રીતે વકફની મિલકતોનું સંચાલન થઈ રહેલ છે તેમાં વિક્ષેપો ઊભા થશે અને કાયદાકીય કેટલાક ટેકનિકલ પ્રશ્નો પણ ઉપસ્થિત થશે તેવું કેન્દ્ર સરકાર જાણે છે તેમ છતાં ખેડૂતો, નાના વેપારીઓ, નોકરીયાત વર્ગ, ગરીબ વર્ગ તથા મધ્યમ વર્ગના નાગરિકો, વિદ્યાર્થીઓ વગેરેના પડતર પ્રશ્નો ભૂલાવવાના એકમાત્ર આશયથી જ હાલમાં ખોટી રીતે વકફ એક્ટમાં સંશોધનનું નામ આપી ખોટી રીતે કેન્દ્ર સરકાર વકફ અધિનિયમમાં ફેરફાર કરવા માંગે છે.

### એડવોકેટ ગુલાબખાનની બિલને રદ્દ કરવાની માંગ

## કેન્દ્ર સરકાર દ્વારા લવાયેલ સુધારા બિલની કલમો વકફ માટે નુકસાનકારક

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૭

કેન્દ્ર સરકાર દ્વારા વકફ એક્ટમાં લાવવામાં આવેલ સંશોધન અંગે ગુજરાત બાર કાઉન્સિલના એડવોકેટ ગુલાબખાન પઠાણે વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે, વકફ એમેન્ડમેન્ટ બિલમાં જે કલમો છે તે બધી જ કલમો વકફ માટે નુકસાનકારક છે. આ સેક્શન વકફના હિત માટે નથી. બધા સેક્શન વકફ વિરૂદ્ધ છે તે સેકશન સરકારને સમર્થન કરે છે. જેથી વકફ એક્ટ સુધારાનો અમે સખત વિરોધ કરી રહ્યા છે. વકફ બોર્ડ પાસે વધારે મિલકત હોવાની ચર્ચા અંગે ગુલાબખાને જણાવ્યું કે, પહેલા રેલવે બાદ સૌથી વધારે મિલકત વકફ પાસે હતી પણ હવે એવું કંઈ



નથી. મોટાભાગની મિલકતો સરકારે હાયર કરી લીધી છે. વકફની પાસે હવે ઓછી મિલકત છે જે વકફની પાસે જ રહેવી જોઈએ. ગુજરાત વકફ ટ્રિબ્યુનલમાં બિનમુસ્લિમોની નિમણૂક અંગે તેઓએ કહ્યું કે, સરકાર પ્રજાને સારી ઓળખ બતાવવા આવું કરી રહી છે. બિનમુસ્લિમોની નિમણૂક ન થવી જોઈએ. તેમજ આ બિલને રદ કરવું જોઈએ.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS